૨૦૩ વર્ષ

દૈનિક સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 80 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ચૈત્ર સુદ-૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 5 April 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 *

શનિવાર, ૫ એપ્રિલ ૨૦૨૫ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | વીક એન્ડ પૂર્તિ ૫ ૬ ૭ ૮ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# છ દેશોમાં ભારતની યુપીઆઈ પેમેન્ટ સિસ્ટમ લાગુ કરવાની મોદીની ઑફર

## ભારતે ૨૧ મુદ્દાનો એક્શન પ્લાન રજૂ કર્યો




**સંગઠન:** ભારત ઉપરાંત બાંગ્લાદેશ, ભુતાન, મ્યાનમાર, નેપાળ, શ્રીલંકા અને થાઈલૅન્ડનો સમાવેશ કરતા સાત દેશના સંગઠન 'બીઆઇએમએસટીઇસી'ની થાઈલૅન્ડના બૅંગકોકમાં યોજાયેલી બેઠક વખતે નેપાળના વડા પ્રધાન કે. પી. શર્મા ઓલી, બાંગ્લાદેશના મુખ્ય વહીવટકાર મહંમદ યુનુસ, થાઈલૅન્ડનાં વડાં પ્રધાન પાએટોન્ગટારન શિનાવત્રા, ભુતાનના વડા પ્રધાન દાશો ત્શેરિંગ તોબગે, મ્યાનમારના લશ્કરી વડા જનરલ મીન આંગ હલાઇંગ અને શ્રીલંકાનાં વડાં પ્રધાન હરિણી અમરસૂર્યાની સાથે સામૂહિક ફોટો પડાવતા ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (પીટીઆઇ)

બેંગકોક: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત ઉપરાંત બાંગ્લાદેશ, ભુતાન, મ્યાનમાર, નેપાળ, શ્રીલંકા અને થાઇલૅન્ડનો સમાવેશ કરતા સાત દેશના સંગઠન 'બીઆઇએમએસટીઇસી'માં વેપાર, વાણિજ્ય અને પર્યટનને વેગ મળે, તે માટે ભારતની યુનિફાઇડ પેમેન્ટ ઇન્ટરફેસ (યુપીઆઇ) સિસ્ટમ્સનો લાભ આ પાડોશી દેશોને આપવાની ઑફર કરી હતી.

મોદીએ સાત દેશના સંગઠન 'બીઆઇએમએસટીઇસી'ની અહીં યોજાયેલી બેઠકને સંબોધી હતી અને 'બીઆઇએમએસટીઇસી ચેમ્બર ઑફ કોમર્સ' ઊભું કરવાની દરખાસ્ત પણ રજૂ કરી હતી.

ભારતે સાત દેશના આ સંગઠન સમક્ષ ૨૧ મુદ્દાનો એક્શન પ્લાન રજૂ કર્યો હતો.

મોદીએ પાડોશી છ દેશના ૩૦૦ યુવાનને દર વર્ષે ભારતમાં ખાસ ક્ષેત્રે તાલીમ આપવાની ઑફર કરી હતી.

વડા પ્રધાને જણાવ્યું હતું કે સાત દેશના સંગઠન 'બીઆઇએમએસટીઇસી'માં આપસના સંબંધ વધુ દૃઢ બનાવીને વિકાસ કરવાની અને સમૃદ્ધ બનવાની ક્ષમતા છે. આપણે એકબીજાની પાસેથી ઘણું શીખી શકીએ છીએ.

તેમણે જણાવ્યું હતું કે માહિતી તંત્રજ્ઞાન (ઇન્ફોર્મેશન ટૅક્નોલૉજી) અને ડિજિટલ ક્ષેત્રે વિકાસ કરીને ઝડપી પ્રગતિ કરી શકાશે. સાત દેશની વચ્ચે આપસમાં થતાં વેપારને સરળ બનાવીને પ્રોત્સાહન આપવા માટે સ્થાનિક ચલણમાં વેપાર કરવો બહુ જરૂરી છે.

મોદીએ મ્યાનમાર અને થાઇલૅન્ડમાં આવેલા ધરતીકંપ અને તેને લીધે જાનમાલને થયેલા નુકસાન અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું.

સાત દેશના સંગઠન 'બીઆઇએમએસટીઇસી'ની ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઑથોરિટીઝની ચોથી સંયુક્ત કવાયત આ વર્ષે ભારતમાં યોજાવાની છે. આ વખતે આ સંગઠનનો યજમાન દેશ થાઇલૅન્ડ છે.

મોદીએ ભારતમાં દરિયાઇ પરિવહન કેન્દ્ર શરૂ કરવાની દરખાસ્ત પણ રજૂ કરી હતી.

ભારતે સંગઠનના નાના ઉપગ્રહો તૈયાર કરીને ભ્રમણકક્ષામાં મૂકવાની ઑફર પણ કરી હતી.

ભારતે સંગઠનના સભ્ય દેશોના યુવાનોને ફોરેસ્ટ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયા અને નાલંદા યુનિવર્સિટી ખાતે ભણવા શિષ્યવૃત્તિ આપવાની તેમ જ ટાટા મેમોરિયલ સેન્ટરના સહકારમાં કેન્સરના દરદીઓની સંભાળ માટે તાલીમ આપવાની, પરંપરાગત લોકનૃત્ય અને લોકસંગીતને પ્રોત્સાહન આપવા માટેનાં પગલાં લેવાની અને ૨૦૨૭માં રમતોત્સવ યોજવાની તૈયારી દર્શાવી હતી. (એજન્સી)

# બહુમુખી પ્રતિભા ધરાવનારા મનોજ (ભારત) કુમારનું અવસાન



અભિનેતા, નિર્માતા-દિગ્દર્શક, ગીતકાર, પટકથા લેખક, એડિટર, રાજકારણી તરીકે લોકપ્રિય

મુંબઈ: વરિષ્ઠ ફિલ્મ અભિનેતા, નિર્માતા, દિગ્દર્શક મનોજ (ભારત)કુમારનું શુક્રવારે મુંબઈની હોસ્પિટલમાં દુઃખદ નિધન થયું હતું, તેઓ ૮૭ વર્ષના હતા.

શહીદ, ઉપકાર, પુરબ ઓર પશ્ચિમ, ક્રાંતિ જેવી દેશભક્તિની શ્રેણીબદ્ધ ફિલ્મો આપનાર મનોજકુમાર (ભારતકુમાર) તરીકે પણ જાણીતા હતા.

૬૦ના દાયકાના અંતિમ ચરણમાં અને ૭૦ના દાયકામાં મનોજકુમારની ફિલ્મોએ બોક્સ ઓફિસ પર શાસન કર્યું હતું.

મનોજકુમાર છેલ્લા કેટલાક સમયથી બીમાર હતા. વય સંબંધિત બીમારીને કારણે તેમનું મુંબઈસ્થિત કોકીલાબેન અંબાણી હોસ્ટિપલ ખાતે શુક્રવારે વહેલી સવારે ૩.૩૦ વાગે અવસાન થયું હોવાનું તેમના પારિવારિક મિત્ર અને ફિલ્મમેકર અશોક પંડિતે સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં કહ્યું હતું.

હોસ્પિટલના સીઈઓ અને એક્ઝિક્યૂટિવ ડિરેક્ટર ડૉ. સંતોષ શેટ્ટીએ કહ્યું હતું કે મનોજકુમાર છેલ્લાં કેટલાંક અઠવાડિયાથી સારવાર લઈ રહ્યા હતા. પિતા વિવિધ બીમારીઓનો સામનો કરી રહ્યા હતા અને છેલ્લાં કેટલાંક વર્ષથી તેઓ પથારીવશ હતા, એમ તેમના પુત્ર કુણાલે કહ્યું હતું.

વર્ષ ૧૯૫૭માં આવેલી 'ફેશન' ફિલ્મમાં મનોજકુમાર સૌપ્રથમવાર દેખાયા હતા. જોકે, ત્રણ વર્ષ બાદ ૧૯૬૦માં આવેલી 'કાંચ કી ગુડિયા' નામની ફિલ્મથી તેમને ઓળખ મળી હતી. વર્ષ ૧૯૯૫માં આવેલી 'મૈદાને જંગ' તેમની છેલ્લી ફિલ્મ હતી.

વર્ષ ૨૦૧૫માં દાદાસાહેબ ફાળકે એવૉર્ડ મેળવનાર મનોજકુમાર તેમની 'દો બદન', 'હરિયાલી ઓર રાસ્તા' અને 'ગુમનામ' જેવી ફિલ્મોથી જાણીતા બન્યા હતા.

વર્ષ ૧૯૯૨માં તેમને પદ્મશ્રીથી પણ નવાજવામાં આવ્યા હતા.

વર્ષ ૧૯૩૭માં અવિભાજિત ભારતમાં પાકિસ્તાનના અબોટાબાદ શહેરમાં પંજાબી હિન્દુ પરિવારમાં હરિક્રિષ્ન ગીરી ગોસ્વામી તરીકે તેમનો જન્મ થયો હતો. બાદમાં તેમનો પરિવાર દિલ્હી આવી ગયો હતો અને ફિલ્મોમાં કારકિર્દી બનાવવા મુંબઈ શિફ્ટ થવા અગાઉ તેમણે દિલ્હી યુનિવર્સિટીની હિન્દુ કોલેજમાંથી સ્નાતકની ડિગ્રી મેળવી હતી.

વર્ષ ૨૦૨૧માં સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં મનોજકુમારે કહ્યું હતું કે વર્ષ ૧૯૪૯માં રિલીઝ થયેલી 'શબનમ' ફિલ્મમાં દિલીપકુમારે ભજવેલી 'મનોજ' નામના પાત્રની ભૂમિકાના પ્રેમમાં હું પડી ગયો હતો અને મેં મારું નામ બદલીને મનોજકુમાર રાખવાનો નિર્ણય લીધો હતો. તે સમયે મારી ઉંમર ૧૧ વર્ષની હતી અને ત્યારે જ મેં નક્કી કરી લીધું હતું કે જો ભવિષ્યમાં હું અભિનેતા બનીશ તો મારું નામ મનોજકુમાર રાખીશ. દિલીપકુમારને કારણે જ હું હિન્દી ફિલ્મોના પ્રેમમાં પડ્યો હતો, એમ તેમણે કહ્યું હતું.

વર્ષ ૧૯૬૨માં આવેલી વિજય ભટ્ટની 'હરિયાલી ઓર રાસ્તા' મનોજકુમારની પ્રથમ સફળ ફિલ્મ હતી. ત્યાર બાદ તેમણે 'વો કૌન થી', 'શહીદ' જેવી અનેક હિટ ફિલ્મો આપી હતી.

તત્કાલીન વડા પ્રધાન લાલબહાદુર શાસ્ત્રી સાથે કરેલી વાતચીતે મનોજકુમારને 'જય જવાન, જય કિસાન' સૂત્રને ધ્યાનમાં રાખીને 'ઉપકાર' ફિલ્મ બનાવવાની પ્રેરણા આપી હતી. આ ફિલ્મનું 'મેરે દેશ કી ધરતી' ગીત સુપરહિટ થયું હતું અને સંગીતપ્રેમીઓમાં આજે પણ એ ગીત એટલું જ લોકપ્રિય છે.

મનોજકુમારે 'હિમાલય કી ગોદમેં', 'સાવન કી ઘટા', 'રોટી, કપડાં ઔર મકાન', 'પથ્થર કે સનમ' અને 'ગુમનામ' જેવી થ્રિલર ફિલ્મમાં અગ્રણી ભૂમિકા ભજવી હતી. આ તમામ ફિલ્મ બ્લોકબસ્ટર પુરવાર થઈ હતી. વર્ષ ૧૯૭૦માં તેમણે પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિ વચ્ચેના અંતરને આલેખતી 'પુરબ ઔર પશ્ચિમ' ફિલ્મ બનાવી હતી.

મનોજકુમારે હિટ ફિલ્મો તો આપી જ હતી સાથે સાથે તેમની ફિલ્મોનાં ગીતો પણ લોકપ્રિયતા મેળવતાં હતાં, તેમાં 'તૌબા યે મતવાલી ચાલ', 'મહેબુબ મેરે, મહેબુબ મેરે', 'ચાંદસી મહેબુબા હો મેરી', 'એક પ્યાર કા નગમા હૈ' અને 'પથ્થર કે સનમ' જેવાં હિટ ગીતોનો સમાવેશ થાય છે.

વર્ષ ૧૯૬૭માં ફિલ્મ નિર્દેશક તરીકે તેમણે 'ઉપકાર' ફિલ્મ બનાવી હતી અને તેમાં તેમણે અગ્રણી ભૂમિકા ભજવી હતી. 'ઉપકાર' ફિલ્મ માટે મનોજકુમારે નેશનલ એવૉર્ડ મેળવ્યો હતો.

દેશભક્તિની ફિલ્મો અને દેશભક્તિનાં ગીતો માટે મનોજકુમાર હંમેશાં લોકોનાં હૃદયમાં અમર રહેશે. (એજન્સી)

# અમેરિકાની ચૂંટણી અંગેના ટ્રમ્પના આદેશને ૧૯ રાજ્યે કોર્ટમાં પડકાર્યો

વૉશિંગ્ટન: અમેરિકામાંની ચૂંટણીપ્રક્રિયા અને મતદાનને લગતા સુધારા કરવા પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે તાજેતરમાં આપેલા આદેશને ૧૯ રાજ્યમાંના ડેમોક્રેટિક અધિકારીઓએ અદાલતમાં પડકાર્યો હતો.

તેઓએ ટ્રમ્પના સંબંધિત આદેશને ગેરબંધારણીય અને રાજ્યોની ચૂંટણીને લગતી કામગીરીમાં બિનજરૂરી દખલ આપતો ગણાવ્યો હતો.

ટ્રમ્પે એક અઠવાડિયા પહેલાં આપેલા સંબંધિત આદેશને પડકારતો આ કેસ દેશના પ્રમુખ સામેનો આ પ્રકારનો ચોથો કેસ છે.

ટ્રમ્પે ચૂંટણી પ્રક્રિયામાં સુધારા કરવા આપેલા આદેશમાં મતદારોને મતદાર તરીકે નોંધણી કરાવતી વખતે નાગરિકત્વના દસ્તાવેજી પુરાવા આપવા અને ટપાલ (મેલ) દ્વારા કરાતા બધા મતદાનના મતપત્રો ચૂંટણીના દિવસે જ મળી જાય એવી વ્યવસ્થા કરવાની જોગવાઇનો સમાવેશ થાય છે.

રાજ્યોના એટર્ની જનરલે ટ્રમ્પના સંબંધિત આદેશ સામે કેસ કરવા અદાલતમાં જમા કરાવેલા દસ્તાવેજોમાં જણાવ્યું હતું કે ટ્રમ્પે ચૂંટણી સંદર્ભે આપેલો હુકમ ગેરબંધારણીય, બિનલોકતાંત્રિક અને અમેરિકાના આદર્શ-સિદ્ધાંતની વિરુદ્ધ છે. પ્રમુખને આવો આદેશ આપવાની કોઇ સત્તા નથી.

ટ્રમ્પે ચૂંટણીપ્રક્રિયામાં સુધારા કરતા આદેશમાં જણાવ્યું હતું કે અમેરિકા યોગ્ય સુરક્ષા સાથેની ચૂંટણીપ્રક્રિયા યોજવામાં નિષ્ફળ ગયું છે.

દરમિયાન, ચૂંટણી અધિકારીઓએ દાવો કર્યો હતો કે અમેરિકામાં તાજેતરમાં યોજાયેલી ચૂંટણી દેશના ઇતિહાસમાંની સૌથી વધુ સુરક્ષિત હતી.

મતદાનમાં કોઇ વ્યાપક છેતરપિંડીના અહેવાલ નથી. (એજન્સી)



**પવિત્રસ્નાન:** બિહારના પટણામાં છઠ્ઠ પૂજાના અંતિમ દિવસે ગંગા નદીમાં પવિત્રસ્નાન કરવા ભેગા થયેલા લોકો. (પીટીઆઇ)

# ગાઝાની શાળા પર ઇઝરાયલી હુમલામાં ૨૭નાં મોત

દૈર-અલ-બલાહ: ગાઝામાં વિશ્વભરના તમામ પ્રયાસો છતાં સ્થિતિમાં સુધારો દેખાતો નથી. ગુરુવારે ઇઝરાયલના હુમલામાં લગભગ ૧૦૦ પેલેસ્ટિનિયનોના મોત થયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જેમાં ઉત્તરમાં એક શાળામાં આશ્રય લેનારા ૨૭ કે તેથી વધુ લોકોનો સમાવેશ થાય છે. આ જાણકારી પેલેસ્ટિનિયન તબીબી અધિકારીઓએ આપી હતી.ઇઝરાયલી સેનાએ દાવો કર્યો કે આ હુમલાનો હેતુ હમાસ પર નવું દબાણ લાવવાનો અને આતંકવાદી સમૂહને હાંકી કાઢવાનો હતો. આરોગ્ય મંત્રાલયના પ્રવક્તા ઝહીર અલ-વાહિદીએ જણાવ્યું કે ગાઝા શહેરના તુફાહસ્થિત એક શાળામાંથી ૧૪ બાળકો અને પાંચ મહિલાઓના મૃતદેહ મળી આવ્યા છે. મૃત્યુઆંક હજુ પણ વધવાની સંભાવના છે. કારણ કે ૭૦ ઘાયલોમાંથી કેટલાકને ગંભીર ઇજાઓ થઇ છે. તેમણે હોસ્પિટલના રેકોર્ડને ટાંકીને જણાવ્યું કે શિજૈયા વિસ્તારમાં ઘરો પર થયેલા હુમલામાં ૩૦થી વધુ ગાઝા રહેવાસીઓ માર્યા ગયા હતા.

આ હુમલા બાદ ઇઝરાયલી સેનાએ જણાવ્યું કે તેના ફાઇટર પ્લેન્સે ગાઝા સિટી વિસ્તારમાં મોટાભાગના હમાસ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર પર હુમલા કર્યા છે.

# સંભલની મસ્જિદમાં હવનનો પ્રયાસ કરનાર ત્રણની અટક

સંભલ: અહીંની શાહી જામા મસ્જિદમાં હવન અને પૂજા સહિતની હિંદુ ધાર્મિક વિધિઓ કરવાનો પ્રયાસ કરવા બદલ પોલીસે શુક્રવારે દિલ્હીના ત્રણ લોકોની અટકાયત કરી હતી, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

એસપી કૃષ્ણ કુમાર બિશ્નોઈએ અટકાયતની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, ''ત્રણ વ્યક્તિ એક કાર દ્વારા આવ્યા હતા અને વિવાદિત સ્થળની નજીકથી એમને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. તેઓને પોલીસ સ્ટેશન મોકલવામાં આવ્યા છે, અને જાહેર વ્યવસ્થામાં ખલેલ પહોંચાડવા બદલ તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. તેમને ભવિષ્યમાં સંભલમાં પ્રવેશ ન કરવાની ચેતવણી પણ આપવામાં આવશે.''અટકાયત કરાયેલા માણસોમાંથી એક સનાતન સિંહે દાવો કર્યો હતો કે, ''અમે વિષ્ણુ હરિહર મંદિરમાં હવન અને યજ્ઞ કરવા આવ્યા હતા, પરંતુ પોલીસે અમારી ધરપકડ કરી હતી. જો ત્યાં નમાઝ અદા થઈ શકે છે, તો અમે પૂજા કેમ ન કરી શકીએ?''



એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# દેશપ્રેમની ફિલ્મોના ટ્રેન્ડ સેટર મનોજ કુમાર કદી નહીં ભુલાય

**હિન્દી** ફિલ્મોના દિગ્ગજ એક્ટર અને દેશપ્રેમની ફિલ્મો બનાવીને ભારત કુમારનું બિરુદ હાંસલ કરનારા મનોજ કુમારનું શુક્રવારે ૮૭ વર્ષની વયે અવસાન થયું છે. લાંબા સમયથી બીમાર મનોજ કુમાર વરસોથી ફિલ્મ જગતથી દૂર હતા તેથી નવી પેઢી તેમનાથી બહુ પરિચિત નથી પણ એક જમાનામાં મનોજ કુમારની ગણના દેશના ટોચના અભિનેતાઓમાં થતી.

મનોજ કુમારને કદી જ્યુબિલ કુમાર રાજેન્દ્ર કુમાર જેવી સફળતા ના મળી કે અમિતાભ બચ્ચન કે રાજેશ ખન્નાની જેમ સુપરસ્ટારનું બિરુદ પણ ન મળ્યું પણ હિન્દી ફિલ્મ જગતમાં તેમણે પોતાનું એક આગવું સ્થાન ઊભું કર્યું હતું તેમાં કોઈ શક નથી. શહીદ, ઉપકાર, પૂરબ ઓર પશ્ચિમ, રોટી. કપડા ઔર મકાન, ક્રાંતિ વગેરે દેશપ્રેમની ફિલ્મો દ્વારા ભારતીય સિનેમામાં ‘ભારત કુમાર’ તરીકે જાણીતા મનોજ કુમારે હિન્દી સિનેમામાં દેશપ્રેમની ફિલ્મો બનાવવાનો ટ્રેન્ડ શરૂ કરેલો.

મનોજ કુમારના આગમન પહેલાં બનતી દેશપ્રેમની મોટા ભાગની ફિલ્મો આઝાદીની લડાઈ પર આધારિત હતી. મનોજ કુમારે આઝાદ ભારત અને આધુનિક ભારતને રજૂ કરીને દેશપ્રેમની વ્યાખ્યા બદલી હતી. દેશની આઝાદી માટે લડવું જ દેશપ્રેમ નથી પણ દેશને સમૃદ્ધ બનાવવા માટે યોગદાન આપવું એ પણ દેશપ્રેમ છે એ વિચારને મનોજ કુમારે લોકો સામે સફળતાપૂર્વક રજૂ કર્યો હતો. મનોજ કુમારે પોતાની દેશપ્રેમની ફિલ્મોના સામાજિક વિચારો સાથે પણ જોડી હતી.

સરહદોનું જતન જ નહીં પણ દેશમાં મૂલ્યોનું જતન, ભારતીયતાનું જતન પણ અત્યંત જરૂરી છે એ વિચારને કેન્દ્રમાં રાખીને મનોજ કુમારે ફિલ્મો સર્જી હતી. લોકોને આ વિચાર ગમેલો ને તેના કારણે મનોજ કુમારની મોટા ભાગની દેશપ્રેમ આધારિત ફિલ્મો સફળ થયેલી.

મનોજ કુમારે ટેલેન્ટેડ પણ મોહમ્મદ રફીના છાયામાં જ રહી ગયેલા મહેન્દ્ર કપૂરને દેશપ્રેમનાં ગીતો દ્વારા નવી ઓળખ આપી એ પણ મહત્ત્વનું યોગદાન છે. મહેન્દ્ર કપૂર મહાન ગાયક હતા તેમાં કોઈ શક નથી પણ રફીના વિકલ્પ તરીકે લેવાતા. મનોજ કુમારે દેશપ્રેમનાં ગીતોને બુલંદ અવાજે ગાવા માટે મહેન્દ્ર કપૂરના અવાજનો ઉપયોગ કરીને તેમને દેશપ્રેમનાં ગીતોના ગાયક તરીકે સ્થાપિત કર્યા. ઉપકાર અને પૂરબ પશ્ચિમ એ બે ફિલ્મોનાં ગીતો દ્વારા મહેન્દ્ર કપૂરને આ નવી ઓળખ મળી. મોટા ભાગના સર્જકોની જેમ મનોજ કુમાર પણ કારકિર્દીનાં પાછલાં વરસોમાં પોતાનો ટચ ખોઈ બેસતાં ઉપરાછાપરી નિષ્ફળ ફિલ્મો આપીને પછી ખોવાઈ ગયા પણ ૧૯૮૦ના દાયકા લગી મનોજ કુમાર સફળ હતા એ સ્વીકારવું પડે.

‘ઉપકાર’ તો મનોજ કુમારની કારકિર્દીમાં શિરમોર છે કેમ કે ‘મેરે દેશ કી ધરતી સોના ઉગલે.’ દેશભક્તિ ગીતોમાં સૌથી ટોપ પર આવે છે. આ ફિલ્મમાં મનોજકુમારનું નામ ભારત હતું તેથી મીડિયાએ મનોજકુમારને ભારત કહેવાનું શરૂ કર્યું અને પછી આ જ નામ પડી ગયું. ઉપકાર ફિલ્મ દરેક રીતે શ્રેષ્ઠ હતી. જય જવાન જય કિસાનના નારાને બુલંદ કરતી આ ફિલ્મનું દરેક ગીત યાદગાર છે. આપણા ગુજરાતી કલ્યાણજી-આણંદજીએ દિલ રેડીને સંગીત આપેલું. મનોજ કુમારની પૂરબ ઔર પશ્ચિમ સહિતની બીજી દેશભક્તિની ફિલ્મોની હાઈલાઈટ પણ તેમનું સંગીત છે. મનોજ કુમારની ક્રાંતિ સુધીની દરેક દેશભક્તિની ફિલ્મનું સંગીત યાદગાર છે એ સ્વીકારવું પડે. ઈન્ટરનેટના જમાનામાં મનોજ કુમારની ફિલ્મોનાં ગીતો સર્ચ કરવાં ને સાંભળવાં સરળ છે. આ ગીતો સાંભળશો તો મનોજ કુમારના યોગદાનનો ખ્યાલ આવશે. મનોજની દેશભક્તિની બધી ફિલ્મો માસ્ટરપીસ નથી પણ ત્રણેક ફિલ્મો તો છે જ ને જોવાય તો એ જોજો.

અમેરિકાએ ઓસામા બિન લાદેનને જ્યાં મારી નાંખ્યા એ અબોટ્ટાબાદમાં જન્મેલા મનોજ કુમારનું મૂળ નામ હરિકૃષ્ણ ગોસ્વામી હતું પણ દિલીપ કુમારના ચાહક હોવાથી શબનમ ફિલ્મમાં દિલીપ કુમારના પાત્રનું નામ મનોજ અપનાવી લીધેલું. મનોજકુમારને ફિલ્મમાં તક અનાયાસ મળી હતી. મનોજ ફિલ્મ સ્ટુડિયોમાં કામની શોધમાં ફરતા હતા ત્યારે ફિલ્મના શૂટિંગમાં વપરાતી લાઈટ અને અન્ય સાધનો લઈ જવાનું કામ તેમને મળ્યું ને પછી આસિસ્ટન્ટ બનેલા, એ દરમિયાન ૧૯૫૭ની ફિલ્મ ‘ફેશન’માં નાનો રોલ મળ્યો, આ રોલમાં મનોજ કુમારે જીવ રેડી દીધેલો તેથી ‘કાંચ કી ગુડિયા’ (૧૯૬૧)માં હીરો બન્યા. આ ફિલ્મ સફળ થઈ પછી મનોજ કુમારે પાછા વળીને ન જોવું પડ્યું..

મનોજ કુમારે દેશપ્રેમ સિવાયની ફિલ્મોમાં પણ બહુ કામ કર્યું અને ચોકલેટી હીરો તરીકે લોકોએ તેમને પસંદ પણ કર્યા. ૧૯૬૦ અને ૧૯૭૦ના દાયકામાં હિન્દી ફિલ્મોમાં અફલાતૂન સંગીતકારોનો જોરદાર ફાલ આવી ગયો. આ સંગીતકારોએ મોટા ભાગની ફિલ્મોમાં યાદગાર સંગીત આપ્યું. નૌશાદ અલી. શંકર-જયકિશન, સચિનદેવ બર્મન, ઓ.પી. નૈયર, રાહુલદેવ બર્મન, કલ્યાણજી-આણંદજી, લક્ષ્મીકાન્ત-પ્યારેલાલ. જયદેવ, ખય્યામ વગેરે સંગીતકારોના સંગીતના કારણે સાવ ફાલતુ કહેવાય એવા હીરોની ફિલ્મો પણ ચાલી જતી. આ ફિલ્મોનાં ગીતો લોકોની જીભે એ વખતે જ નહોતાં ચડ્યાં પણ આજેય સાંભળીએ તો ગમે છે. મનોજ કુમારને તેનો લાભ મળ્યો. મનોજ કુમારે વાર્તામાં દમ ના હોય પણ આલાગ્રાન્ડ સંગીત હોય એવી સંખ્યાબંધ ફિલ્મોમાં કામ કર્યું. તેના કારણે મનોજકુમારના નામે સેંકડો એવાં ગીતો બોલે છે કે જે સાંભળીને આજેય દિલ બાગ બાગ થઈ જાય. એ સંગીતનો યશ સંગીતકારો, ગાયકો, ગીતકારોને વધારે જાય છે પણ પડદા પર મનોજકુમારે આ ગીતોને જીવંત કરેલાં. પથ્થર કે સનમ, શોર, હરિયાલી ઔર રાસ્તા, હનીમૂન, ડો. વિદ્યા, વો કૌન થી, હિમાલય કી ગોદ મેં, ગુમનામ, અનિતા, નીલકમલ, દોબદન, આદમી, સાજન, પહેચાન વગેરે ફિલ્મોનું સંગીત સાંભળવા જેવું છે. મનોજ કુમારે તેમની કારકિર્દીમાં ૧૦૦ કરતાં વધારે ફિલ્મો કરેલી. બધી ચાલી નહોતી પણ વરસમાં એકાદ સારી ફિલ્મ ચાલી જાય એવો સિલસિલો છેક ૧૯૮૦ સુધી ચાલ્યો તેથી મનોજ કુમારની ફિલ્મી કારકિર્દી લગભગ ત્રણ દાયકા જેટલી બહુ લાંબી ચાલી.

હિન્દી ફિલ્મોમાં યોગદાન માટે મનોજ કુમારને ૨૦૧૬માં દાદાસાહેબ ફાળકે એવોર્ડ મળેલો. મનોજ કુમારને દાદાસાહેબ ફાળકે એવોર્ડ અમિતાભ બચ્ચન અને વિનોદ ખન્ના પહેલાં મળી ગયેલો. અમિતાભના કિસ્સામાં તો તેના સમકાલીનો અથવા તો તેમનાથી થોડાક જ સિનિયર કહેવાય એવા અભિનેતાઓ શશિ કપૂર, મનોજ કુમાર અને વિનોદ ખન્નાને વહેલો ફાળકે એવોર્ડ મળેલો.

મનોજ કુમાર, વિનોદ ખન્ના અને શશી કપૂર બચ્ચન કરતાં થોડાક સિનિયર હતા પણ તેમની કારકિર્દી બચ્ચનને સમાંતર ચાલી. બચ્ચન જેવી સફળતા ત્રણમાંથી કોઈને ના મળી અને અભિનયમાં બચ્ચન જેવું કૌવત ત્રણમાંથી કોઈ ના દેખાડી શક્યા છતાં ફાળકે એવોર્ડમાં ત્રણેય બચ્ચન કરતાં આગળ નીકળી ગયા હતા. તેનું કારણ રાજકીય કનેક્શન્સ હતાં. મનોજને પણ ભાજપ કનેક્શનના કારણે એવોર્ડ મળ્યાના આક્ષેપ થયા હતા પણ એ છતાં સ્વીકારવું જોઈએ કે, મનોજ કુમાર આ એવોર્ડ માટે લાયક હતા.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર વસંતઋતુ, શનિવાર, તા. ૫-૪-૨૦૨૫, અષ્ટમી. દુર્ગાષ્ટમી, ભવાની પ્રાગ્ટય

- ભારતીય દ્નિાંક ૧૫, માહે ચૈત્ર, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ચૈત્ર સુદ -૮
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ચૈત્ર, તિથિ સુદ-૮
- પારસી શહેનશાહી રોજ ૨૪મો દીન, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૪મો દીન, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૬મો મેહેર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૬ઠ્ઠો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૭મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- નક્ષત્ર પુનર્વસુ મધ્યરાત્રિ પછી ક. ૨૯-૩૧ સુધી, પછી પુષ્ય
- ચંદ્ર મિથુનમાં રાત્રે ક. ૨૩-૨૪ સુધી, પછી કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ), કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૦, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૧, અમદાવાદ ક. ૧ ૮ મિ. ૫૫, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સાંજે ક. ૧૮-૦૯, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૪૯ (તા. ૬)
- ઓટઃ સવારે ક. ૧૧-૦૪, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૦૨ (તા. ૬)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭,

‘વિશ્વાવસુ’નામ સંવત્સર, ચૈત્ર શુક્લ - અષ્ટમી. દુર્ગાષ્ટમી, ભવાની પ્રાગ્ટય, અશોક કલિકા પ્રાશન રાત્રે ક. ૧૯-૧૭ સુધી, મેલા બાહુ કોર્ટ (કાશ્મીર), અન્નપૂર્ણા પૂજા (બંગાળ), ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૭-૪૫.

- શુભાશુભ દ્નિશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શિવ-પાર્વતી પૂજા, મા દુર્ગા પૂજા, સપ્તસતી પાઠ, હવન, શનિ દેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ વાંચન, ગુરુગ્રહદેવતાનું પૂજન, વાંસ વાવવા, અદિતિ પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, વિદ્યારંભ, ચંદ્રબળ જોઈ પરદેશગમનનું પસ્તાનું, નિત્ય થતાં સ્થાવર લેવડદેવ, પશુ લેવડદેવડના કામકાજ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, દુકાન-વેપાર, પશુ લેવડદેવડના કામકાજ, ઉપવાટિકા બનાવવી,
- આચમનઃ મંગળ-શનિ ત્રિકોણ દૃઢ નિશ્ચયી, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ કુટુંબમાં ક્લેશ, ચંદ્ર-શનિ ત્રિકોણ કરકસરિયા, ચંદ્ર-મંગળ યુતિ અવિચારી, ચંદ્ર-શુક્ર ત્રિકોણ ચોખલિયા, ચંદ્ર-રાહુ ત્રિકોણ કાળજીવાળા, ચંદ્ર-બુધ ત્રિકોણ તીવ્ર બુદ્ધિ.
- ખગોળ જ્યોતિષઃ મંગળ-શનિ ત્રિકોણ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ, ચંદ્ર-શનિ ત્રિકોણ (તા. ૬), ચંદ્ર-મંગળ યુતિ (તા. ૬), ચંદ્ર-શુક્ર ત્રિકોણ (તા. ૬), ચંદ્ર-રાહુ ત્રિકોણ (તા. ૬), ચંદ્ર-બુધ ત્રિકોણ (તા. ૬).
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, માર્ગી મંગળ-કર્ક, વક્રી બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, વક્રી શુક્ર-મીન, માર્ગી શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## કૉંગ્રેસ, ઓવૈસી વક્ફ (સુધારા) બિલ, ૨૦૨૫ સામે સુપ્રીમ કોર્ટમાં

નવી દિલ્હીઃ કૉંગ્રેસના સાંસદ મોહમ્મદ જાવેદ અને એઆઈએમઆઈએમના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ શુક્રવારે વક્ફ (સુધારા) બિલ, ૨૦૨૫ની માન્યતાને સુપ્રીમ કોર્ટમાં પડકારતા કહ્યું હતુ કે તે બંધારણીય જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે.

જાવેદની અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે બિલ વક્ફ મિલકતો અને તેમના સંચાલન પર ‘‘મનસ્વી નિયંત્રણો’’ લાદશે, જે મુસ્લિમ સમુદાયની ધાર્મિક સ્વાયત્તતાને નબળી પાડે છે.

એડવોકેટ અનસ તનવીર દ્વારા દાખલ કરાયેલી અરજીમાં કહેવામાં આવ્યું છે કે સૂચિત કાયદો ‘‘અન્ય ધાર્મિક દાનના શાસનમાં હાજર ન હોય તેવા નિયંત્રણો લાદીને’’ મુસ્લિમ સમુદાય સાથે ભેદભાવ કરે છે.

ઓવૈસીની અરજી એડવોકેટ લઝફીર અહમદે દાખલ કરી હતી.

રાજ્યસભામાં ૧૨૮ સભ્યોએ તેની તરફેણમાં અને ૯૫એ વિરોધમાં મતદાન કરીને બિલ પસાર કર્યું હતું.

બિલ ૩ એપ્રિલની શરૂઆતમાં લોકસભામાં પસાર થયું હતું.

લોકસભામાં ૨૮૮ સભ્યએ બિલને સમર્થન આપ્યું હતું, અને ૨૩૨ સભ્યએ તેની વિરુદ્ધમાં મતદાન કર્યું હતું.

## વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વક્ફ સુધારા ખરડાને સંસદમાં મળેલી બહાલીને વધાવી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદમાં વક્ફ એમેન્ડમેન્ટ ખરડા-૨૦૨૫ને મળેલી મંજૂરીને એમ કહીને વધાવી લીધી હતી કે આ એક અલભ્ય ક્ષણ છે જેણે દેશવાસીઓની સામાજિક-આર્થિક ન્યાય પ્રણાલી, પારદર્શિતા અને સર્વસમાવેશક વિકાસની ઈચ્છા પૂરી કરી છે.

આ ખરડો ખાસ કરીને લાંબા સમયથી હાંસિયામાં ધકેલાઈ ગયેલા, તકથી વંચિત રહેલા અને જેમનો અવાજ રૂંધી દેવામાં આવ્યો હતો તેવા લોકોને મદદરૂપ થશે.

વક્ફ સિસ્ટમમાં દાયકાઓથી પારદર્શિતા અને જવાબદારીનો અભાવ હતો અને એ બાબત મુસ્લિમ મહિલાઓ, ગરીબ મુસ્લિમો અને પાસમંદા મુસ્લિમોના હિતોને નુકસાન પહોંચાડી રહી હતી.

વક્ફ એમેન્ડમેન્ટ ખરડો અને મુસલમાન વક્ફ (રિપિલ) ખરડો બંનેને સંસદમાં મળેલી મંજૂરી અલભ્ય ક્ષણ છે જેણે દેશવાસીઓની સોશિયો-ઈકોનોમિક જસ્ટિસ, પારદર્શિતા અને સર્વસમાવેશક વિકાસની ઈચ્છા પૂરી કરી છે.

આ બિલ લોકોના અધિકારને સુરક્ષિત રાખશે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે ભારત હવે એવા યુગમાં પ્રવેશ કરશે જ્યાં સંપૂર્ણ માળખું વધુ આધુનિક અને સામાજિક ન્યાય માટે સંવેદનશીલ હશે.

પ્રત્યેક દેશવાસીઓનું ગૌરવ જળવાય એ અમારી પ્રાથમિકતા હશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે આ જ રીતે અમે વધુ મજબૂત, સર્વસમાવેશક અને કરુણાસભર ભારતનું નિર્માણ કરીશું.

વક્ફને મુદ્દે સંસદ અને કમિટીની ચર્ચામાં ભાગ લેનાર તમામ સાંસદો તેમ જ સંસદીય કમિટીને અભિપ્રાય મોકલનાર લાખો દેશવાસીઓનો મોદીએ આભાર માન્યો હતો.

લોકસભામાં મંજૂરી આપવામાં આવ્યાના એક દિવસ બાદ વક્ફ બિલને રાજ્યસભામાં પણ મંજૂરી આપી દેવામાં આવી હતી. (એજન્સી)

## ટ્રમ્પે રાષ્ટ્રીય સુરક્ષાના અનેક અધિકારીને પાણીચું આપ્યું

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે વાઇટ હાઉસમાંના રાષ્ટ્રીય સુરક્ષા માટેના અનેક અધિકારીને નોકરીમાંથી કાઢી મૂક્યા હતા.

અગાઉ, જમણેરી કાર્યકર લૌરા લુમરે બુધવારે ઓવલ ઑફિસ ખાતેની મિટિંગમાં ટ્રમ્પને ‘અમેરિકાને ફરી મહાન’ બનાવવા માટે વફાદાર ન હોય એવા સરકારી કર્મચારીઓને નોકરીમાંથી કાઢવા વિનંતિ કરી હતી.

આ બેઠકમાં ઉપપ્રમુખ જે. ડી. વેન્સ, સ્ટાફનાં વડાં સુસી વિલેસ, રાષ્ટ્રીય સુરક્ષાના સલાહકાર માઇક વોલ્ટ્ઝ અને પ્રમુખના કર્મચારીઓને લગતી ઑફિસના ડિરેક્ટર સર્ગેઇઓ ગોર હાજર રહ્યા હતા.

અગાઉ, પ્રમુખના કર્મચારીઓને લગતી ઑફિસે બુધવારે રાષ્ટ્રીય સુરક્ષા સમિતિ (એનએસસી)ના ઓછામાં ઓછા ત્રણ વરિષ્ઠ અધિકારી અને નીચલા દરજ્જાના અનેક અધિકારીને પાણીચું આપ્યું હતું.

લૌરા લુમરે ટ્રમ્પના ચૂંટણીપ્રચારમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેમણે સોશિયલ મીડિયા ‘એક્સ’ પર ગુરુવારે લખ્યું હતું કે પ્રમુખ ટ્રમ્પને મળીને મેં મારી વાત તેમની સમક્ષ રજૂ કરી હતી. (એજન્સી)

## ચીન અમેરિકાના સામાન પર વધારાની ૩૪ ટકા ટૅરિફ લાદશે

### વર્લ્ડ ટ્રેડ ઑર્ગેનાઇઝેશનમાં કેસ પણ કર્યો

બીજિંગઃ ચીને અમેરિકાની સાથે ‘જેવા સાથે તેવા’ની નીતિ અપનાવીને અમેરિકાથી આયાત કરાતી બધી ચીજો પર દસમી એપ્રિલથી વધારાની ૩૪ ટકા ટૅરિફ લાદવાની શુક્રવારે જાહેરાત કરી હતી.

અગાઉ, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ચીનથી આયાત કરાતા માલસામાન પર ૩૪ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરી હતી.

વિશ્વની સૌથી મોટી બે આર્થિક મહાસત્તા - અમેરિકા અને ચીન વચ્ચે આ સાથે ‘વેપાર-યુદ્ધ’ શરૂ થઇ ગયું છે.

ચીન ૧૦ એપ્રિલથી અમેરિકાથી આયાત કરાતી બધી ચીજો પર વધારાની ૩૪ ટકા ટૅરિફ લાદશે.

ચીને અમેરિકા દ્વારા ચીનની ચીજો પર લાદેલી ટૅરિફના સંદર્ભે વર્લ્ડ ટ્રેડ ઑર્ગેનાઇઝેશનમાં કેસ પણ કર્યો છે. (એજન્સી)

## લોકસભાની કાર્યવાહી અનિશ્ચિત કાળ માટે સ્થગિતઃ બજેટ સત્ર પૂર્ણ થયું

નવી દિલ્હીઃ ૩૧ જાન્યુઆરીથી શરૂ થયેલું બજેટ સત્ર પૂર્ણ થયું હતું, પણ શુક્રવારે લોકસભાની કાર્યવાહી અનિશ્ચિત કાળ માટે સ્થગિત કરવામાં આવી હતી.

કૉંગ્રેસના નેતા સોનિયા ગાંધીની ટિપ્પણી પર લોકસભાની કાર્યવાહી સ્થગિત કર્યા પછી બપોરે ૧૨ વાગ્યે ગૃહની બેઠક મળી કે તરત જ, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ તેમની વિદાયની ટિપ્પણી વાંચી હતી અને ગૃહની કાર્યવાહી (નવું સત્ર બોલાવવામાં ન આવે ત્યાં સુધી અનિશ્ચિત સમય માટે) સ્થગિત કરી દીધું હતું.

સત્ર તોફાની નોંધ પર સમાપ્ત થયું હતું જેમાં ટ્રેઝરી બેન્ચે સોનિયા ગાંધી પાસે તેમની ટિપ્પણી માટે માફી માંગવાની માંગ કરી હતી કે વક્ફ બિલ ચર્ચા વિના બુલડોઝ કરવામાં આવ્યું હતું. જેના કારણે લગભગ એક કલાક માટે સભા સ્થગિત કરવાની ફરજ પડી હતી.

પાછળથી સંસદીય બાબતોના પ્રધાન કિરણ રિજિજુની માગ પર, બિરલાએ ચુકાદો આપ્યો હતો કે કૉંગ્રેસના વરિષ્ઠ સભ્યએ ગૃહની કાર્યવાહી પર આક્ષેપો કર્યા તે ‘‘સૌથી કમનસીબ’’ તેમ જ સંસદીય લોકશાહીની ગરિમાની વિરુદ્ધ છે.

રાજ્યસભાના સભ્ય સોનિયાનું નામ લીધા વિના બિરલાએ તેમની ટિપ્પણી પર કડક વલણ અપનાવ્યું હતું.

સ્પીકરે જણાવ્યું હતું કે સત્ર દરમિયાન ૧૬ જેટલા બિલ પસાર કરવામાં આવ્યા હતા અને ગૃહની ઉત્પાદકતા ૧૧૮ ટકાથી વધુ હતી.

તેઓ બોલતા હતા ત્યારે વિપક્ષી સભ્યોએ સોનિયા સામે બિરલાના અવલોકન સામે સૂત્રોચ્ચાર કર્યા હતા.

સત્ર દરમિયાન, વિવિધ મંત્રાલયો તેમ જ નાણાં બિલ માટે અનુદાન માટેની માગણીઓને લોકસભાએ મંજૂરી આપ્યા બાદ સરકારે તેની અંદાજપત્રીય કવાયત પૂર્ણ કરી હતી.

કેન્દ્રીય શાસન હેઠળના મણિપુર માટેનું બજેટ પણ મંજૂર કરવામાં આવ્યું હતું.

વક્ફ સુધારો બિલ, સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યું હતું.

તેમની સમાપન ટિપ્પણીમાં, બિરલાએ જણાવ્યું હતું કે સત્રમાં ગૃહની ૨૬ બેઠકો દરમિયાન ૧૧૮ ટકાથી વધુની ઉત્પાદકતા નોંધાઈ હતી.

રાષ્ટ્રપતિના અભિભાષણ પરની ચર્ચામાં ૧૭૩ જેટલા સભ્યોએ ભાગ લીધો હતો. તેવી જ રીતે, બજેટ પરની ચર્ચામાં ૧૬૯ સભ્યએ ભાગ લીધો હતો.

સત્ર દરમિયાન, ૧૦ બિલ રજૂ કરવામાં આવ્યા હતા અને વક્ફ સુધારા બિલ સહિત ૧૬ બિલ પસાર કરવામાં આવ્યા હતા.

૩ એપ્રિલના રોજ, ઓછામાં ઓછા ૨૦૨ સભ્યોએ ઝીરો અવર દરમિયાન ગૃહમાં જાહેર મહત્ત્વની બાબતો ઉઠાવી હતી, જે આજ સુધીની કોઈપણ લોકસભા માટે એક જ દિવસમાં શૂન્ય કલાક દરમિયાન ઉઠાવવામાં આવેલી બાબતોની સંખ્યા માટેનો રેકોર્ડ છે.

## બાળકો દ્વારા સોશિયલ મીડિયાના થતાં વપરાશ પર પ્રતિબંધ મૂકવાનો સુપ્રીમ કોર્ટનો ઇનકાર

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે ૧૩ વર્ષથી નાના બાળકો દ્વારા સોશિયલ મીડિયાના વપરાશ પર કાયદેસર પ્રતિબંધ મૂકવાની દાદ ચાહતી અરજી હાથ ધરવાનો શુક્રવારે ઇનકાર કર્યો હતો.

ન્યાયાધીશ બી. આર. ગવઇ અને ન્યાયાધીશ ઑગસ્ટાઇન જ્યોર્જ માસિહની બનેલી બૅન્ચે અરજદારના વકીલને જણાવ્યું હતું કે આ મુદ્દો નીતિને લગતો છે. તમે સંસદને આ સંબંધમાં કાયદો ઘડવા વિનંતિ કરી શકો છો.

બૅન્ચે જણાવ્યું હતું કે અમે હાલના સંજોગમાં આ અરજીને હાથ ધરવા તૈયાર નથી. તમે સંબંધિત સત્તાવાળા (સંસદ) સમક્ષ આ મુદ્દો રજૂ કરી શકો છો. ઝેપ ફાઉન્ડેશને સર્વોચ્ચ અદાલતમાં કરેલી સંબંધિત અરજીમાં સોશિયલ મીડિયાના ઉપયોગ માટે લઘુતમ વય નક્કી કરવા અને તેના વપરાશ માટે બાયોમેટ્રિક ઑથેન્ટિકેશન ફરજિયાત બનાવવાની કાયદામાં જોગવાઇ કરવા કેન્દ્ર અને અન્ય સંબંધિત સત્તાવાળાને આદેશ આપવાની દાદ ચાહવામાં આવી હતી. (એજન્સી)

## કૉંગ્રેસની રૂપિયા ૬૦૦ કરોડના જમીન કૌભાંડની સીબીઆઈ તપાસની માગ

અગરતલાઃ ભૂતપૂર્વ જિલ્લા મેજિસ્ટ્રેટના અહેવાલને ટાંકીને, ત્રિપુરા પ્રદેશ કૉંગ્રેસ કમિટી (ટીપીસીસી) એ શુક્રવારે સિપાહીજાલા જિલ્લામાં રૂ. ૬૦૦ કરોડના કથિત જમીન કૌભાંડની સીબીઆઈ તપાસની માગણી કરી હતી.

અહેવાલમાં મોટા પાયે ગેરકાયદેસર ડાયવર્ઝન અને સરકારી જમીનના વેચાણનો પર્દાફાશ થયો હતો.

વિશાલ કુમાર, ભૂતપૂર્વ જિલ્લા મેજિસ્ટ્રેટ અને સિપાહીજાલા જિલ્લાના કલેક્ટર, મહેસૂલ વિભાગના અધિક સચિવને લખેલા પત્રમાં, મોટા પાયે જમીન ડાયવર્ઝન અને ૬૦૦ કરોડની ખાશ (સરકારી) જમીનના ગેરકાયદે વેચાણનો દાવો કર્યો હતો અને તેમને આરોપોની તપાસ કરવા વિનંતી કરી હતી.

‘‘અમારા ધારાસભ્ય સુદીપ રોય બર્મને વિધાનસભાના તાજેતરમાં પૂરા થયેલા બજેટ સત્ર દરમિયાન આ મુદ્દો ઉઠાવવાનો પ્રયાસ કર્યો હતો. બાદમાં, તેમણે જિલ્લામાં કૌભાંડ વિશે મીડિયાને માહિતી આપી હતી. તે દુર્ભાગ્યપૂર્ણ છે કે મુખ્ય પ્રધાન માણિક સાહા, જેમની પાસે મહેસૂલ પોર્ટફોલિયો છે, તેમણે હજુ સુધી કોઈ પગલાં લીધા નથી.’’ એમ ટીપીસીસી પ્રમુખ આશિષ કુમાર સાહાએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

તત્કાલિન ડીએમના અહેવાલને ટાંકીને, તેમણે દાવો કર્યો હતો કે ૬૦૦ કરોડ રૂપિયાની આશરે ૧૪૦૦ ‘કાની’ જમીનને ખાશ જમીનમાંથી ગેરકાયદેસર રીતે ‘જોતે’ (ખાનગી) જમીનમાં ફેરવવામાં આવી હતી અને વિવિધ લોકોને વેચવામાં આવી હતી. ‘કાની’ એ જમીન માપણીનું પરંપરાગત એકમ છે, જે લગભગ ૨૦૦૦૦ ચોરસ ફૂટ જેટલું છે.

‘‘યોગ્ય પ્રક્રિયા વિના, ‘ખાશ’ જમીનને પહેલા ફાળવણી તરીકે દર્શાવવામાં આવી હતી અને પછી વિવિધ વ્યક્તિઓને વધુ પડતા ભાવે વેચવામાં આવી હતી. કેટલાક કિસ્સાઓમાં, ટી એસ્ટેટની જમીન અને દુશ્મનની મિલકત પણ યોગ્ય પ્રક્રિયા વિના વેચવામાં આવી હતી. તેમના અહેવાલમાં, તત્કાલિન ડીએમએ જમીન માફિયા અને વિભાગના અધિકારીઓ વચ્ચે જોડાણનો આક્ષેપ કર્યો હતો,’’ એમ તેમણે જણાવ્યું હતું.



દ્વજકૂચઃ ઉત્તર પ્રદેશના સંભલમાં જુમાની નમાજ વખતે શાંતિ અને વ્યવસ્થા જાળવવાના હેતુસર રેપિડ એક્શન ફોર્સે કાઢેલી દ્વજકૂચ. (પીટીઆઇ)

## અમિત શાહે વક્ફ સંશોધન બિલને સંસદની મંજૂરીની કરી પ્રશંસા

નવી દિલ્હી : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે કહ્યું હતું કે સંસદ દ્વારા વક્ફ (સંશોધન) બિલ, ૨૦૨૫ને મંજૂર કરવામાં આવતા વર્ષોથી ચાલી રહેલા અન્યાય અને ભ્રષ્ટાચારનો અંત આવશે અને ન્યાય અને સમાનતાના યુગની શરૂઆત થશે. નોંધનીય છે કે રાજ્યસભાએ બિલને મંજૂરી આપ્યાના થોડા સમય પછી અમિત શાહે આ નિવેદન આપ્યું હતું. અગાઉ ગુરુવારે લોકસભાએ આ બિલને મંજૂરી આપી દીધી હતી.

તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘એક્સ’ પર લખ્યું હતું કે, ‘‘આજે એક ઐતિહાસિક દિવસ છે, જ્યારે સંસદે ‘વક્ફ (સંશોધન) બિલ, ૨૦૨૫’ ને મંજૂરી આપી છે, જેનાથી વર્ષોથી ચાલી રહેલા અન્યાય અને ભ્રષ્ટાચારના યુગનો અંત આવ્યો છે અને ન્યાય અને સમાનતાના યુગની શરૂઆત થઈ છે.’’

# ગુજરાતમાં ૩૧ મે ૨૦૨૫ સુધી જળસંચયનું મહાઅભિયાન 'કેચ ધ રેઈન' યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલા 'કેચ ધ રેઈન' આહ્‌વાનને સાકાર કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ એવા 'કેચ ધ રેઈન સુજલામ સુફલામ જળ અભિયાન ૨.ઘ'નો મહેસાણા જિલ્લાના દવાડાથી રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. . ૪ એપ્રિલથી તા. ૩૧ મે ૨૦૨૫ સુધી રાજ્યભરમાં યોજાશે. આ કેચ ધ રેઈન સુજલામ સુફલામ જળ અભિયાન ૨.૦ અંતર્ગત પાણીના સંગ્રહ માટેની વ્યવસ્થાઓ સુદ્રઢ કરીને ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવાનાં કામો વેગવાન બનાવવામાં આવશે.

આ હેતુસર, રાજ્ય સરકારના જળ સંપત્તિ, પાણી પુરવઠા, સરદાર સરોવર નર્મદા નિગમ, ગ્રામ વિકાસ, વન પર્યાવરણ, શહેરી વિકાસ સહિતના વિવિધ વિભાગો તમામ જિલ્લાઓમાં લોકભાગીદારીથી જળસંચયનાં કામો હાથ ધરશે. આવાં કામોમાં હયાત તળાવો ઊંડા કરવા, હયાત ચેકડેમોનું ડીસીલ્ટિંગ, હયાત જળાશયો/નદીનું ડીસીલ્ટિંગ, હયાત નુકસાન પામેલ ચેકડેમોના રિપેરિંગ, નહેરો તથા કાંસની મરામત/જાળવણી/સાફ સફાઇ, રેઇન વોટર હાર્વેસ્ટીંગ, ખેત તલાવડી, માટીપાળા, ટેરેસ/વનતળાવ, પીવાના પાણીના સ્રોત/ટાંકી/સંપ/ ઇન્ટેક સ્ટ્રક્ચર તથા આસપાસની સફાઇ, તળાવોના વેસ્ટ વિયરના રિપેરિંગ, નદીઓના પ્રવાહને અવરોધ રૂપ ગાંડા બાવળ, ઝાડી-ઝાંખરા દૂર કરવા વગેરે કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. મુખ્ય પ્રધાને વરસાદી પાણીના ટીપે ટીપાંનો સંચય અને સંગ્રહ કરવા સાથે પર્યાવરણ જાળવણી માટે ગ્લોબલ વોર્મિંગના પડકારોને પહોંચી વળવા ગ્રીન કવર વધારવા 'એક પેડ માં કે નામ' અભિયાનમાં અને સ્વચ્છ ભારત માટે સૌને સક્રિય સહયોગ આપવા આ અવસરે અનુરોધ કર્યો હતો. તેમણે 'કેચ ધ રેઈન સુજલામ સુફલામ જળ અભિયાન ૨.ઘ'થી તળાવ, ચેકડેમ ઊંડા કરવા અને નદીઓની સાફ-સફાઈથી વધુને વધુ પાણીનો સંગ્રહ કરીને ભવિષ્યની જળ સુરક્ષા સુનિશ્ચિત કરવામાં વડા પ્રધાનનો 'કેચ ધ રેઈન' અભિગમ ઉપકારક નિવડશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો. રાજ્ય સરકાર દ્વારા આ મહત્ત્વપૂર્ણ અભિયાન અન્વયે ૨૦૧૮ થી ૨૦૨૪ના સાત વર્ષ દરમિયાન જે ૧,૦૭,૬૦૮ કામો હાથ ધરવામાં આવેલા છે તેમાં તળાવો ઊંડા કરવાના, નવાં તળાવોના ૩૬,૯૭૯, ચેકડેમ ડીસીલ્ટિંગના ૨૪,૦૮૬ તથા ૬૬,૨૧૩ કિલોમીટર લંબાઇમાં નહેરોની અને કાંસની સાફ-સફાઈનાં કામો થયા છે. આ બધાં કામોના પરિણામે રાજ્યની જળસંગ્રહ ક્ષમતામાં કુલ ૧,૧૯,૧૪૪ લાખ ઘન ફૂટ જેટલો વધારો થયો છે અને ૧૯૯.૬૦ લાખ માનવદિન રોજગારી ઊભી થઈ છે. ■

# ગુજરાત સરકારે હિટવેવ અંગે માર્ગદર્શિકા જાહેર કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં એપ્રિલ મહિનાની શરૂઆતની સાથે જ ગરમીનો આકરો પ્રકોપ જોવા મળી રહ્યો છે અને ગરમીનો પારો ઊંચે જઈ રહ્યો છે. અમદાવાદ, રાજકોટ સહિત સૌરાષ્ટ્રના અમુક ભાગમાં તાપમાનનો પારો ૪૨ની આસપાસ પહોંચી રહ્યો છે. હિટવેવને લઈને રાહત કમિશનરની કચેરી દ્વારા હિટવેવ માટે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી. જેમાં પુષ્કળ પ્રમાણમાં ઠંડું પાણી, લીંબુ શરબત, છાશ, તાડફળી, નારિયેળનું પાણી, ખાંડમીઠાનું દ્રાવણ અને ઘઉંજ જેવા પ્રવાહીનું સેવન કરવું, નાગરિકોએ વધુ પડતો શ્રમ ટાળવો અને શક્ય હોય ત્યાં સુધી તડકામાં ફરવાનું પણ ટાળવું, ભરબપોરે કામ પર જતા સમયે થોડો સમય છાયડામાં આરામ કરવો, ઠંડક માટે માથા પર ઠંડું ભીનું કપડું રાખવું અને શ્રમિકોએ કામના સમયે ઉઘાડા શરીરે ફરવું નહીં તેમજ ઉપવાસ કરવાનું ટાળવું તેવી સલાહ આપવામાં આવી છે. આ ઉપરાંત માથું દુઃખવું, પગની પીંડીઓમાં દુઃખાવો થવો, શરીરનું તાપમાન વધી જવું, ખૂબ તરસ લાગવી, શરીરમાંથી પાણી ઓછું થઈ જવું, વધુ તાવ આવવો, નાડીના ધબકારા વધવા, ઊલ્ટી થવી, ઊબકા આવવા જેવાં લક્ષણો જોવા મળે તાત્કાલિક સારવાર લેવા જણાવાયું છે. ■

કાયદો-વ્યવસ્થાની સ્થિતિ કથળતા અમદાવાદ કમિશનરનો આદેશ

# દરેક પીઆઈ માટે રાત્રે ૧૨ વાગ્યા સુધી પોલીસ સ્ટેશનમાં હાજરી ફરજિયાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં વધતી ગુનાખોરીથી લોકો ત્રાહિમામ છે, ત્યારે તંત્ર પણ એલર્ટ બન્યું છે. અમદાવાદ શહેર પોલીસ સામે પોલીસ કમિશનર જી.એસ.મલિક દ્વારા કડક આદેશ અપાયો હતો. જેમાં અમદાવાદ શહેરના તમામ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર (પીઆઈ)એ રાત્રે ૧૨ વાગ્યા સુધી પોતાના પોલીસ મથકની હદમાં હાજર રહેવું પડશે. આ દરમિયાન પીઆઈએ પોતાના વિસ્તારમાં વાહન ચેકિંગ, ફૂટ પેટ્રોલિંગ, ગુનેગારોનું ચેકિંગ સહિતની કામગીરી કરવી પડશે. તે ઉપરાંત પીઆઇથી જેસીપી સુધીના અધિકારીઓએ રોજ ૧૨થી ૨ વાગ્યા દરમિયાન અરજદારોને સાંભળવા પડશે. અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ.મલિક દ્વારા કરવામાં આવેલા આદેશ અનુસાર, ખાસ પોલીસ કમિશનર/સંયુક્ત પોલીસ કમિશનર/અધિક પોલીસ કમિશનર/નાયબ પોલીસ કમિશનર/મદદનીશ પોલીસ કમિશનરે દરરોજ બપોરે ૧૨થી ૪ વાગ્યાની વચ્ચે પોતાની કચેરીમાં આવતા મુલાકાતીઓને કચેરી ખાતે હાજર રહીને તેમની રજૂઆત સાંભળવાની રહેશે. મુલાકાતી પોતાની રજૂઆત અંગે લેખિતમાં અરજી આપે તો તે અરજી સ્વીકારી તેના ઉપર જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવાની રહેશે. અનિવાર્ય સંજોગોમાં કચેરીમાં તેઓ હાજર ના હોય તો તેઓની કચેરીના રીડર પો.સ.ઇ./અંગત મદદનીશએ અરજદારોને મળી અરજદારની રજૂઆત સાંભળવાની રહેશે. પોલીસ ઈન્સ્પેક્ટરે દરરોજ સાંજે ૬થી રાત્રે ૯ વાગ્યા દરમિયાન પોતાના વિસ્તારમાં પેટ્રોલિંગ, વાહન ચેકિંગ, ગુન્હેગારોનું ચેકિંગ, નાસતા ફરતા આરોપીઓનું ચેકિંગ, હિસ્ટ્રીશીટરોનું ચેકિંગ જેવી કામગીરી પોલીસ સ્ટેશનથી બહાર નીકળી પોતાના વિસ્તારમાં કરવાની રહેશે. આ ઉપરાંત આ બાબતે નાયબ પોલીસ કમિશનરોએ પોતાના તાબાના થાણા અમલદારની ઓચિંતી મુલાકાત લઇ ચેકિંગ કરવાનું રહેશે. ■

# સોમનાથમાં ડિમોલેશનનો વિરોધ કરતા કૉંગ્રેસ ધારાસભ્ય વિમલ ચુડાસમા સહિત ૧૫ની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગીર સોમનાથ જિલ્લામાં કલેક્ટરના આદેશથી દબાણ હટાવો ઝુંબેશ ચાલી રહી છે. શુક્રવારે સોમનાથમાં ગુડલક સર્કલ સામે આવેલી સરકારી જમીન સર્વે નંબર ૮૩૧ પર તંત્ર દ્વારા મોટું ડિમોલેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ જમીન પર ૭૦થી વધુ રહેણાંક મકાનોનું દબાણ હતું. તંત્ર દ્વારા દબાણકારોને અગાઉ નોટિસ આપવા છતાં તેમણે મકાનો ખાલી કર્યાં ન હતાં. શુક્રવારે વહેલી સવારે પ્રાંત અધિકારી વિનોદ જોશી, મામલતદાર શામળા, નગરપાલિકા ચીફ ઓફિસર પાર્થિવ પરમાર સહિત રેવન્યુ તંત્ર દ્વારા જડબેસલાક પોલીસ બંદોબસ્ત સાથે ડિમોલેશન શરૂ કરવામાં આવ્યું હતું. પણ આ સમયે સોમનાથના કૉંગ્રેસ ધારાસભ્ય દબાણકારોના સમર્થનમાં આવ્યા હતા અને મામલતદાર તેમજ પોલીસ સાથે બોલાચાલી કરી હતી. મામલતદાર અને પોલીસે તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, જો કે તેઓ ન સમજતા તેમની અટકાયત કરવામાં આવી હતી. વિમલ ચુડાસમાએ કલેક્ટર પર પ્રહાર કરતા કહ્યું હતું કે તમારામાં ત્રેવડ હોય તો તેનાં દબાણો હટાવો. સોમનાથની પ્રજા વર્ષોથી શાંતિપૂર્વક રહેતી હતી અને આ કલેકટરે આવીને શાંતિ બગાડી નાખી છે.

ધારાસભ્ય વિમલ ચુડાસમાએ વધુમાં જણાવ્યું હતું કે ૭૦થી વધુ મકાનધારકો વર્ષોથી અહીં રહે છે. નગરપાલિકા તેમની પાસેથી વેરા પણ વસૂલ કરે છે. પોતાના નામના વીજ કનેક્શન પણ ધરાવે છે છતાં તંત્ર મનસ્વી રીતે ડિમોલેશન કરી રહ્યું છે. આ ડિમોલેશન સામે કોર્ટે નોટિસ પણ ઈશ્યુ કરી છે અને પોલીસ પાસે ડિમોલેશનનો કોઈ ઓર્ડર પણ નથી.

પ્રારંભિક તબક્કે રેવન્યુ અને પોલીસ તંત્ર દ્વારા ધારાસભ્ય વિમલ ચુડાસમા સહિત દબાણકારોને સમજાવટનો ખૂબ પ્રયાસ કર્યો હતો, પરંતુ તંત્રની સમજાવટ બાદ પણ દબાણકારોએ વિરોધ પ્રદર્શન યથાવત રાખતા અંતે પોલીસે હળવો બળપ્રયોગ કર્યો હતો અને ધારાસભ્ય વિમલ ચુડાસમા સહિત ૧૫થી વધુ લોકોની અટકાયત કરી હતી. ધારાસભ્ય વિમલ ચુડાસમાને પોલીસ દ્વારા બળજબરીથી સ્થળ પરથી દૂર લઈ જઈ એલસીબી કચેરી ખાતે લઈ જવામાં આવ્યા હતા. આ સમયે પણ પ્રાંત અધિકારી વિનોદ જોશી દ્વારા ધારાસભ્ય વિમલ ચુડાસમાને સહકાર આપવા વિનંતી કરી હતી. સ્થળ પર ટોળાં વિખેર્યા બાદ તંત્ર દ્વારા બુલડોઝર શરૂ કરી દેવામાં આવ્યું હતું. ■

# ગુજરાત રાજ્ય ચોથા નાણાં પંચમાં ત્રણ પૂર્ણકાલીન સભ્યોની નિમણૂક

અમદાવાદઃ ગુજરાત રાજ્ય ચોથા નાણાં પંચમાં રાજ્ય સરકારે ત્રણ પૂર્ણકાલીન સભ્યોની નિમણૂક કરી હતી. આ પંચના અધ્યક્ષ તરીકે યમલભાઈ વ્યાસની નિમણૂક થયા પછી હવે રાજ્ય સરકારે પંચમાં વધુ ૩ સભ્યો સાબરકાંઠાના જયંતીલાલ દેવાભાઈ પટેલ, વડોદરાના સુનીલ સોલંકી અને ભાવનગરના અભયસિંહ ચૌહાણની નિમણૂક કરી હતી. આ રાજ્ય નાણાં પંચના અન્ય એક સભ્ય અને સભ્ય સચિવ તરીકે બી. પી. ચૌહાણની નિમણૂક ફેબ્રુઆરી-૨૦૨૫માં કરવામાં આવેલી છે. રાજ્ય સરકારે અગાઉ અધ્યક્ષની નિમણૂક કર્યા પછી હવે વધુ ૩ સભ્યોની પૂર્ણકાલીન સભ્ય તરીકે નિમણૂક અને એક પૂર્ણકાલીન સભ્યની સભ્ય સચિવ તરીકે નિમણૂક કરતાં રાજ્ય નાણાં પંચમાં હવે પાંચ સભ્યોની નિયુક્તિ પૂર્ણ થઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, નાણાં પંચના અધ્યક્ષ સહિત પાંચથી વધે નહીં એ રીતે સભ્યોની નિમણૂક સાથે રાજ્ય નાણાં પંચની રચના કરી શકવાની જોગવાઈ છે. ■

# ગાંધીનગર મનપામાં નવા સમાવિષ્ટ વિસ્તારોમાં ડ્રેનેજ વોટર ટ્રીટમેન્ટની સુવિધા માટે ₹ ૬૦૬.૩૪ કરોડ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર મહાનગરપાલિકાને સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ(એસટીપી) તથા તેને સંલગ્ન ગંદા પાણીના વ્યવસ્થાપનનાં કામો, વરસાદી પાણીના નિકાલના નેટવર્કનાં કામો તથા વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશન સહિતની કામગીરી માટે રૂ.૬૦૬.૩૪ કરોડ રૂપિયા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. મુખ્ય પ્રધાને પાટનગર ગાંધીનગરના વધતા વિકાસ વ્યાપને કારણે લોકોની આરોગ્ય સુખાકારી જળવાઈ રહે તે હેતુસર આ અગત્યનો નિર્ણય કર્યો હતો.

આ રકમમાંથી જાસપુર એસટીપી અને તેને સંલગ્ન કામો માટે રૂ.૨૪૫ કરોડ તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાની હદ વિસ્તરણથી નવા સમાવિષ્ટ થયેલા ગામતળ તથા નવા ટી.પી. વિસ્તારોમાં આવાં કામો માટે ૩૬૧.૩૪ કરોડ રૂપિયા ઉપયોગમાં લેવાશે. ગાંધીનગરમાં સેક્ટર ૧ થી ૩૦ તેમજ બોરીજ, પાલજ, બાસણ, ધોળાકુવા, ઈન્દ્રોડા, આદિવાડા અને ગોકુળપુરા ગામોના ડ્રેનેજના પાણીના અંદાજે ૬૦ એમએલડીના જથ્થાને સરગાસણ પંપિંગ સ્ટેશન ખાતે એકત્રિત કરીને જાસપુરમાં આવેલા ૭૬ એમએલડીની કેપેસિટીના એસટીપીમાં મુખ્ય લાઈન મારફતે યોગ્ય ટ્રીટમેન્ટ કરવામાં આવે છે.

ગાંધીનગર મહાનગરપાલિકાનો વિસ્તાર વધવાથી વસ્તીની ગીચતા અને પાણીના વપરાશમાં વધારો થવાના પરિણામે વધારાનું ૨૨ એમએલડી પાણી પણ સરગાસણથી જાસપુર જતી ડ્રેનેજ લાઈનમાં મોકલવામાં આવે છે. આ ઉપરાંત ગાંધીનગર મહાનગરપાલિકાના કેટલાક ટી. પી. વિસ્તારો અને ખોરજ ગામ તેમજ ગુડા વિસ્તારનું વધારાનું ૨૭ એમએલડી ડ્રેનેજનું પાણી અડાલજ પંપિંગ સ્ટેશનથી પંપિંગ દ્વારા જાસપુર એસટીપી જતી લાઈનમાં પંપ કરવામાં આવે છે. આમ, જાસપુર એસટીપીની ૭૫ એમએલડી ડ્રેનેજ વોટર ટ્રીટમેન્ટની કેપેસિટી સામે ૧૦૯ એમએલડી ડ્રેનેજ વોટર જાસપુર એસટીપીમાં એકત્રિત થાય છે. આ વધારાનું પાણી એકત્રિત થવાના પરિણામે જાસપુર એસટીપી, અદાણી કેમ્પસ, ખોરજ ગામ અને અડાલજ ત્રિમંદિર ક્લોવર લીફ ખાતે ઈનલેટ અને આઉટલેટની મેઈન લાઈન ઓવરફ્લો થતાં આ વિસ્તારોમાં ગટરનું ગંદું પાણી ગ્રામ્ય વિસ્તારો, ખેતરો અને રોડ-રસ્તા પર ફરી વળવાની ઘટનાઓ બને છે. એટલું જ નહીં આવા પાણીથી આસપાસના વિસ્તારોમાં રોગચાળો ફેલાવાની પણ સંભાવનાઓ ઊભી થાય છે.■

# જામનગરના સુમરામાં જનેતાએ ચાર સંતાનો સાથે કૂવામાં ઝંપલાવ્યું, આખું ગામ હિબકે ચડ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના સુમરા ગામમાં હૃદય કંપાવનારી ઘટના બની હતી. આર્થિક મુશ્કેલીઓથી કંટાળેલી એક માતાએ તેના ચાર સંતાનો સાથે કૂવામાં કૂદીને જીવન ટૂંકાવ્યું હતું. જેથી ગામમાં હાહાકાર મચી ગયો હતો. નાના એવા ગામમાં એક સાથે પાંચ લોકોની અંતિમયાત્રા નીકળી હતી. જેમાં આખું ગામ હિબકે ચડ્યું હતું. આ અંગે મળતી માહિતી મુજબ સુમરા ગામમાં રહેતાં ભાનુબેન ટોરીયા શાળાએથી બાળકોને લઈને નીકળ્યાં હતાં. જે બાદ તેમણે તેમના ચાર સંતાનો આયુષ (૧૦), આજુબેન (૮), આનંદીબેન (૬) અને ઋત્વિક (૪) સાથે કૂવામાં ઝંપલાવ્યું હતું. જોકે, તેમનું છ માસનું નાનું બાળક ઘરે રહી ગયું હતું. પરિવારજનોને માતા અને બાળકો મળ્યા નહીં, ત્યારે શોધખોળ શરૂ કરવામાં આવી હતી. જેમાં સ્મશાન નજીકના કૂવામાં એક બાળકનો મૃતદેહ તરતો જોવા મળ્યો હતો. ત્યારબાદ તમામ પાંચ મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. પોલીસ ટીમે ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે. હિંદુ રીતિ-રિવાજ મુજબ માતા અને મોટા પુત્રને અગ્નિદાહ આપવામાં આવ્યો હતો, જ્યારે અન્ય ત્રણ બાળકોની દફનવિધિ કરવામાં આવી હતી. આ કરુણ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાવી દીધી છે. એક સાથે પાંચ લોકોની અંતિમયાત્રાએ સમગ્ર ગામને હચમચાવી નાખ્યું છે. મળતી માહિતી મુજબ, જીવાભાઈ ટોરીયાની આર્થિક પરિસ્થિતિ ખૂબ નબળી હતી. તેમની પાસે ૩૦ ઘેટાં હતાં અને તેમની માતા બીમાર હતાં. બીમારીનો ખર્ચ અને પાંચ બાળકોના ઉછેરની જવાબદારી નિભાવવામાં તેઓ મુશ્કેલી અનુભવતા હતા. બાળકોની માતાને એવું લાગ્યું કે હવે ભરણપોષણ પુરૂ થાય તેમ નથી. બાળકોના ભણતરનો ખર્ચ પણ પૂરો થઈ શકે તેમ ન હતો. જેથી તેઓ સવારે સ્કૂલમાં ગયાં હતાં. જ્યા ખોટું બોલીને બાળકોને લઈ આવ્યાં હતાં. જે બાદ બાળકો સાથે કૂવામાં ઝંપલાવી દીધું હતું. ■

# દુષ્કર્મ કેસમાં સુરતના જૈન મુનિ શાંતિસાગર દોષિતઃ સજા પર આજે ફેંસલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં વર્ષ ૨૦૧૭માં શ્રાવિકા પર જૈન મુનિએ આચરેલા દુષ્કર્મના કેસનો ચુકાદો આવ્યો હતો. સુરત કોર્ટે આરોપી જૈન મુનિને દુષ્કર્મ કેસમાં દોષિત ઠેરવ્યા હતા. સજા આજ સુધીમાં સંભળાવવામાં આવે એવી શક્યતા છે. સુરતના નાનપુરાસ્થિત ટીમલિયાવડ ખાતે આવેલા મહાવીર દિગંબર જૈન મંદિર ઉપાશ્રયમાં વડોદરાની શ્રાવિકા યુવતીને પરિવાર સાથે ધાર્મિક વિધિ માટે બોલાવી દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. આ મામલે અઠવા પોલીસમાં ગુનો નોંધાયા બાદ જૈન મુનિની ધરપકડ કરવામાં આવી હતી. કેસ સુરત કોર્ટમાં ચાલી જતાં કોર્ટે દુષ્કર્મ કેસમાં જૈન મુનિને દોષિત ઠેરવ્યા હતા. અત્યારે દોષિત મુનિ જેલવાસ હેઠળ છે. જૈન મુનિનો ગુનો ગંભીર હોવાથી તેમને લાંબી જેલસજાની સંભાવના છે. આ કેસ જૈન સમાજમાં અને સમગ્ર સુરત શહેરમાં ભારે ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

કેસની વિગત મુજબ ટીમલિયાવાડ ખાતેના જૈન ઉપાશ્રયમાં આવેલા એક રૂમમાં ધાર્મિક વિધિના બહાને વડોદરાની ૧૯ વર્ષીય શ્રાવિકા યુવતીને બોલાવવામાં આવી હતી અને જૈન મુનિ એવા આરોપી શાંતિસાગરે તેના પર પાશવી બળાત્કાર ગુજાર્યો હતો. આ અંગેની ફરિયાદ યુવતીએ અઠવાલાઇન્સ પોલીસ મથકમાં નોંધાવતાં આરોપી શાંતિસાગરની ધરપકડ કરવામાં આવી હતી. સેશન્સ કોર્ટ અને હાઇ કોર્ટમાં જામીન અરજી નામંજૂર થયા બાદ આ કેસની ટ્રાયલ શરૂ થઈ હતી. ■

# અમદાવાદ મનપાની નાગરિકો માટે ઓફરઃ એડવાન્સ પ્રોપર્ટી ટેક્સ ભરો, ૧૫ ટકા સુધીનું રિબેટ મેળવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાગરિકો માટે એડવાન્સ ટેક્સ રિબેટ યોજના જાહેર કરી હતી. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે એડવાન્સ ટેક્સ રિબેટ યોજનામાં ઓનલાઇન પેમેન્ટ સહિત સાથે કુલ ૧૫ ટકા વ્યાજ માફી આપવામાં આવશે. ૮ એપ્રિલથી એક મહિના સુધી એડવાન્સ ટેક્સ રિબેટ યોજના અમલમાં મૂકવામાં આવી છે. ૧૨ ટકાથી લઈ ૧૫ ટકા સુધી રાહત આપવામાં આવશે. ઓનલાઇન પેમેન્ટ પર એક ટકા જેટલી વધુ રાહત આપવામાં આવશે. એડવાન્સ ટેક્સ પેમેન્ટને પ્રોત્સાહન આપવા માટે આ યોજના ૮ એપ્રિલથી ૩૧ એપ્રિલ ૨૦૨૫ સુધી એક મહિના માટે ખુલ્લી રહેશે.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે એડવાન્સ ટેક્સ રિબેટ યોજના લાગુ કરવામાં આવી છે. ગત વર્ષે એડવાન્સ ટેક્સ રિબેટની યોજનામાં ૭૭૬ કરોડ રૂપિયાની આવક થઈ હતી. જેથી ચાલુ વર્ષે પણ એડવાન્સ ટેક્સ રિબેટ યોજના લાગુ કરવામાં આવી છે. સળંગ ત્રણ વર્ષ સુધી ૧૨ અને ૨ ટકા અને ચાલુ નાણાકીય વર્ષ માટે એડવાન્સ ટેક્સ ભરનારને ૧૨ ટકા તેમજ ઓનલાઇન પેમેન્ટ માટે એક ટકા વધુ રાહત આપવામાં આવશે. કુલ ૧૫ ટકા સુધી રાહત આપવામાં આવશે. ૯ એપ્રિલથી ૯ મે સુધી આ રિબેટ સ્કીમ ચાલુ રહેશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, એડવાન્સ ટેક્સ રિબેટ યોજનાનો લાભ ગત વર્ષે પણ લોકોએ લીધો હતો. વર્ષ ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષમાં એડવાન્સ ટેકસ રિબેટ યોજનાનો ૫,૮૨,૮૬૪ લોકોએ લાભ લીધો હતો. કુલ ૭૭૬.૮૪ કરોડની આવક થઈ હતી. રૂ. ૮૦.૭૫ કરોડની રિબેટ આપવામાં આવી હતી. લોકો પોતાનો સમયસર ટેક્સ ભરે અને વધુમાં વધુ આ યોજનાનો લાભ એના માટે આ યોજના જાહેર કરી છે. ■

# અન્ય રાજયમાંથી હથિયારનું લાઇસન્સ આપવાના કૌભાંડના તાર અમદાવાદ સુધી લંબાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મણિપુર, નાગાલેન્ડ, મિઝોરમમાં માત્ર ભાડાકરાર પર હથિયાર લાઇસન્સ આપવાના કૌભાંડનો રેલો અમદાવાદ પહોંચ્યો હતો. ક્રાઇમ બ્રાન્ચે થોડા દિવસ પહેલાં પિસ્તોલ સાથે પકડેલા ભરત ભરવાડની તપાસમાં અમદાવાદમાં ૩ વર્ષથી આ રેકેટ ચાલતું હોવાનું ખૂલ્યું હતું. નાના ચિલોડામાં રહેતો મુકેશ ભરવાડ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર છે. રૂ.૭ લાખમાં ભાડાકરાર પર ભરત ભરવાડને હથિયારનું ઓલ ઇન્ડિયા પરમિટ લાઇસન્સ આપ્યું હતું. અમદાવાદનો મુકેશ ભરવાડ ૧૦થી ૧૫ લાખમાં બંદૂકનું લાઈસન્સ વેચતો હતો. મુકેશ ભરવાડ હાલમાં ફરાર છે અને હરિયાણાના શૌકતે અત્યાર સુધીમાં અમદાવાદ સહિતનાં શહેરોમાં ૪૦થી વધુ લોકોને ભાડાકરાર પર લાઇસન્સ કઢાવી આપ્યાં હોવાની ચોંકાવનારી કબૂલાત કરી હતી. ક્રાઇમ બ્રાન્ચે ઘાટલોડિયામાં લક્ષ્મણગઢના ટેકરા પાસે રહેતા ભરત ભરવાડને ગાડી સાથે પકડી ગાડીમાંથી પરમિટની ગેરકાયદે પિસ્તોલ મળી હતી. તપાસમાં ભરત ભરવાડે ૨૦૨૨માં નાના ચિલોડામાં રહેતા મુકેશ ભરવાડને હથિયારનું લાઇસન્સ લેવાની વાત કરતા, તેણે રૂ.૭ લાખમાં મણિપુરથી ઓલ ઇન્ડિયા પરમિટ લાઇસન્સ કઢાવી આપવાનું કહી, મણિપુરમાં રહેતા હોવાના ભાડાકરારની વાત કરી હતી. ક્યારેય મણિપુર નહીં ગયેલા આરોપી ભરત ભરવાડને ભાડાકરાર પર મુકેશ ભરવાડે હરિયાણાના સાગરીત સાથે મળી હથિયારનું લાઈસન્સ કઢાવી આપ્યું હતું. ૩ વર્ષમાં આ આરોપીઓએ ૪૦થી વધુ લોકોને મણિપુર, નાગાલેન્ડ કે મિઝોરમમાં લઇ ગયા વગર ભાડાકરાર કરી હથિયારનો પરવાનો આપ્યો હોવાનું ખૂલતાં પોલીસ પણ ચોકી ઊઠી હતી. ■

વડોદરામાં મગરનું બેસણું યોજાયું

# આત્માને શાંતિ મળે તે માટે વિશ્વામિત્રી નદીના ઘાટ પર લોકો એકઠાં થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં પૂર વખતે મગર પણ આવી ચઢતા હોય છે. આ દરમિયાન એક આશ્ચર્યજનક ઘટના સામે આવી હતી. શહેરમાં મગરનું બેસણું યોજાયું હતું. વિશ્વામિત્રીમાં નદીમાં રહેતા ૧૦ ફૂટના મગરનું મોત થતાં મગરપ્રેમીઓ શહેરમાં વિશ્વામિત્રી નદીના ઘાટ પર એકત્ર થયા હતા અને શ્રદ્ધાંજલિ સભા (બેસણું) રાખ્યું હતું. શુક્રવારે સરિસૃપ બચાવકર્તાઓ એકવાર આ વખતે સયાજીગંજના યવતેશ્વર ઘાટ પર, બેસણા (શોક સભા) માટે ભેગા થયા હતા. છેલ્લા કેટલાક મહિનામાં થયેલા સાત મગરોનાં મૃત્યુનો શોક મનાવ્યો હતો.

શહેરમાં સરિસૃપના સંરક્ષણ માટે કામ કરતા વન્યજીવન પ્રેમીએ જણાવ્યું કે, મગરો આપણા શહેરનો એક અભિન્ન ભાગ રહ્યા છે. અમે અમારા પરિવારની જેમ જ તેમની સંભાળ રાખીએ છીએ. વિશ્વામિત્રીમાં થોડા મહિનાના સમયગાળામાં સાત મગરોનાં મૃત્યુ અમારા માટે અને પર્યાવરણ માટે પણ એક મોટું નુકસાન છે. તેથી, અમે તેમના આત્માને શાંતિ મળે તે માટે શોક સભાનું આયોજન કરવાનું નક્કી કર્યું હતું. ■

# આણંદ ભાજપ નેતાનો પુત્ર કારમાં પાર્ટી કરતા ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના અકોટા વિસ્તારમાંથી કારમાં પાર્ટી કરતાં ભાજપના નેતાના પુત્ર સહિત ત્રણ નબીરાની ધરપકડ કરી હતી. ગુરુવારે મોડી રાત્રે શહેરના ચકલી સર્કલથી નટુભાઈ સર્કલ તરફ જવાના રોડ પર એક કાર ચાલક સર્પાકારે ચલાવતો હતો. જેથી તેને અટકાવાયો હતો. આ સમયે કારમાં ૪ યુવકો બેઠા હતા. તેમને ઉતારીને પૂછપરછ શરૂ કરી હતી.

જે પૈકી એકની ઓળખ આણંદના ભાજપના નેતા, ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંકના ડિરેક્ટર અને કરમસદના પૂર્વ નગરસેવક દિલીપ ડી. પટેલના પુત્ર હિરેન પટેલ તરીકે થઈ હતી. આ સિવાય અન્ય ત્રણની ઓળખ જિગર પટેલ, સ્મિત પટેલ અને કેવલ પટેલ તરીકે થઈ હતી. હિરેન પટેલ, જિગર પટેલ અને સ્મિત પટેલ નશાની હાલતમાં હતા. જ્યારે કેવલ પટેલ સામે પોલીસે દારૂ રાખવાનો કેસ કર્યો હતો. ■

રાજકોટ-અમદાવાદ હાઈવે પર દરગાહનું ડિમોલિશન

# ટ્રસ્ટ દ્વારા દાખલ કરાયેલી અરજીને હાઈકોર્ટે ફગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ-અમદાવાદ હાઈવે પર આવેલી દરગાહને તોડવાના નિર્ણયને કોર્ટમાં પડકારાયો હતો. દરગાહના ડિમોલિશનને મુદ્દે કટારિયા ઉસ્માનગની હાજીભાઈ ટ્રસ્ટે કરેલી અરજી હાઇકોર્ટે ફગાવી હતી. ગુજરાત હાઈકોર્ટે આ દરગાહ ગેરકાયદેસર હોવાથી અરજી ફગાવી હતી.

રાષ્ટ્રીય ધોરીમાર્ગના વિસ્તરણ અને વિકાસ માટે દરગાહને હટાવાઇ હતી. રાજકોટના આણંદપર ગામ નજીક રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર ૨૭ પર આવેલી દરગાહને તોડી પાડવાના સરકારના આદેશને કટારિયા ઉસ્માનગની હાજીભાઈ ટ્રસ્ટે હાઈકોર્ટમાં પડકાર્યો હતો. જસ્ટિસ અનિરુદ્ધ પી.માંથીએ સરકારના સત્તાવાળાઓના નિર્ણયને બહાલ રાખ્યો હતો. નેશનલ હાઇવે પરની આ દરગાહને હાઇવેના વિસ્તરણ અને વિકાસ માટે હટાવવામાં આવી હતી. ■

# હાઈ કોર્ટમાં ધૂમ્રપાન કરનારા અસીલને ₹ ૫૦ હજારનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટમાં કાર્યવાહી સમયે ધૂમ્રપાન (સ્મોકિંગ) કરવું અસીલને ભારે પડ્યું હતું. હાઈકોર્ટે ચાલુ કોર્ટ દરમ્યાન સ્મોકિંગ કરવા બદલ એક શખ્સને ૫૦ હજારનો દંડ ફટકાર્યો હતો.

મળતી માહિતી મુજબ હાઈ કોર્ટમાં એક કેસની સુનાવણી થઈ રહી હતી. આ સુનાવણીમાં અસીલ રાજકોટથી વર્ચ્યુલી જોડાયા હતા.

કોર્ટમાં જ્યારે કેસની સુનાવણી ચાલતી હતી ત્યારે વર્ચ્યુલી જોડાયેલા અસીલ કોર્ટની અવમાનના કરતા જજની સામે ધૂમ્રપાન કર્યું હતું. કોર્ટે આ સમગ્ર ઘટનાની ગંભીર નોંધ લીધી હતી અને વર્ચ્યુલી જોડાયેલા રાજકોટના અરજદારને કોર્ટની અવહેલના કરવા બદલ ૫૦ હજારનો દંડ ફટકાયો હતો.

હાઈ કોર્ટના સખત વલણ બાદ અરજદારના વકીલ દ્વારા કોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી.વકીલે પોતાના અરજદારનો બચાવ કરતા કહ્યું હતું કે તેમને ખ્યાલ નહોતો વર્ચ્યુલી કોર્ટમાં જોડાયા દરમિયાન પણ કેટલાક નિયમોનું પાલન કરવું પડે છે.

તેમણે ઇરાદાપૂર્વક આ કામ કર્યું નથી માટે જજ આ દંડમાં થોડી રાહત આપે. જો કે કોર્ટે તે વિનંતી નકારી હતી. ■

# દીનાનાથ મંગેશકર હૉસ્પિટલને ૮,૦૦૦ સ્કે. ફૂટ જમીન એક રૂપિયે ભાડે ફડણવીસ સરકારે આપી છે

પુણેઃ પુણેની પ્રતિષ્ઠિત દીનાનાથ મંગેશકર હોસ્પિટલમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના વિધાન પરિષદના સભ્ય અમિત ગોરખેના અંગત સહાયક સુશાંત ભીસેની પત્નીને સારવાર આપવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો. પૈસા ન ચૂકવ્યા હોવાથી હોસ્પિટલએ ઉપચાર ન કરતાં મહિલાનું મોત થયું હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. વિધાનસભ્ય અમિત ગોરખેએ આ આરોપ કર્યો છે અને હવે ઘણા લોકો આગળ આવી રહ્યા છે. સામાજિક કાર્યકર્તા વિજય કુંભારએ પણ પોતાના સોશિયલ મીડિયાના એક્સ-એકાઉન્ટ પર પોસ્ટ કરી હતી, જેમાં હોસ્પિટલ સાથે સંબંધિત એક નાણાકીય વ્યવહારનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

અન્ય એક પોસ્ટમાં કુંભારએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના પ્રધાનમંડળે દીનાનાથ મંગેશકર હોસ્પિટલને છૂટછાટ આપવાની વિગતો પોસ્ટ કરી હતી. તેમણે જણાવ્યું છે કે 'ફેબ્રુઆરીમાં રાજ્ય સરકારે પુણેમાં લગભગ આઠ હજાર ચોરસ ફૂટ જમીન દીનાનાથ મંગેશકર હોસ્પિટલને વાર્ષિક એક રૂપિયામાં ભાડે આપી છે. ભૂતકાળમાં હોસ્પિટલ માટે ફાળવવામાં આવેલી જમીન પણ આવી જ રીતે ભાડે આપવામાં આવી હતી. હાલ આપવામાં આવેલી જમીનની કિંમત વર્તમાન બજાર ભાવે ઓછામાં ઓછી ૧૦ કરોડ રૂપિયાની હશે. જોકે હોસ્પિટલએ ૧૦ લાખ રૂપિયા અગાઉથી ન ચૂકવતા સારવારનો ઇનકાર કરી દીધો હતો અને દર્દીનું મોત નીપજ્યું હતું. આને શું સમજવું?'

### કડક કાર્યવાહી કરો

મુખ્ય પ્રધાનની કચેરી દ્વારા કહેવામાં આવ્યું છે કે હાઇકોર્ટના નિર્દેશો અનુસાર તૈયાર કરાયેલી ચેરિટી દર્દી યોજનાનો તમામ ચેરિટી હોસ્પિટલો દ્વારા અસરકારક રીતે અમલ થાય તેની ખાતરી કરવા માટે મુખ્ય સચિવ, કાયદો અને ન્યાય વિભાગ અને ચેરિટી કમિશનરને સૂચનાઓ જારી કરવામાં આવી છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્દેશો અનુસાર યોજનાનો અમલ ન કરનારા નર્સિંગ હોમ સામે કડક કાર્યવાહી થવી જોઈએ.

'બધી ચેરિટેબલ હોસ્પિટલોએ ગરીબ અને સંવેદનશીલ જૂથોના દર્દીઓ માટે ચેરિટેબલ હોસ્પિટલોમાં અનામત બેડ ઉપલબ્ધ કરાવવા માટે ઓનલાઈન સિસ્ટમ દ્વારા 'ચેરિટેબલ હોસ્પિટલ હેલ્પ ડેસ્ક' પાસેથી મંજૂરી લેવી જોઈએ,' એમ તેમાં કહેવામાં આવ્યું છે.

સમિતિનો અહેવાલ અને ભલામણો કાયદા અને ન્યાય વિભાગ દ્વારા રચાયેલી નિરીક્ષણ ટીમ દ્વારા સબમિટ કરવામાં આવી છે અને ભલામણો પર તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે, એમ નિવેદનમાં કહેવામાં આવ્યું છે.

'સરકારે ચેરિટેબલ હોસ્પિટલોમાં ૧૮૬ ચેરિટેબલ આરોગ્ય કર્મચારીઓને રોજગારી આપવાની મંજૂરી આપી છે. આ જગ્યાઓ તાત્કાલિક ભરવા જોઈએ. ગરીબ દર્દીઓ ભંડોળ (આઈપીએફ) ખાતા અંગેની નવીનતમ માહિતી ચેરિટેબલ હોસ્પિટલો પાસેથી મેળવીને ચેરિટી કમિશનરની વેબસાઇટ પર અપડેટ કરવી જોઈએ,' એમ તેમાં જણાવવામાં આવ્યું હતું. ■

### દોષી સામે કાર્યવાહી થશેઃ માધુરી મિસાળ

'રાજ્ય સરકારે દીનાનાથ હોસ્પિટલમાં બનેલી ઘટનાની સંપૂર્ણ તપાસના આદેશ આપ્યા છે. આ તપાસમાં જે પણ દોષી જણાશે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. રાજ્યની કોઈપણ હોસ્પિટલમાં આવી દુર્ભાગ્યપૂર્ણ ઘટના ફરી ન બને તે માટે જરૂરી પગલાં લેવામાં આવશે.' એમ રાજ્યના તબીબી શિક્ષણ ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન માધુરી મિસાળે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું.

મહારાષ્ટ્રના આરોગ્ય પ્રધાન પ્રકાશ અબિટકરે જણાવ્યું હતું કે, 'અમે આરોગ્ય વિભાગના નાયબ નિયામકને હોસ્પિટલમાં ખરેખર શું બન્યું તેની તપાસ કરવા જણાવ્યું છે. તેમનો રિપોર્ટ મળ્યા પછી, જો હોસ્પિટલ ખોટી હોવાનું જણાશે તો અમે જરૂરી પગલાં લઈશું.'

### અજિત પવારે સંયમ રાખવા કહ્યું

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને પુણે જિલ્લાના પાલક પ્રધાન અજિત પવારે પેનલનો રિપોર્ટ આવે ત્યાં સુધી દરેકને સંયમ રાખવા અને વહીવટીતંત્રને સહકાર આપવા વિનંતી કરી હતી. 'મેં આ તપાસ તાત્કાલિક, પારદર્શક અને નિષ્પક્ષ રીતે પૂર્ણ કરવા સૂચના આપી છે,' એમ તેમણે જણાવ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું હતું કે હૉસ્પિટલે પોતાનું નિવેદન આપ્યું છે અને બધાં જ પાસાંને ધ્યાનમાં લીધા પછી કાર્યવાહી કરવામાં આવશે. ■

# સેના નેતા ઘોસાળકર હત્યા કેસના સાક્ષીને જાનથી મારવાની ધમકી

મુંબઈઃ શિવસેના (યુબીટી) નેતા અભિષેક ઘોસાળકરની હત્યાના કેસના સાક્ષી લાલચંદ્ર પંચમ પાલને જાનથી મારવાની ધમકી આપવામાં આવતાં પોલીસે ગુનો નોંધ્યો હતો.

ભૂતપૂર્વ વિધાનસભ્ય વિનોદ ઘોસાળકરના પુત્ર અભિષેક ઘોસાળકરની ગયા વર્ષના ફેબ્રુઆરીમાં ગોળી મારી હત્યા કરવામાં આવી હતી. 'ફેસબુક લાઈવ' સેશન દરમિયાન સ્થાનિક કાર્યકરે અભિષેકને ગોળી માર્યા પછી પોતે પણ આપઘાત કર્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ પાલની ફરિયાદને આધારે શુક્રવારે રિયાઝ નામના શખસ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. ફરિયાદમાં જણાવાયું હતું કે ઘોસાળકર હત્યા કેસનો ૬૦ વર્ષનો સાક્ષી પાલ જે વ્હૉટ્સઍપ ગ્રૂપમાં છે તેમાં રિયાઝ પણ છે. મંગળવારે આ ગ્રૂપમાં રિયાઝે કથિત ધમકીભર્યો મેસેજ પોસ્ટ કર્યો હતો. ઘોસાળકરની જેમ જ પાલ તને પણ પતાવી નાખવામાં આવશે, એમ મેસેજમાં લખવામાં આવ્યું હતું. જોકે બાદમાં મેસેજ ગ્રૂપમાંથી ડિલિટ કરવામાં આવ્યો હતો, એવું એમએચબી કોલોની પોલીસે જણાવ્યું હતું. ■

# અંધેરીમાં લગ્નના ઇનકારથી યુવતીનો આપઘાતઃ કોન્સ્ટેબલ વિરુદ્ધ ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચાર વર્ષના પ્રેમસંબંધ બાદ પોલીસ કોન્સ્ટેબલે લગ્નનો ઇનકાર કરતાં હતાશ યુવતીએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના અંધેરીમાં બની હતી. યુવતીના મોબાઈલમાંથી મળેલા વીડિયો અને ચિઠ્ઠીને આધારે પોલીસે કોન્સ્ટેબલ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

અંધેરીના સિઝર રોડ ખાતે રહેતી ૨૩ વર્ષની યુવતીની માતાએ નોંધાવેલી ફરિયાદને આધારે અંબોલી પોલીસે ગુરુવારે સમય દળવી (૨૪) વિરુદ્ધ આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાનો ગુનો નોંધ્યો હતો. સમય થાણે પોલીસમાં ફરજ બજાવતો હોવાનું જાણવા મળ્યું હતું.

પોલીસ ફરિયાદ અનુસાર સમયની ઓળખાણ ચાર વર્ષ અગાઉ એ જ પરિસરમાં રહેતી યુવતી સાથે થઈ હતી. મિત્રતા પછી બન્ને વચ્ચે પ્રેમ થયો હતો. જોકે સમયના પરિવારજનોએ આ સંબંધનો વિરોધ કર્યો હતો. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે કોન્સ્ટેબલ અને યુવતી વચ્ચે શારીરિક સંબંધ બંધાયો હતો, જેને પગલે યુવતી બે વખત ગર્ભવતી બની હતી. સમયના કહેવાથી યુવતીએ બન્ને વખત ગર્ભપાત કરાવ્યો હતો.

વારંવાર લગ્નની વાત કર્યા બાદ સમયે ઇનકાર કરતાં યુવતી હતાશ થઈ ગઈ હતી. ૨૩ માર્ચે યુવતીની માતા નાની દીકરી સાથે ચર્ચમાં ગઈ હતી ત્યારે યુવતી ઘરમાં એકલી હતી. માતા સાંજે પાછી ફરી ત્યારે યુવતીનો મૃતદેહ મળી આવ્યો હતો. સીલિંગ ફૅનના હૂક સાથે ઓઢણી બાંધી તેણે ગળાફાંસો ખાધો હતો. યુવતીના મોબાઈલ ફોનમાંથી એક વીડિયો મળી આવ્યો હતો, જેમાં યુવતીએ આપવીતી જણાવી હતી. એ સિવાય કબાટમાંથી ત્રણ પાનાંની ચિઠ્ઠી મળી હતી. વીડિયો અને ચિઠ્ઠીને આધારે પોલીસે ગુનો નોંધ્યો હતો. ■

# ડોંબિવલીમાં સ્કૂલ બસે અડફેટમાં લેતાં વૃદ્ધાનું મોત

થાણેઃ થાણે જિલ્લાના ડોંબિવલી પૂર્વમાં માર્ગ ઓળંગી રહેલી ૬૯ વર્ષની વૃદ્ધાને પૂરઝડપે આવનારી સ્કૂલ બસે અડફેટમાં લેતાં તેનું મૃત્યુ થયું હતું. રામનગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે શુક્રવારે સવારે આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલી વૃદ્ધાની ઓળખ સુપ્રિયા મરાઠે તરીકે થઇ હતી. સુપ્રિયા માર્ગ ઓળંગી રહી હતી ત્યારે સ્કૂલ બસે તેને ટક્કર મારી હતી. સ્કૂલ બસ ભીડભાડવાળા વિસ્તારમાંથી પસાર થઇ રહી હતી. દરમિયાન અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલી સુપ્રિયાને સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી, જ્યાં તેને મૃત જાહેર કરાઇ હતી. (પીટીઆઇ) ■

# શૅર ટ્રેડિંગ ફ્રૉડમાં રોકાણકારોએ ગુમાવ્યા ૧.૨૩ કરોડ રૂપિયાઃ ત્રિપુટી વિરુદ્ધ ગુનો

થાણેઃ થાણે જિલ્લામાં શૅર ટ્રેડિંગમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચે ૬૦ વર્ષના વૃદ્ધ સહિત નવ જણ સાથે ૧.૨૩ કરોડની છેતરપિંડી આચરવા પ્રકરણે ત્રણ વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

આ પ્રકરણે નોંધાયેલી ફરિયાદને આધારે ત્રણ આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા અને મહારાષ્ટ્ર પ્રોટેક્શન ઓફ ઇન્ટરેસ્ટ ઓફ ડિપોઝિટર્સ (એમપીઆઇડી) એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ નવેમ્બર, ૨૦૨૩થી માર્ચ, ૨૦૨૫ દરમિયાન આ છેતરપિંડી આચરવામાં આવી હતી. આરોપીઓમાં અનિકેત મુઝુમદાર (૩૫), સંદેશ જોશી (૪૩) અને સંકેત જોશી (૩૬)નો સમાવેશ હોઇ તેઓ ડોંબિવલીના રહેવાસી છે. આરોપીઓએ ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝરી ફર્મ શરૂ કરી હતી અને તાલીમ સત્રોનું પણ આયોજન કર્યું હતું. બાદમાં ત્રણેય જણે શૅર ટ્રેડિંગમાં વ્યૂહાત્મક રોકાણ પર આકર્ષક અને ખાતરીદાયક વળતરનું વચન રોકાણકારોને આપ્યું હતું.

આરોપીઓએ પોતે આ ક્ષેત્રમાં નિષ્ણાત હોવાનું જણાવ્યું હતું અને વિધિસર તાલીમ આપી તથા વ્યાવસાયિક સલાહ આપીને રોકાણકારોનો વિશ્વાસ સંપાદન કર્યો હતો. રોકાણકારોએ ત્યાર બાદ ૧.૨૩ કરોડ રૂપિયા રોક્યા હતા, પણ તેમને વળતર આપવામાં આવ્યું નહોતું. રોકાણકારોએ વળતર અથવા રોકેલી રકમ પાછી માગી હતી, પણ આરોપીઓ તેમને ઉડાઉ જવાબ આપવા લાગ્યા હતા અને બાદમાં તેમના કૉલ લેવાના બંધ કરી દીધા હતા. ■

# વર્ષોના વિલંબ પછી વિક્રોલી આરઓબી આવતા મહિને ખુલ્લો મુકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વર્ષોથી પ્રલંબિત વિક્રોલી પૂર્વ અને પશ્ચિમને જોડનારો રેલ ઓવરહેડ બ્રિજ તેના અંતિમ તબક્કામાં છે. પુલ માટેના બાકી રહેલા ગર્ડર સાઈટ પર આવી ગયા છે અને બહુ જલદી તેને લોન્ચ કરવામાં આવશે. હાલ પુલનું ૮૫ ટકા કામ પૂરું થઈ ગયું છે અને બાકીનું ૧૫ ટકા કામ આવતા મહિનામાં પૂરું કરીને મે અંત સુધીમાં તેને વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવશે એવું પાલિકાએ આશ્વાસન આપ્યું છે.

વિક્રોલી પૂર્વમાં ઈસ્ટર્ન એક્સપ્રેસ અને વિક્રોલી પશ્ચિમમાં એસબીએસ માર્ગને જોડનારા આ પુલને કારણે વિક્રોલી પૂર્વથી પવઈ જવામાં સમયની અને ઈંધણની બચત થશે સાથે જ કાંજુરમાર્ગ અને ઘાટકોપરના લોકોને પણ ફાયદો થશે. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ પુલનું કામ અંતિમ તબક્કામાં છે. પુલના લોખંડના ગર્ડર સાઈટ પર દાખલ થઈ ગયા છે. ત્રણ તબક્કામાં ઊભા કરવમાં આવી રહેલા પુલના પહેલા તબક્કાનું કામ પૂરું થયું છે. પહેલા તબક્કામાં છ ગર્ડર નાખવામાં આવ્યા હતા. બાકીના બે તબક્કાનું કામ પ્રગતિ પર હોઈ બે તબક્કામાં ૧૨ ગર્ડર નાખવામાં આવવાના છે. મે, ૨૦૨૫ અંત સુધીમાં આ પુલ વાહનચાલકો માટે ખુલ્લો મૂકવામાં આવવાનો છે.

આ પુલનો મહત્ત્વનો ગર્ડર નાખવાનું કામ બહુ જલદી હાથ ધરવામાં આવવાનું છે. વિક્રોલી રેલવે સ્ટેશન પાસે સેન્ટ્રલ લાઈનમાં આવતા આ પુલની કુલ પહોળાઈ ૧૨ મીટર તો લંબાઈ ૬૧૫ મીટર છે. તેમાંથી ૫૬૫ મીટરનું કામ પાલિકા કરી રહી છે તો બાકીના ૫૦ મીટર લંબાઈનું કામ મધ્ય રેલવે તરફથી કરવામાં આવવાનું છે. આ પુલ પર નાખવામાં આવનારા ગર્ડર લગભગ ૨૫ મેટ્રિક ટનના છે. તેમ જ ગર્ડરની લબાઈ ૨૫થી ૩૦ મીટરની છે. પુલના ત્રણ તબક્કામાં આ ગર્ડર નાખવાની યોજના હતી. તેમાંથી હવે બે તબક્કાનું કામ હાથ ધરાશે.

પુલનું પૂર્વ બાજુનું કામ ૯૫ ટકા થઈ ગયું છે. તો પશ્ચિમ બાજુએ કામ ચાલી રહ્યું છે, જેમાં હાલ ત્યાં એપ્રોચ રોડનું કામ પૂરું થયું છે. પશ્ચિમમાં પુલની નજીક એક સ્કૂલ પાસે વળાંક લેય છે, તે ઠેકાણે 'ડેક સ્લેબ' નાખવામાં આવવાનો છે.

આ કામ ટેક્નિકલી અત્યંત જટિલ છે. છતાં આવતા મહિનામાં કામ પૂરું કરીને પૂલ ખુલ્લો મૂકી દેવાની પાલિકાની યોજના છે.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ આ પુલ માટે ૨૦૧૮ની સાલમાં વર્ક ઑર્ડર બહાર પાડવામાં આવ્યા હતા. અગાઉ તેની ડેડલાઈન ઑક્ટોબર ૨૦૨૦ની હતી. પરંતુ ડિઝાઈનમાં ફેરફાર, અતિક્રમણ, જમીન સંપાદન જેવા મુદ્દાઓની સાથે કોરોના મહામારીમાં લાગુ કરવામાં આવેલા લોકડાઉનને કારણે પ્રોજેક્ટની ડેડલાઈન લંબાઈને મે ૨૦૨૩થી ડિસેમ્બર ૨૪ સુધી અને હવે મે ૨૦૨૫ની થઈ ગઈ છે.

ડિસેમ્બર ૨૦૨૨ કામ શરૂ થયા પછી પ્રોજેક્ટનો ખર્ચ ૪૨ મહિનાના વિસ્તરણ સાથે ૭૧.૮૬ કરોડ રૂપિયા થયો હતો, જે બાદમાં ડિઝાઈનમાં ફેરફાર, બાંધકામ ખર્ચ વગેરે કારણથી વધીને ૭૯.૨૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો હતો અને હવે તેનો ખર્ચ ૧૦૪ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયો છે. ■

## પારસી મરણ

અદીલ ગોદરેજ ઇલાવા તે મરહુમો કેતી ગોદરેજ ઇલાવાના દીકરા. તે ધન બેહરામ પાલમકોતના દીકરા. તે તાનીયા રુશાદ પાલમકોતના મામા. (ઉં. વ. ૬૮), (રે. ઠે.) જી-૫૫, ખુશરુબાગ, એસ. બી. સિંગ રોડ, ઇલેક્ટ્રીક હાઉસ, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૫-૪-૨૫ના દિને બપોરે ૩.૪૫ વાગે કરાની અગિયારીમાં છેજી.

## જૈન મરણ

**ઝાલાવાડી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન**

ખેરવા (જતના) નિવાસી હાલ ચેમ્બુર સ્વ. કાંતિલાલ ગુલાબચંદ શેઠના પુત્ર ભોગીલાલ કાંતિલાલ શેઠના ધર્મપત્ની હંસાબેન (ઉં. વ. ૭૯) તા. ૩-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મિલન, રૂપીન, નિકેતાના મમ્મી. તે કવીતા મિલનકુમાર તથા અમિષા રૂપીનના સાસુ. રાજસીતાપુરવાળા માણેકલાલ કેશવજી શાહના સુપુત્રી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલારી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જામનગર નિવાસી હાલ મુંબઇ ગં. સ્વ. ભાવનાબેન વસા (ઉં.વ.૮૩) શુક્રવાર, તા. ૪-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. હરીશભાઇ વાલજીભાઇ વસાના ધર્મપત્ની. હીતેન અને કવિતાના મમ્મી. ભાવીની, હીરેનભાઇના સાસુ. તન્વી અને ધ્રૂવના દાદી. પ્રિયાંશી અને ભવ્યના નાની. કવિશના દાદીસાસુ. પિયરપક્ષે નગીનદાસ જેસંગભાઇ દોશીના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ૧૫/૨૩, ૬ઠે માળે, નવજીવન સોસાયટી, લેમિંગ્ટન રોડ, મુંબઇ સેન્ટ્રલ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભંડારીયા નિવાસી હાલ માટુંગા (કિંગ સર્કલ) શેઠ રસીકલાલ કાલીદાસના પુત્ર શૈલેષ (ઉં. વ. ૬૮) તે વર્ષાના પતિ. જીગર, ધ્રુવના પિતા. હર્ષા રાજેન્દ્ર શાહ, ચારૂ જીતેન્દ્ર શાહ, કેતન, અજયના ભાઇ, જાસ્મીન, સ્વાતિના જેઠ. તે પ્રિયંકાના સસરા. હિંમતભાઇ મહેતા હાલ માટુંગાના જમાઇ તા. ૩-૪-૨૫ ગુરુવારે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૫-૪-૨૫ શનિવારે ૪.૩૦થી ૬. ઠે. એસ.એન.ડી. ટી. હોલ, રફી અહમદ કીડવાઇ રોડ, કિંગસર્કલ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડા હાલે યુએસએના કસ્તુરબેન પ્રફુલચંદ્ર શાહ (ઉં. વ. ૮૧) તા. ૩૧-૧-૨૫ના અવસાન પામેલ છે. દેવકાબેન ડો. રતનશી કરમશીના પુત્રવધૂ. પ્રફુલચંદ્રના પત્ની. રાહુલના માતુશ્રી. વડાલાના દેવકાબેન કુંવરજી ગાલાના સુપુત્રી. સુરજી, તલકશી, નરેન્દ્ર, સુરેન્દ્ર, કુંદરોડીના ઝવેરબેન મગનલાલ ગંગર, પત્રીના ધનવંતી ધનજી ઘરોડ, નિર્મળાના બેન. પ્રાર્થના રાખેલ નથી.

બિદડા હાલે યુએસએના પ્રફુલચંદ્ર (પ્રેમચંદ) રતનશી શાહ (ઉં. વ. ૮૪) તા. ૧-૩-૨૦૨૫ના અવસાન પામેલ છે. દેવકાબેન ડો. રતનશી કરમશીના પુત્ર. કસ્તુરના પતિ. રાહુલના પિતા. વડાલાના દેવકાબેન કુંવરજી ગાલાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી.

ડોણના અ.સૌ. નિર્મલાબેન અરવિંદ શામજી છેડા (પ્રિન્સ) (ઉં. વ. ૭૨) તા. ૩-૪-૨૦૨૫ના અરિહંત શરણ પામ્યા છે. લાછબાઈ શામજી કોરશીના પુત્રવધૂ. અરવિંદભાઈના ધર્મપત્ની. નેહલ, ફાલ્ગુનીના માતુશ્રી. ભદ્રેશ્વરના લક્ષ્મીબેન શંભુલાલ કાનજી રાજગોરના સુપુત્રી. જયંતિલાલ, ભરતભાઈ, નીનાબેન જવાહરભાઈ રાજગોર, આશાબેન હસમુખભાઈ મહેતા, કરૂણાબેન પ્રવિણભાઈ પેથાણીના બેન. પ્રા. આજે સવારના ૧૦.૩૦ થી ૧૨. ઠે. યોગી સભાગૃહ, ૧લે માળે, દાદર (ઈસ્ટ)

કારાઘોઘાના વિનોદ મોણશી સાવલા (ઉં. વ. ૭૩) તા. ૩-૪ના અવસાન પામેલ છે. રતનબેન મોણશી ખેરાજના સુપુત્ર. હેમલતાના પતિ. પંકિલના પિતાશ્રી. પ્રેમજી, અરવિંદ, અનિલ, પત્રી કેશરબેન લાલજી, દેશલપુર નિર્મળા પોપટલાલ, સમાઘોઘા હેમકુંવર ભુપેન્દ્રના ભાઈ. ભુજપુર હાંસબાઈ લીલાધર દેઢિયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. વિનોદ સાવલા, ૫૩, ચંચલ સ્મૃતિ, વડાલા ઉદ્યોગ ભવનની સામે, વડાલા, મું. ૩૧.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા જૈન**

બોટાદ નિવાસી હાલ કાંદીવલી, સ્વ. હસમુખલાલ કાળીદાસ ગોપાણીના ધર્મપત્ની ગં.સ્વ.અરુણાબેન (ઉં. વ. ૮૦) ગુરૂવાર તા. ૩-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પિયુષ-રાજુલ, સ્વ.દિપેશ, પ્રજ્ઞા, રાજેશ-પૂર્વીના માતૃશ્રી. તે પિયરપક્ષે સ્વ. કાંતિલાલ અમૃતલાલ શાહની સુપુત્રી. સ્વ.કંચનબેન અમૃતલાલ વોરા, સ્વ.કમુબેન કનૈયાલાલ ગાંધીના ભાભી. સ્વ.વિનુભાઈ, સ્વ.અનિલભાઈ, પ્રવીણભાઈ, સ્વ.હર્ષાબેન, જ્યોતિબેન તથા નયનાબેનના બહેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વડાલ નિવાસી હાલ બોરીવલી સ્વ.વિજયાબેન કેશવલાલ વચ્છરાજ કોઠારીના સુપુત્ર અશોક કોઠારી (ઉં. વ. ૭૩) તા. ૨.૪.૨૫ના બુધવારે અરિહંતશરણ થયેલ છે. તે પ્રીતિબેનના પતિ. પૂર્વી જય મહેતા, ધરા ગૌરાંગ અજમેરા, દીપ્તિ વિરલ સોલાનીના પિતાશ્રી. બગસરા નિવાસી સ્વ.પ્રિયવંદાબેન ડાહ્યાલાલ મણિલાલ મેઘાણીના જમાઈ. સુરેશભાઈ, રોહિતભાઈ, સ્વ.હંસાબેન હેમેન્દ્રભાઈ શાહના ભાઈ. લૌકિક વ્યવહાર તથા સાદડી પ્રથા બંધ રાખેલ છે. ૧૪, પ્રશાંત, બીજો માળ, દત્તપાડા રોડ, રાજેન્દ્ર નગર, મહારાષ્ટ્ર બેંકની સામે, બોરીવલી પૂર્વ.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ કકરવાના સ્વ. હેમરાજ રાણા નંદુ (ઉં. વ. ૭૯) બુધવાર, તા. ૨-૪-૨૫ના મુંબઇ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. પુંજીબેન રાણાના સુપુત્ર. લીલાબેનના પતિ. ભરતના પિતા. શ્રીદેવીના સસરા. સ્વ. મુરજીના ભાઇ. ભરૂડિયાના સ્વ. જડીબેન ભીમશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. બી-૨૦, શ્રી એપાર્ટમેન્ટ, શિવસેના શાખાની પાછળ, ખોપટ, થાણા-વેસ્ટ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મુળી નિવાસી હાલ દહીસર સ્વ. હસમુખલાલ શાંતિલાલ શાહના ધર્મપત્ની સુશીલાબેન (ઉં. વ. ૮૯) તા. ૩-૪-૨૫ને ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે છાયા-અશોકકુમાર, દિના, શૈલા-પંકજકુમાર, જયેશ-જાગૃતિ, કેતન-હિના, તથા મનીષ-માધવીના માતા. તે સરોજબેન રમેશચંદ્ર શાહ, અલ્પાબેન દિપકકુમાર શાહના જેઠાણી. પિયરપક્ષે થાનગઢ નિવાસી સ્વ. કનકરાય છોટાલાલ મહેતા, નિર્મળાબેન જસવંતરાય મણીયાર, વસુમતીબેન ભાસ્કરભાઇ ગોસળીયા, ધર્મિષ્ઠાબેન નીતીનભાઇ ખંધારના મોટાબહેન. તે ભવ્ય-ફોરમ, નિશી-દર્શન, મહેક, વંશ તથા કાવ્યના દાદી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દેરાવાસી જૈન (થરાદ)**

થરાદ નિવાસી (લવાણા) હાલ કાંદિવલી, સ્વ. ધીરજલાલ મફતલાલ મોરખીયાના ધર્મપત્ની. દિવ્યાબેન ધીરજલાલ મોરખીયાનું અવસાન તા. ૩-૪-૨૫ના થયેલ છે. પુત્ર-અંકિત, જીગર. પુત્રી-કિનલ, હાર્દિકભાઇ, અદાણી. જમાઇ : હાર્દિકભાઇ, ભરતભાઇ, અદાણી.

# મહિલાના મૃત્યુને પગલે તોડફોડ

થાણેઃ કચરો છૂટો પાડવાની કામગીરી દરમિયાન એક્સકેવેટરમાં ફસાઈ જવાને કારણે મહિલાએ જીવ ગુમાવ્યા બાદ ઉશ્કેરાયેલા લોકોએ પથ્થરમારો કરી ૧૪ ડમ્પરની તોડફોડ કરી હતી. તોડફોડ અને કથિત દંગલ મચાવવા બદલ પોલીસે અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

વાગળે એસ્ટેટ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે સી. પી. તળાવ ખાતેના કચરા વિઘટન કેન્દ્રમાં ૩૧ માર્ચે બનેલી ઘટનામાં રાજશ્રી જાધવનું મૃત્યુ થયું હતું. આ કેન્દ્રમાં લગભગ ૫૦ મહિલા કામ કરતી હતી ત્યારે એક ડમ્પરે જાધવને ટક્કર મારી હતી. ડમ્પરની ટક્કરને કારણે મહિલા એક્સકેવેટરમાં ફસાઈ ગઈ હતી. પોલીસ ફરિયાદ અનુસાર આ ઘટનામાં મહિલાનું મૃત્યુ થયું હતું. બાદમાં મશીનના ઑપરેટરે કહેવાય છે કે એક્સકેવેટર બકેટથી મહિલાનો મૃતદેહ ઉપાડી ડમ્પરમાં નાખ્યો હતો. ઘટના સમયે હાજર લોકોમાં આ દૃશ્ય જોઈને રોષ ભભૂકી ઊઠ્યો હતો. રોષે ભરાયેલા આઠથી વધુ લોકોએ ડમ્પરો અને સ્પ્રેઈંગ મશીનો પર પથ્થરમારો કર્યો હતો, જેમાં ૧૪ ડમ્પરને નુકસાન થયું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું. થાણે મહાનગરપાલિકાના સેનિટરી ઈન્સ્પેક્ટરની ફરિયાદને આધારે પોલીસે બીજી એપ્રિલે એફઆઈઆર નોંધ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ મહિલાના મૃત્યુ પ્રકરણે એક્સકેવેટર ડ્રાઈવર મોહમ્મદ સનાઉલ્લાહ ફારૂક વિરુદ્ધ પણ શ્રીનગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. ■

નવમા પાનાનું ચાલુ

### સૈફ અલી ખાન

કાઢવામાં આવ્યો હતો. પાંચ દિવસ બાદ સૈફને ડિસ્ચાર્જ અપાયો હતો. પોલીસ આ કેસમાં બાંગ્લાદેશી નાગરિક શરીફુલ ઇસ્લામની ધરપકડ કરી હતી.

આરોપીની જામીન અરજીના વિરોધમાં પોલીસે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (એફએસએલ)ના રિપોર્ટનો ઉલ્લેખ કર્યો હતો. આરોપી પાસેથી જપ્ત કરાયેલો ચાકુનો ટુકડો, ઘટનાસ્થળેથી મળેલો ટુકડો અને ખાનન પીઠમાં ખૂંપેલો તેનો ત્રીજો ભાગ તપાસ માટે મોકલવામાં આવ્યો હતો. મેડિકલ ઓફિસરે આપેલા રિપોર્ટમાં જણાવ્યું હતું કે ત્રણેય ટુકડા મેળ ખાય છે અને તે એક જ હથિયારના છે, એવું પોલીસે લેખિત જવાબમાં જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

### પૂર્વના પરાંમાં

મૂકવામાં આવ્યા છે, તેની સામે કામ અત્યંત ધીમી ગતિએ ચાલી રહ્યું હોવાથી પાલિકા પ્રશાસનની ભારે ટીકા થઈ રહી છે. તેથી પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ શુક્રવારે રસ્તાના કામ કરનારા કૉન્ટ્રેક્ટરો સાથે મીટિંગ કરી હતી, એ દરમ્યાન તેમને કૉંક્રીટાઈઝેશનના કામ ઝડપથી કરવાની સાથે જ તેની ગુણવત્તા જળવાઈ રહે તે મુજબ કામ કરવાની સૂચના આપી હતી. સાથે જ ચોખ્ખા શબ્દોમાં ચેતવણી સુધ્ધાં આપી હોવાનું કહેવાય છે કે જો તેઓએ ખોદી મૂકેલા રસ્તાના કામ ધીમી ગતિએ કર્યા અને તેમની કામ કરવાની પદ્ધતિમાં સુધારો લાવ્યા નહીં તો તેમની પાસેથી કૉન્ટ્રેક્ટર રદ કરવામાં આવશે. એ ઉપરાંત કામ ધીમી ગતિએ કરવા બદ્લ તેમની સામે આકરા પગલાં પણ લેવામાં આવશે. ■

### નશેડી ડ્રાઈવરો

૨,૨૬૪ જણ દારૂના નશામાં વાહન ચલાવતાં ઝડપાયા હતા. નશામાં વાહન ચલાવનારાઓ પર મચક બેસાડવા માટે કડક પગલાં ભરવાનું નક્કી કરાયું છે. ગુનો નોંધવામાં આવે તો પાસપોર્ટ અને વિઝા મેળવવા જેવી પ્રક્રિયામાં વિઘ્ન આવતું હોવાથી નશામાં વાહન ચલાવનારાઓને રોકવામાં સફળતા મળી શકે છે, એવી આશા પોલીસે વ્યક્ત કરી હતી. ■

## હિન્દુ મરણ

**ઘોઘારી મોઢ વણિક**

સોનગઢ નિવાસી હાલ ઘાટકોપર અ. સૌ. ચંદ્રિકા મહેતા તે ચંદ્રકાન્ત વલ્લભદાસ મહેતાના ધર્મપત્ની. સ્વ. મોહનદાસ જે. શાહના પુત્રી. તે જીગર, હરીનના માતુશ્રી. નંદિની, રીકીતાના સાસુજી. રક્ષાબેન પંકજ મણિયારના ભાભી. આર્યા, નિયોશીના દાદી તા. ૩-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડ સત્તર તાલુકા ઔદીચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

હળવદના હાલ મુંબઈ, જિતેન્દ્ર દવે ૩ એપ્રિલે કૈલાસવાસી થયા છે. તે સ્વ. જયસુખભાઈ અને સ્વ. પુષ્પાબેનના દીકરા. સ્વ. ઉર્વશીબેના પતિ. ખ્યાતિ શાહ, હેતલ દોશીના પિતા. શ્રેયશ અને રોનકના સસરા. સ્વ. જયંતભાઈ, સ્વ. કુસુમ રાવલના જમાઈ. નરેશભાઈ, મીનાબેન, રક્ષાબેન જીવંતિકાબેન, સ્વ. જ્યોત્સનાબેનના ભાઈ. ટેલિફોનિક પ્રાર્થનાસભા ૬ એપ્રિલે બપોરે ૪ થી ૬ વાગ્યે રાખી છે.

**હાલાઈ લોહાણા**

ગામ ગીર ખોરાસા, હાલ તિલકનગર ચેમ્બુર, ગિરધરલાલ તન્ના (ઉં. વ. ૮૦) સ્વ. હેમકુંવરબેન અને સ્વ. નાથાલાલ ઓધવજી તન્નાના પુત્ર. સ્વ.તારાબેનના પતિ. સ્વ. સવજીભાઈ ભોજાણીના જમાઈ. આશિષ, મયંક, ઈલા પ્રથમેશ ઠક્કર અને નિશા જીગ્નેશ લાખાણીના પિતાશ્રી. અ. સૌ. સોનલ આશિષ તન્ના, અ. સૌ. પ્રિયા મયંક તન્નાના સસરા. વૃષ્ટિના દાદાજી. તા. ૪/૪/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૬/૪/૨૫ રવિવારના ૪:૦૦ થી ૫:૩૦. શ્રી સાઈલીલા હોલ, એ,૧/૧, રાજાવાડી હોસ્પિટલની બાજુમાં, આર. એન. ગાંધી રોડ, ઘાટકોપર (ઈસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર**

ગામ મોટા દડવા હાલ મલાડ, દેવશીભાઈ પ્રાગજીભાઈ પરમારના ધર્મપત્ની અ.સૌ.ચંદ્રિકાબેન પરમાર (ઉં. વ. ૭૭) તે ૨/૪/૨૫ના રામશરણ પામેલ છે. તે ચંદુભાઈ, રમાબેન ગુણવંતલાલ કનાડીયાના ભાભી. કિશોરભાઈ, નરેશભાઈ, જયશ્રીબેનના માતુશ્રી. હર્ષાબેનના સાસુ. પિયરપક્ષે ગામ બાબરાવાળા ગાંડાભાઈ જીવાભાઈ સિધ્ધપુરાની દિકરી. પ્રાર્થનાસભા શનિવાર તા. ૫/૪/૨૫ ૫.૦૦ થી ૭.૦૦. શ્રી લુહાર સુતાર વેલ્ફેર સેંટર, બીજો માળ, અંબાજીમાતાના મંદિરની બાજુમાં, કાર્ટર રોડ નં. ૩, બોરીવલી ઈસ્ટ.

**ઝાલાવાડી સઇ સુતાર**

સાયલા નિવાસી હાલ કાંદિવલી ચીમનલાલ ચાવડાના ધર્મપત્ની ગં. સ્વ. શારદાબેન (ઉં. વ. ૮૪) તે ૨/૪/૨૫ના રામશરણ પામેલ છે. તે દિનેશભાઇ તથા સ્વ. ચંદ્રિકાબેન મકવાણા, સ્વ. કૈલાશબેન ચાવડા, સ્વ. પ્રફુલ્લાબેન ચાવડા, રીટાબેન ચાવડાના માતુશ્રી. પ્રશાંત કૌશિક મકવાણાના નાની. અદિતિ પ્રશાંત મકવાણાના નાનીસાસુ. સાદડી પ્રથા બંધ છે.

**કપોળ**

મહુવા નિવાસી હાલ કાંદિવલી, ગં.સ્વ.મંજુલાબેન નવીનચંદ્ર ભીખાલાલ પારેખ (ઉં. વ. ૭૩) પ્રણવ, શ્વેતા નિલેશ મહેતાનાં માતુશ્રી. તે નેહલ અને નિલેશ શાંતિલાલનાં સાસુ. હસમુખભાઇ, નરેન્દ્રભાઈ, જીતેન્દ્રભાઈ, સ્વ. પુષ્પાબેન ધીરજલાલ, પ્રભાબેન રાજેશકુમાર, નીરૂબેન ચંદ્રકાંતનાં ભાભી. પિયરપક્ષે સાવરકુંડલાવાળા હાલ વિલેપાર્લા નિવાસી સ્વ.જમનાદાસ વશરામભાઈ મોદીનાં દિકરી. સ્વ. વસંતભાઈ, પ્રદીપભાઈ, અશ્વિનભાઈ, જતીનભાઈ, પ્રવિણાબેન રંજીતભાઈ, હંસાબેન રોહિતભાઈ, મધુબેન અશોકભાઈ ગાંધીનાં બેન. તા.૨.૪.૨૫ને બુધવારે શ્રીજીચરણ પામેલ છે. સર્વે પક્ષની પ્રાર્થનાસભા તા. ૫.૪.૨૦૨૫ને શનિવાર ૫ થી ૭. રઘુલીલા મોલ, જાસ્મીન હોલ, ૪થે માળે, બોરસાપાડા, પોયસર રોડ, બોરીવલી-વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

રાજકોટવાળા હાલ કાંદિવલી, બકુલભાઈ ઠક્કર (ભગદે) (ઉં. વ. ૭૪) તે સ્વ.ઇન્દુબેનના પતિ. સ્વ.દિવાળીબેન હરજીવનદાસ ભગદેના પુત્ર. ચિરાગ-ફાલ્ગુની તથા શીતલ રાજેશકુમાર કોટેચાના પિતાશ્રી. સ્વ.ચંદ્રકાન્તભાઈ, રાજેન્દ્રભાઇ, સ્વ.ભુપેન્દ્રભાઈ, ભરતભાઈ, સ્વ.પુષ્પાબેન વસાણી, સ્વ.અનિતા વસાણી, ભાનુબેન ગઢીયાના ભાઈ, સ્વ.વેલજીબેન પ્રાગજીભાઈ કોટેચાના જમાઈ ૧/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**માધવપુર ગિરિનારાયણ બ્રાહ્મણ**

ગો.વા.ધનશ્રીબેન (ધનીબેન) સૂર્યકાંત સેવક (ઉં. વ. ૮૮) તે ગો.વા.સૂર્યકાંત દ્વારકાદાસ સેવકના ધર્મપત્ની, સ્વ.જેષ્ઠારામ જીવરામ ભટ્ટના સુપુત્રી. સ્વ.દીપકભાઈ સેવક અને અ. સૌ. ભાવનાબેન જયંતભાઈ ભટ્ટના માતુશ્રી. તા.૨-૪-૨૦૨૫ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દમણીયા દરજી**

મૂળગામ દમણવાળા હાલ દહાણુ, સ્વ.વિજયાબેન તથા સ્વ.વ્રજલાલ નારણભાઇ દમણીયાના પુત્ર કૌશિકભાઈ (ઉં. વ. ૬૫) ૩૧/૩/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે હર્ષદાબેનના પતિ. કુંજન, મોનીકના પિતા. મનીષાના સસરા. સ્વ.રસીલાબેન તથા સ્વ.ભગવાનદાસ ભીખુભાઇ દરજીના જમાઈ. પ્રાર્થનાસભા ૬/૪/૨૫ના ૪ થી ૬. એચ કે ઈરાની હોલ, સ્ટેટ બેંકની સામે, ચંદ્રિકા હોટલની પાસે, દહાણુ રોડ વેસ્ટ.

**હાલાઇ લુહાણા**

જુહી (જાગૃતિ) સૂચક તે નિલેશ સૂચકના પત્ની. સ્વ. હંસાબેન અને સ્વ. જમનાદાસ સોમૈયાના પુત્રી. સ્વ. શૈલાબેન અને સ્વ. પ્રફુલભાઇ સૂચકના પુત્રવધૂ. રીટાબેન, મીનાબેન, શીતલબેન, સ્વ. પ્રદીપભાઇના બેન. તા. ૪-૪-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૭-૪-૨૫ના ૫થી ૭. ઠે. વનિતા વિશ્રામ, એચ. એન. હોસ્પિટલ ગેટ નં. ૬ની બાજુમાં, પ્રાર્થનાસમાજ-મુંબઇ-૪૦૦૦૦૪.

**ખંભાતી દશા પોરવાડ**

નયનાબેન શેઠ (ઉં. વ. ૭૭) તે સ્વ. વસંતભાઇ તુલસીદાસ શેઠ (અલીબાગ)ના પત્ની. તે સ્વ. વિરમતી ગતુલાલ મારફતીયાના પુત્રી. વૈશાલી અને વૃશાલીના માતા. સાઇકૃષ્ણ, કૃણાલના સાસુ. તે ચંદ્રવંદનભાઇ, સ્વ. કૃષ્ણભાઇ, સ્વ. દિનેશભાઇ, સ્વ. પ્રવીણભાઇ, અરુણભાઇ, તરલાબેન, હેમાબેનના ભાભી. સ્વ. જ્યોતિબેન બીપીનભાઇ દલાલ, અલકાબેન અશોકભાઇ ચોકસી, વત્સલાબેન નિરંજનભાઇ શાહના બેન. બુધવાર, તા. ૨-૪-૨૫ શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**મોઢ ચાતુર વેદી બ્રાહ્મણ**

બાલાસિનોર હાલ મલાડ પ્રેમિલાબેન ત્રિવેદી (ઉં. વ. ૯૦) તા. ૩-૪-૨૫ ગુરુવારના દેવલોક પામ્યા છે. તે સ્વ. પ્રદ્યુમન પ્રાણલાલ ત્રિવેદીના પત્ની. જયંત તથા સંગીતાના માતુશ્રી. રક્ષાબેન તથા મનોજકુમાર શર્માના સાસુ. હિતેશીના દાદી. શિવાંગીના નાની. શ્વસુર તથા પિયર પક્ષે બેસણાની પ્રથા બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|



# શબ્દ જો જાદુગર છે તો સમય છે બાજીગર...!

## -અને શબ્દ તથા સમય એ બન્નેને સમીપથી ઓળખી લેવા જરૂરી છે



ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

શબ્દ અને સમય... આ બન્ને અઢી અને ત્રણ અક્ષરના છે. આપણે શીખેલી અ..બ..ક..ડ .. બારખડીના એવા શબ્દ કે જો એનો આપણી રોજિંદી જિંદગીમાં ખરા સમયે ધાર્યો ઉપયોગ કરવામાં આવે તો રામબાણ જેવા સચોટ, નહીંતર અણુ બૉમ્બ જેવાં મહાવિનાશક પુરવાર થઈ શકે...

વાત 'શબ્દ'થી શરૂ કરીએ...

શબ્દ એક એવું શસ્ત્ર છે, જે વીરના હાથમાં અને એના ભાથામાં શોભે. જેમ એનો ઉપયોગ ઓછો તેમ એ વધુ અસરકારક. આ શબ્દ-શસ્ત્ર દ્રુષ્ટ કે કોઈ કા-પુરુષના હાથમાં જાય તો એ હૈયાહોળીથી લઈને સાચુકલી હોળી સળગે અને એનો વેડફાટ થાય એ વધારામાં... જાણીતા પ્રાધ્યાપક નિસર્ગ આહીરને ટાંકીએ તો શબ્દ માત્ર ચેતના નહીં,ઊર્જા પણ છે. બ્રહ્મની અદ્ભુત શક્તિ છે. સર્જનની અભિવ્યક્તિ છે. શબ્દ હકીકતમાં નિર્માયો નથી હોતો. એ હકીકતમાં અવતર્યો હોય છે..!

શબ્દની વાત આવે એટલે સહેજે છે કે શબ્દથી પ્રગટતી વાણીની વાત નીકળે અને વાણીની વાત આપણે કાઢીએ એટલે મૌન પણ એની પાછળ પાછળ પ્રવેશે. આમ લખાતો -બોલાતો શબ્દ આખરે મૌનમાં વિરમે. આપણી એક જાણીતી ઉક્તિ છે : 'ભલે તમે તમારા ગુરુની વાણી ન સમજી શકો,પણ ગુરુના મૌનને વાંચતા-ઉકેલતા શીખી જશો તોય તમારો બેડો પાર થઈ જશે..!'

બીજી તરફ, સાદા શબ્દોથી પણ જે પોતાના શબ્દોમાં વેધકતા સર્જી શકે છે એવા જાણીતા વિચારક-લેખક ગુણવંત શાહ કહે છે કે 'વિચારવું અને સતત વિચારવું એ મારો નિજાનંદ છે અને વિચાર આપણી પાસે શબ્દની અંબાડીએ ચઢીને આવે છે'... ગુણવંતભાઈ એમ પણ માને છે કે આ સૃષ્ટિ શબ્દની બનેલી છે અને શબ્દમાં એક પ્રકારનું ગુરુત્ત્વાકર્ષણ છે ને જ્યાં ગુરુત્ત્વાકર્ષણ હોય ત્યાં વજન તો રહેવાનું. આમ શબ્દ પણ વજનદાર હોય શકે... લખાયેલા કે વાણીરૂપે રજૂ થયેલા વજનદાર સચોટ શબ્દ ધાર્યું નિશાન પાડે છે. ચોક્કસ રીતે પ્રયોજાયેલા- ગોઠવાયેલા શબ્દ મંત્ર- તંત્રની સાધના બને છે, છતાં વિદ્વાનો કહે છે તેમ શબ્દોનો અંતિમ પડાવ તો મૌન જ છે, જે મોટાભાગે વજનદાર જ સાબિત થાય છે.

મૌનના બીજે છેડે આમ જુવો તો વાણી શબ્દની બનેલી છે અને શબ્દનું મૂળ કાર્ય અભિવ્યક્તિનું છે. આપણી વાત-કથા-વ્યથા-લાગણી વ્યક્ત કરવા અનુરૂપ શબ્દોની જરૂર પડે છે. બીજા શબ્દોમાં કહીએ તો શબ્દ તો હૃદયનો સાદ-નાદ છે. એ એક્સ -રે જેવો છે. એનો યોગ્ય ઉપયોગ થાય તો તબીબી એક્સ-રેની જેમ એ પસાર થઈને મનઃસ્થિતિનું આબાદ નિદાન કરી શકે. એ જ રીતે કવિ પણ પોતાના શબ્દોના કામાતુર પ્રેમમાં પડીને અદ્ભુત સર્જન કરી શકે છે. વિખ્યાત શાયર અમૃત 'ઘાયલ' એમની આગવી અદામાં કહે છે :

મારી પાસે છે શસ્ત્ર છે શબ્દ નામનું,
છે શબ્દ ચક્ર કૃષ્ણનું ને બાણ રામનું !

આમ તો સાક્ષરો કહે છે કે શબ્દો વિચારોને ટિંગાડવાની ખીંટી છે, પણ શબ્દો ભાગ્યે જ એનો સાચો અર્થ પ્રગટ કરે છે. હકીકતમાં જુવો તો શબ્દોનું વલણ અર્થ છુપાવવા તરફ હોય છે...!

બીજી તરફ, જાણીતા અંગ્રેજ પત્રકાર-વાર્તાકાર તથા બાળકોની પ્રિય એવી 'જંગલ બુક' જેવી વાર્તાઓના સર્જક જોસેફ રુડયાર્ડ કિપલિંગ કહે છે કે માનવીએ શોધેલી સૌથી શક્તિશાળી કેફી પદાર્થનું નામ છે - શબ્દ !

આ અંતિમના બીજે છેડે પહોંચતા અલગારી કવિ રમેશ પારેખ કહે છે :

'અહીં રઝળતા કાગળ છોડીને શબ્દો તમે ક્યાં ગયા?
વાવને વગડે મૂકી ખાલી, કહો જળ કયાં ગયાં?!'

આમ છતાં, જેમ આહાર-વાનગી માટે આપણા શબ્દો ખોરાક ન બની શકે તેમ શબ્દો વિશે માત્ર શબ્દોમાં વાત કરવી એ તો ચિત્રકારના બ્રશ- પીંછીના ચિત્ર માટે ખુદ એ જ પીંછીને પોતાનું ચિત્ર બનાવવા કે સેલ્ફી ક્લિક કરવા કહેવા જેવું અશક્ય છે...!

શબ્દ પછી હવે વાત કરીએ સમયની...

સમય પણ શબ્દ જેવો સાપેક્ષ-રિલેટિવ છે- બીજા પર આધાર રાખનારો છે. એને પણ આપણે કેટકેટલા શબ્દોથી ઓળખીએ છીએ-

ઓળખાવીએ છીએ : કાળ-કાલ- ઘડી-પળ-ક્ષણ-વેળા- અવસર-ટાઈમ સમો-સમય- વક્ત વગેરે, વગેરે...

સમય સાપેક્ષ કેવી રીતે છે એ આ એક સાદા ઉદાહરણથી સમજી શકાય... ધારો કે તમે તમારી પ્રેયસીને મળવા ગયા છો. નિયત સ્થળે તમે પહોંચી જાવ છો. એની રાહ જુવો છો. નિયત સમય કરતાં તમે પાંચ- સાત મિનિટ વહેલાં છો. પ્રિયજન કોઈ પણ સમયે આવી શકે,પણ તમે એને જોવા-મળવા-આશ્લેષમાં લેવા એવા આતુર છો કે પેલી પાંચ- સાત મિનિટ કેમે કરી ખૂટતી નથી... તમને એના આગમનનો સમય એવો લાંબો લાગે છે કે એને આવતા ભવના ભવ ખૂટી જશે મિલનની આતુરતા- અધિરાઈ એની પરાકાષ્ઠાએ પહોંચે છે... અને તમારી માશૂકા આખરે આવે છે.

એ માત્ર બે-પાંચ મિનિટ જ મોડી પડી છે, છતાં તમને લાગે છે જાણે યુગ વીતી ગયો. ખેર,એના આગમન પછી હવે સમયની પરિભાષા કેવી પલટાય છે એ જુવો...

પ્રેયસીને તમે મળ્યા...- ઢગલાબંધ વાતો થઈ મન મૂકીને- પેટ ભરીને અને આખરે છુટ્ટા પડવાનો સમય આવ્યો. આ મિલન અને આ વિખૂટા પડી રહ્યા છો એ વચ્ચે ત્રણેક કલાક વીતી ગયા છે, પણ તમને બન્નેને થાય છે : બસ? હજુ હમણાં તો મળ્યાં?!

તમને દેવ આનંદ જેવી પેલી ફિલિંગ - અનુભૂતિ થશેઃ

'અભી ન જાવ છોડ કે દિલ અભી ભરા નહીં...!'

આમ આ મેળાપ અને વિખૂટા પડવાની ક્રિયા-પ્રક્રિયા વચ્ચે સમયનો સાપેક્ષવાદ સમાઈ જઈને આવો ભ્રમ સર્જે છે. આવા આ સમય વિશે ટૂંકામાં ટૂંકા વાક્યથી લઈને થોથાંના થોથાં લખાયાં છે- ચર્ચાયા છે. અહીં જોઈએ- જાણીએ કેટલાંક ઉદાહરણ, જેમાં જ્ઞાનના દરિયા જેવું ઊંડાણ છે- વ્યક્ત લાગે છતાં કશું અવ્યક્ત છે... સાવ સામાન્ય લાગે એવી હળવાશભરી વાતોમાં વાસ્તવિક્તાનો મર્મ પણ છે, જેમ કે

- સમય અને સોનું પોતપોતાની વિશેષતા ધરાવે છે. એ બન્ને પોતાની આગવી રીતે મોંઘા છે. આમ છતાંય તમે એક ગ્રામ સોનાથી એક પળનોય સમય ખરીદી શકતા નથી. એ જ રીતે, એક કલાકનો સમય તમારી પાસે ફાજલ હોય તો તમે એની બદલે એક ગ્રામ સોનું પણ ન ખરીદી શકો...
- સફળ થવા માટે ખરા સમયની રાહ જોઈને ન બેસી રહેવાય. સતત મહેનત કરતા રહો-ખરો સમય આપોઆપ આવી જશે...
- તમે ટાઈમ મેનેજ કરી લો. ટાઈમ તમારી લાઈફ અચ્છી રીતે મેનેજ કરી આપશે...
- સાચું અને સારું કામ કરવા માટે ક્યારેય કોઈ સમય ખોટો નથી હોતો.
- કેટલાક લોકો કોઈ કાર્યમાં નિષ્ફળ નીવડે તો 'મને સમય ઓછો મળ્યો' એવી ફરિયાદ કરે ત્યારે આપણે સમજી લેવાનું કે એને સમય નહીં, કઈ દિશા પકડીને કામ પૂરું કરવાની સમજ જ ઓછી હતી...
- તમારી ક્ષણ-પળની તમે બરાબર કાળજી રાખશો તો ખરે ટાંકણે ઉપરવાળો તમારા કલાક-સમય બરાબર સાચવી લેશે.
- આવતા સમયને જે પારખી શકે એને સફળતા ક્યારેય થાપ આપી ન શકે...
- સમય કોઈથી બાંધ્યો બંધાતો નથી તેમ કાળ કોઈને છોડતો પણ નથી...

-અને હવે એક હળવી છતાં માર્મિક વાત સાથે આપણે છૂટા પડવાનો સમય આવી ગયો છે...

'રોલેક્સ' તથા 'ટાઈમેક્સ' બ્રાન્ડની વોચ વચ્ચે થયેલો આ સંવાદ સાંભળવા જેવો ને સમજવા જેવો છે. આ બન્ને જાણીતી બ્રાન્ડ વચ્ચે એક વાર આ રીતનો સંવાદ થયો...

**ટાઈમેક્સ :** યાર, આપણે બન્ને આદમીને ટાઈમ-સમય દર્શાવવાનું કામ કરીએ છીએ, છતાં તું આટલી બધી મોંઘી કેમ ?

**રોલેક્સઃ** (સ્મિત ફરકાવતાં) : તું માણસને માત્ર સમય દેખાડે છે, જ્યારે હું માણસનો સમય દર્શાવું છું...! ■

---

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# જાપાનમાં કોન્બિની એટલે કે કન્વિનિયન્સ સ્ટોરની બોલબાલા...






**જાપાનની** પહેલી રાત્રે ટોક્યો ટાવર સુધી ચાલીને જવામાં અને પાછાં આવવામાં રસ્તામાં દર થોડાં પગલે એક કન્વિનિયન્સ સ્ટોર નજરે પડ્યો હતો. ગરમાગરમ, તીખી તમતમતી રામેન ખાધા પછી કંઇક ઠંડકવાળું સ્વીટ ખાવા માટે આ સ્ટોરનો ઉપયોગ કરીશું એમ વિચારેલું. રાત્રે ટોક્યો ટાવરની ફોટોગ્રાફી કરવા માટે પણ મોટી સંખ્યામાં લોકો ટ્રાઇપોડથી રસ્તો રોકીને બેઠાં હતાં. ક્યાંક રીલ્સ અને ટિકટોક બની રહ્યાં હતાં. એવામાં સેંટ એન્ડ્રુઝ ચર્ચ પાસેથી ટાવરનો મસ્ત વ્યુ આવતો હતો. તે રાત્રે વળી ફુલ મૂન સાથે ટાવરની ફોટોગ્રાફી થાય તેમ હતું, એટલે પબ્લિકને તે દિવસે ખાસ ટાવરને કેમેરામાં કેદ કરવાનું ઘેલું લાગ્યું હોય તેવું લાગતું હતું. એવામાં ટાવરને જોવા સાથે નજર એક નાનકડાં ચર્ચ પર પણ પડી.

આ સેંટ એન્ડ્રુઝ ચર્ચ થોડું આઉટ-ઓફ-પ્લેસ અને નાનકડું લાગતું હતું. આમ પણ જાપાન તેનાં મંદિરો અને મોનાસ્ટરી માટે જાણીતું છે, પણ અહીં ઓછી સંખ્યામાં થોડાં ખ્યાતનામ ચર્ચ પણ છે. બહુમાળી ઇમારતો, ચળકતો આખો ચાંદો, લાલ ટોક્યો ટાવર અને ૧૮૭૦ના દશકમાં બનેલું આ ચર્ચ, આખાય રોપોન્ગી વિસ્તારના આ સુંદર ખૂણાને વધુ સુંદર બનાવે છે. હજી એપ્રિલમાં તો અહીં સ્પ્રિંગ બ્લોસમ પણ ઉમેરાય છે, એટલે રાતના ચાંદાને બદલે દિવસનાં ફૂલોનાં રંગો આવી જાય. ત્યાંથી ચાલીને હોટલ તરફ પાછાં જતાં પહેલાં એક ફેમિલી માર્ટ આવી. તે પછી લૉસન આવી. તે પછી એક સેવન-ઇલેવન આવી. થોડે આગળ જઈને વધુ એક ફેમિલી માર્ટ અને સેવન-ઇલેવન આવી. આમ આમ કરતાં, માહિતી મળી કે આખાય જાપાનમાં બાવીસ હજાર જેટલી સેવન-ઇલેવનની દુકાનો છે. તેને મિની સુપરમાર્કેટ કે કન્વિનિયન્સ સ્ટોર કહી શકાય. જાપાનીઝ તેને કોન્બિની કહીને બોલાવે. જે પણ જોઇએ તે આ ચોવીસ કલાક ખુલ્લી રહેતી કોન્બિનીમાં મળી જાય.

જાપાન જવાની તૈયારી દરમ્યાન પણ ત્યાંના કન્વિનિયન્સ સ્ટોર વિષે ઘણા આર્ટિકલ અને વીડિયો ધ્યાનમાં આવેલા. ખાસ કરીને ત્યાંની સ્ટ્રોબેરી એન્ડ ક્રીમ સેન્ડવિચ, એગ સેન્ડવિચ, વિવિધ શેપમાં બનતી સ્ટફ્ડ પેનકેક્સ, પુડિંગ્સ, અનોખા ફ્લેવર અને એસ્થેટિક શેપવાળી આઇસક્રીમ અને દુનિયાભરની કેક્સ, જાપાનમાં ખરેખર કન્વિનિયન્સ સ્ટોરની સ્વીટ્સની એક અલગ જ ફેનક્લબ છે. વળી દરેક સ્ટોરની આગવી વાનગી વખણાય એ પણ ખરું. બધે જ ત્યાંની સ્થાનિક રાઇસની વાનગી 'ઓનિગિરી'ની પણ મોટી વેરાઇટી મળે. આ સ્ટોર માત્ર ટૂરિસ્ટ ફોકસ્ડ નથી. ચોવીસ કલાક ખુલ્લા રહેતા હોવાને કારણે સ્થાનિકો પણ અહીં જ જાય છે. દરેક ગલીમાં કમસેકમ એક સ્ટોર તો છે જ. અહીં ઘરવખરી માટેની મોટી અલગ સુપરમાર્કેટ તો છે જ, પણ કન્વિનિયન્સ સ્ટોર માટે સ્થાનિકો અને ટૂરિસ્ટ બધા જ ગાંડા છે.

મજાની વાત છે, ૧૯૨૦ના દશકમાં અમેરિકામાં ખૂલેલી સેવન-ઇલેવન ત્યાં પણ મોટી ફ્રેન્ચાઇઝી છે જ, પણ છેલ્લા પાંચ દશકમાં તે જાપાનમાં એટલી લોકપ્રિય બની ગઇ છે કે તેનું હેડક્વાર્ટર અમેરિકામાં ટેક્સાસમાં હોવા છતાં, હવે તેને એક જાપાનીઝ કંપનીએ ખરીદી લીધી છે. ભારતમાં પણ રિલાયન્સે સેવન-ઇલેવન લાવવાનો પ્રયત્ન કર્યો છે. આ સ્ટોરનું કોઈ ને કોઈ વર્ઝન દુનિયાભરમાં છે, પણ જાપાનમાં તે કલ્ચરનો ભાગ બની ગયો છે. કોન્બિની સ્ટોર, જાપાનમાં માત્ર બિઝનેસ નથી, ત્યાંની રોજિંદી જિંદગીનો અનુભવ છે. અમે તે પહેલી સાંજે ચાખવા માટે પહેલી ઓનિગીરી લીધી, એક તૈયોકી એટલે કે ફિશ શેપમાં બનેલી સ્ટફ્ડ પેનકેક લીધી, એક કેરેમેલ પુડિંગ અને એક સોફ્ટ ચીઝકેક. દરેકનો એક નાનકડો પીસ જ હતો, પણ હોટલ સુધી પહોંચતાં, સાથે આટલી બધી આઇટમોના કારણે અમને એકદમ રિચ ફીલ થતું હતું.

નીચેથી તે રાત માટેનો નાઇટડ્રેસ લીધો. આ વળી એક વધુ જાપાનીઝ ફીચર હતું. અહીં દરેક હોટલ કોઈ ને કોઈ રૂપમાં નાઇટ ડ્રેસ કે ગાઉન પહેરવા આપે, તે રોજ ટોવેલ સાથે બદલાઈ પણ જાય. વળી મોટા ભાગની સારી હોટલમાં ઓનસેન અથવા આર્ટિફિશિયલ હોટ-ટબ અને સૌના પણ રહેતું. એટલે રોજ રાત્રે આખા દિવસનો થાક ઉતારી શકાય. અમે નીચે લાઉન્જમાં સ્વીટ્સની ઉજાણી કરવા બેઠાં. ખરેખર કન્વિનિયન્સ સ્ટોરનું આ સ્વરૂપ બીજે દુનિયામાં ક્યાંય નહોતું જોયું. હજી અહીં પહેલી સવાર પણ નહોતી પડી, પણ આ દેશ કેટલો ખાસ છે તે વાત અહીંની દરેક પ્રવૃત્તિ સાથે જોડાયેલી હતી.

અહીં રોજ ચાલવાનું પણ ઘણું થતું, અને તેનો ઉપાય પણ કન્વિનિયન્સ સ્ટોર પાસે હતો. ત્યાં સૂતી વખતે પગ પર લગાવવાના પેચ મળતા, તે રાત્રે લગાવીને સૂઈ જાઓ એટલે સવારે ફ્રેશ અને પગના દુખાવા વિના ઊઠો. આ પેચ પછી ઇન્ટરનેટ પર શોધ્યાં પણ મળ્યાં નહીં. અહીંની ખાસિયતો અહીંની જ બનીને રહે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવતું હોય તેવું લાગતું હતું. અને તેમાંની ઘણી બધી ખાસિયતો આ કોન્બિની સ્ટોરમાં મળી જતી. કુલ છપ્પન હજારથી પણ વધુ સ્ટોર સાથે જાપાનમાં કોન્બિનીનો બિઝનેસ દસ ટ્રિલિયન યેન્સનો છે. ત્યાં માત્ર ખરીદી જ નથી થતી, તમારો ઓનલાઇન શોપિંગનો ઓર્ડર ત્યાં ડિલિવર કરાવી શકાય, ત્યાં ઇન્શ્યોરન્સનું પ્રિમિયમ ભરી શકાય, પોસ્ટ પણ આપી શકાય. જાપાનમાં ઘર નાનાં હોય છે અને કિચન પણ. એવામાં કોન્બિનીમાંથી જ રોજનું ભાણું લઈને ત્યાં જ ગરમ કરીને ખાનારાઓની સંખ્યા પણ મોટી લાગી. જાપાનીઝ લોકો આ કોન્બિનીને પોતાની અંગત જિંદગીનો અતૂટ હિસ્સો બનાવી ચૂક્યાં છે. સાથે ટૂરિસ્ટને પણ તેમનો પૂરતો લાભ મળી જાય છે. ■

---

ફોકસ
નિધિ ભટ્ટ
feedback@bombaysamachar.com

# ...ત્યારે સૌર ઊર્જાથી રોશન થયા મણિપુરના ગ્રામીણ વિસ્તારો

**અંગ્રેજોની** ગુલામીમાંથી ભારતને આઝાદ થઇને ૭૫ કરતાં વધુ વર્ષ થઇ ગયા છતાં દેશમાં અમુક દુર્ગમ વિસ્તારો-ગામો એવાં છે જ્યાં હજી પણ મૂળભૂત સુવિધાઓ પહોંચી નથી. સરકાર તેના તરફથી સંપૂર્ણ પ્રયાસ કરી રહી છે, પણ નાગરિકોએ પણ આ માટેના પ્રયાસ કરવા જોઇએ, જેથી ભારતને વિકાસશીલમાંથી વિકસિત ભારત બનાવી શકાય. ઘણા લોકો પોતાની નૈતિક જવાબદારી સમજીને પણ દેશની પ્રગતિમાં ફાળો આપી લોકોના જીવનને રોશન કરતા હોય છે. આવી જ એક વ્યક્તિ છે સેઠ મોઇરંગથેમ. સેઠે મણિપુરમાં ફક્ત ગ્રીન એનર્જીનું સંચાર જ નહોતું કર્યું, પરંતુ ત્યાંના ગરીબ લોકોના પરિવારમાં આનંદની રોશની પણ લાવ્યો હતો. તેણે મણિપુરના ૧૦૦થી વધુ ગામના ૧૦૦૦થી વધુ પરિવારમાં સોલાર પેનલ બેસાડીને ત્યાંના લોકો માટે આર્થિક રીતે સધ્ધર થવાનો સ્વતંત્ર માર્ગ ખુલ્લો મૂક્યો હતો અને તેઓનાં બાળકો હવે વીજકાપ કે લોડશેડિંગની સમસ્યા વગર આરામથી ભણી શકે છે.

મણિપુરનાં એ ગામો જ્યાં પહેલા વીજળીની અનિયમિતતાને કારણે મહિલાઓ પોતાનો હેન્ડલૂમ, સિલાઇનું કામ બરાબર કરી શકતી નહોતી. અહીંના લોકોની રોજીરોટીનું સાધન ફક્ત સિલાઇ કામ જ હતું. વીજળી વારંવાર આવ-જા કરતી હતી, રાત્રે તો ફક્ત અંધકારનું જ રાજ હતું. એવામાં ત્યાંની મહિલાઓને પોતાનું કામ કરવામાં ઘણી મુશ્કેલી નડતી હતી. હવે મહિલાઓ કોઇ પણ બાધા વગર રાત્રે મોડે સુધી કામ કરી શકે છે તથા અહીંના વિદ્યાર્થીઓ માટે તે સોલાર પાવર વરદાન રૂપ સાબિત થયો છે.

સાંજના સમયે વીજળી ન હોવાને કારણે વિદ્યાર્થીઓ તેમનો અભ્યાસ બરાબર કરી શકતા નહોતા. કેરોસિનના દીવા હેઠળ તેમને ભણવું પડતું હતું, પણ હવે તેમના જીવનમાં પણ પ્રકાશ ફેલાયો છે. મણિપુરનાં અનેક ગામમાં સપનું સાકાર થવાનું શ્રેય ફક્ત સેઠને જાય છે.

મણિપુર યુનિવર્સિટીથી આર્ટ્સમાં ભણેલા સેઠે રાજ્યમાં સૌથી પહેલા આઠ વર્ષ નોન-



પ્રોફિટ બેઝ પર કામ કર્યું. આ બીડું ઝડપ્યા બાદ તે એવા એવા દુર્ગમ વિસ્તારોમાં જતો હતો જ્યાં વીજળી પહોંચી જ નહોતી.

વીજળી વગર જીવનમાં રોશની આવી શકે નહીં એનું ભાન હતું મને. તેથી સૌથી પહેલા સેલ્કો ફાઉન્ડેશન સાથે જોડાયો જે ગ્રામિણ વિસ્તારોમાં સૌર ઊર્જા પૂરી પાડવાનું કામ કરતી હતી. આ સંસ્થાનાં કાર્યોથી પ્રેરાઇને સેઠે ત્યાંથી તાલીમ મેળવી.

આખરે ૨૦૧૯માં સેઠે એસએનએલ એનર્જી સોલ્યુશન સંસ્થાની સ્થાપના કરી. ત્યારથી મણિપુરના દૂરના ગ્રામીણ વિસ્તારોમાં સેઠની સંસ્થા દ્વારા સોલાર પાવરનો પુરવઠો કરવામાં આવે છે.

શરૂઆતમાં સેઠને ઘણી મુશ્કેલી નડી હતી. એ વિશે સેઠ જણાવે છે...૪૦ વોટની સોલાર પેનલથી અમુક બલ્બમાં રોશની થઇ શકે છે અને તેનો ખર્ચ હતો રૂ. ૧૮,૦૦૦. તેથી સૌથી પહેલા પાવર લૂમવાળાઓનો સંપર્ક કર્યો અને તેમને સોલાર પાવરના ફાયદા જણાવ્યા, તેમને એક કિલો વોટ સોલાર ઊર્જાની પેનલ પૂરી પાડવામાં આવી જેથી તેઓ વગર કોઇ બાધા સરળતાથી તેમનાં મશીનો ઓપરેટ કરી શકે છે.

આ સિવાય મણિપુરના લોકટેક લેક જ્યાં માછીમારોના પાણીમાં તરતા ઝૂંપડા પર પણ સોલાર પેનલો બેસાડી દેવામાં આવી છે. આ સૌર ઊર્જાને કારણે પણ તેઓના વ્યવસાયમાં ફરક પડ્યો છે અને તેમનાં ઘરોમાં પણ રોશની થઇ છે.

સેઠે પોતાના કાર્યમાં અમુક બિનસરકારી સંસ્થાઓ અને માઇક્રોફાઇનાન્સ સંસ્થાઓ સાથે હાથ મિલાવ્યા છે. તેથી ગામવાસીઓને હવે ઇએમઆઇ બેઝ પર પણ સોલાર પેનલ પૂરી પાડવામાં આવે છે.

મણિપુરમાં શિયાળામાં સાંજે ચાર વાગ્યે સૂર્યાસ્ત થતો હોય છે, પણ હવે ત્યાર બાદ અહીંનાં ગામોમાં અંધકાર ફેલાતો નથી. ■

## ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

## ટેરિફ વોરથી વર્લ્ડ વોરઃ
# અમેરિકા ખરેખર કેટલું પાણીમાં છે?




આ લખાય છે ત્યારે ખબર છે કે યુરોપિયન યુનિયને ૪૫ કરોડ યુરોપવાસીઓને યુદ્ધની પરિસ્થિતિ માટે તૈયાર રહેવાની સૂચના આપી દીધી છે. આખા યુરોપની કુલ વસતિ આશરે ૭૫ કરોડ જેટલી છે, એમાંથી અડધાથી ય વધુ વસતિને જો યુદ્ધ વેઠવાનું આવે તો આખા યુરોપની શી વલે થાય, એ રામ જાણે! નેતાઓ યુદ્ધની વાતો તો કરે છે, પણ જો ખરેખર મહાયુદ્ધ ફાટી નીકળે તો કેટલા દેશ રણમેદાને દુશ્મનની ઝીંક ઝીલવા માટે સક્ષમ છે?

રશિયા-યુક્રેન પહેલેથી જ ભારે નુકસાન વેઠી ચૂક્યા છે. ચીન પણ જેટલું બહારથી દેખાય છે, એટલું મજબૂત નથી જ. જગત જમાદાર 'અંકલ સેમ' એટલે કે ખુદ યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાની શું પરિસ્થિતિ છે? તાજેતરમાં જ ડોનલ્ડ ટ્રમ્પે ઈરાનને ઘઘલાવતા કહ્યું કે ઈરાને ક્યારેય જોયા પણ નહિ હોય એવા બોમ્બ અમે ફેંકીશું!

આપણે દાયકાઓથી અમેરિકાને 'સુપર પાવર' તરીકે જોતા આવ્યા છીએ. પણ સાચું પૂછો તો અમેરિકાની હાલત ઘરડા થઇ રહેલા ફિલ્મી સુપર સ્ટાર જેવી છે. કોઈ મોટો ફિલ્મ સ્ટાર વધતી ઉંમરે ય પોતાનો બહોળો ચાહકવર્ગ તો જાળવી શકે, પણ પોતાની વધતી જતી શારીરિક મર્યાદાઓ સામે લાચાર બસ, અમેરિકાની હાલત પણ કંઈક અંશે આવી જ છે. અમેરિકી ઇકોનોમીમાં જે મોટી સમસ્યાઓ છે, એ તો હવે જગજાહેર છે. એક સમયે વિદેશનીતિને લઈને અમેરિકાના પાળેલા ખાંધિયા તરીકે વર્તનારા યુરોપિયન દેશો સાથેના સંબંધોમાં પણ ટેરિફવોરને કારણે ખટાશ આવી ગઈ છે. પાટું મારવાનો આનંદ પુતિન છોડશે નહીં. ચીન તો આમે ય ટેકનોલોજી સહિતના દરેક મોરચે અમેરિકાને ભરી પીવા બેઠું છે. ભારત એશિયામાં મજબૂત મિત્ર બની શકે એમ છે, પણ ખુદ અમેરિકાની ખોરી દાનત અને ભૂતકાળના અનુભવોને કારણે ભારત પોતે અમેરિકા સાથે સંતુલિત અંતર જાળવી રાખે છે. આ તો થઇ બહારી પરિબળોની વાત, પણ અમેરિકાની ખુદની સેનાની હાલત કેવી છે?

સૌપ્રથમ એક વાત બહુ સ્પષ્ટપણે સમજી લેવાની જરૂર છે કે આજની તારીખે અમેરિકાનો સીધો મુકાબલો કરવો બીજા કોઈ એકલ-દોકલ રાષ્ટ્ર માટે શક્ય નથી. લશ્કરી તાકાત અને હથિયારોને લઈને ચીન અને રશિયા પણ અમેરિકા સામે ટૂંકા જ પડે. આમ છતાં, અમેરિકાની આ પોલાદી તાકાતમાં ક્યાંક કાટ લાગવાની શરૂઆત થઇ ગઈ છે. જગત આખામાં શસ્ત્રોના સોદાગર તરીકે પંકાયેલું અમેરિકા ખુદ શસ્ત્રોની તંગી વેઠી રહ્યું છે. ગાઝા અને યુક્રેન મોરચે અમેરિકાનાં ઘણાં શસ્ત્રો વપરાઈ ગયાં છે. અમેરિકન આર્મી માટે આર્ટિલરી બનાવતો સૌથી મોટો પ્લાન્ટ આયોવા (Iowa) ખાતે આવેલો છે. એક અંદાજ મુજબ આ પ્લાન્ટ એક વર્ષમાં જેટલી આર્ટિલરીઝનું ઉત્પાદન કરે છે, એટલી તો યુક્રેન એક મહિનામાં રશિયા સામે ફૂંકી મારે છે! એક તબક્કે તો યુક્રેનને આપવા માટે કેટલાંક શસ્ત્રો અમેરિકાએ બીજા દેશો પાસેથી ખરીદવા પડેલા. ટ્રમ્પે ઓવલ ઓફિસમાં ઝેલેન્સકી સાથે જે તડાફડી કરી, એની પાછળ આવાં કેટલાંક વ્યૂહાત્મક કારણો પણ જવાબદાર છે. યુક્રેન હવે અમેરિકાને ય મોંઘું પડી રહ્યું છે. વાત જો કે માત્ર ટ્રમ્પ કે પછી યુક્રેન-ગાઝા પૂર્તિ જ સીમિત નથી. આ બધું શરૂ થયું એ પહેલાથી જ અમેરિકન શસ્ત્રાગારમાં તંગી જોવા મળી રહી છે.

ગાઝા યુદ્ધ દરમિયાન યમનના હૂતિ બળવાખોરોએ રેડ સી ખાતે નાકાબંધી કરેલી. આ નાકાબંધી તોડવા માટે અમેરિકન નેવીએ કરોડો ડૉલર્સની મોંઘીદાટ Tomahawk મિસાઈલ્સ સેંકડોની સંખ્યામાં વાપરી. એક અંદાજ મુજબ આવી એક મિસાઈલ અમેરિકાને દોઢથી બે મિલિયન ડૉલર્સમાં (આશરે બારથી સત્તર કરોડ રૂપિયા) પડે છે! આમ 'જગતના દાદા' તરીકેનું પદ જાળવી રાખવા માટે અમેરિકાએ આવા અનેક 'નાના-મોટા' ખર્ચાઓ કરવા પડે છે.

-અને હવે થોડી વાત અમેરિકન આર્મીના નોકરિયાત સૈનિકો વિશે. ૨૦૧૭માં અમેરિકન લશ્કરમાં ૪૦,૦૦૦ યુવાનોને ભરતી કરવાનો ગોલ હતો. એની સામે માત્ર ૨૮,૦૦૦ યુવાનો ભરતી થયા! (સોર્સઃ Army Times વેબસાઈટનો ૨૨ એપ્રિલ, ૨૦૧૮ના રોજ પબ્લિશ રિપોર્ટ) ૨૦૧૮માં પણ આ જ પરિસ્થિતિ ઊભી થઇ. છેવટે ૨૦૧૯માં સરકારે વિશેષ બોનસ અને ઘર નજીકના વિસ્તારોમાં ડ્યૂટી આપવાની જાહેરાત કરી, તેમ છતાં ધારી સંખ્યામાં યુવાનો ભરતી થવા આગળ ન આવ્યા તે ન જ આવ્યા! ઓછી ભરતીને કારણે પેદા થતી વિપરીત અસરો પણ બહુ ઝડપથી દેખાવા માંડી. 'ન્યૂઝવિક'ના રિપોર્ટ મુજબ ૨૦૨૩માં યુએસ નેવીને મેઇન્ટેનન્સ માટે સ્ટાફ ઘટતો હોવાથી પરિસ્થિતિ કથળી ગયેલી.

ટ્રમ્પ સરકાર એડીચોટીનું જોર લગાવે તો પણ હાલમાં જે ઘટ પડી છે, એની પૂર્તિ કરવામાં અમેરિકન લશ્કરને એક દાયકા જેટલો સમય લાગશે એવું નિષ્ણાતોનું કહેવું છે. પણ યુદ્ધ જેવા આકસ્મિક સંજોગો પેદા થાય તો મોટા પાયે ભરતી અને શસ્ત્રોનું ઉત્પાદન કરી શકાય. વિશ્વયુદ્ધો વખતે અમેરિકાએ પેલું 'અંકલ સેમ' વાળું પોસ્ટર (I want you for US Army) પબ્લિશ કરીને મોટી સંખ્યામાં સૈનિકો તાબડતોબ ભરતી કરેલા. જોકે, યુદ્ધ સિવાયના સંજોગોમાં આવું કરવું શક્ય નથી. સામાન્ય સંજોગોમાં રાષ્ટ્રને મોટી સંખ્યામાં સૈનિકો ભરતી કરવાની જરૂર હોતી નથી. કારણકે સૈનિકોના પગાર અને વિવિધ ભથ્થા, એમને ફાળવવા પડતાં હથિયારો-વાહનો સહિતનાં સંસાધનો તેમજ પેન્શનનો આર્થિક બોજ બહુ મોટો હોય છે. આથી દરેક દેશ જરૂરિયાત મુજબનું લક્ષ્ય નક્કી કરીને દર વર્ષે ભરતી બહાર પાડે છે.

અમેરિકા આજે ય લશ્કરી બાબતોમાં તેમજ વિવિધ સંસાધનોની દ્રષ્ટિએ 'સુપર પાવર' છે, એ સ્વીકારવું જ પડે તેમ છતાં અમેરિકન દળોનું વાસ્તવિક ચિત્ર આપણે ધારીએ છીએ એટલું પ્રભાવશાળી પણ નથી. ટેરિફ વોરનાં પગલે વર્લ્ડ વોરના ડાકલાં વાગી રહ્યા છે ત્યારે આગામી દિવસોમાં પરિસ્થિતિ કેવો વળાંક લેશે એ રામ જાણે. ■

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# નિસરણી ને તેનાં આકાર

**દાદર** અથવા નિસરણી અથવા સીડી એ મકાનનું અગત્યનું અંગ છે. એક સમય એવો હતો જ્યારે મકાન મુખ્યત્વે જમીન પર પ્રસરેલું રહેતું. જે તે કારણસર મકાનની ઊંચાઈ વધતી ગઈ, ઉપરના માળ બનાવાતાં ગયાં અને નિસરણીનું મહત્ત્વ વધતું ગયું. પહેલાં નિસરણી માળિયે કે અગાસી પર જવા માટે વપરાતી પણ હવે તે મકાનની આંતરિક કનેક્ટિવિટી - સંપર્કતા માટે મહત્ત્વની બની ગઈ.

નિસરણી ઘણાં પ્રકારની, ઘણાં પ્રકારનાં આકારની હોઈ શકે. નિસરણીનો આકાર કેવો બનાવવો છે તે મુખ્યત્વે નિસરણી બનાવવા માટે પ્રાપ્ય સ્થાનનો આકાર અને તેનું માપ, દ્રશ્ય અનુભૂતિ માટે ઈચ્છનીય જે તે પ્રકારની રચના, તેના બાંધકામ માટે ઉપયોગમાં લેવાનારી સામગ્રીનો પ્રકાર, નિસરણી દ્વારા કેટલી ઊંચાઈએ પહોંચવું છે તે બાબત, સમગ્ર મકાનની સ્થાપત્ય શૈલી, ઉપયોગિતામાં અનુકૂળતાની માત્રાની જરૂરિયાત તથા વ્યક્તિગત પસંદગી મહત્ત્વની ગણાય.

આવાસની રચનામાં નિસરણીની પહોળાઈ સામાન્ય રીતે એક મીટરની આસપાસ હોય. સંસ્થાકીય મકાનોમાં તેની પહોળાઈ ઉપયોગિતા પ્રમાણે વધુ રહે. સ્મારક કે પ્રતીકાત્મક મકાનોમાં નિસરણી મોટી-ભવ્ય પણ બનાવાય. નિસરણીનાં પગથિયા પર જ્યાં પગ મૂકવામાં આવે તેને 'ટ્રેડ' કહેવાય અને બે ટ્રેડ વચ્ચેના ઊભા અંતરને 'રાઈઝર' કહેવાય. સામાન્ય સંજોગોમાં ટ્રેડ ૩૦ સેન્ટિમીટર અને રાઈઝર ૧૫ સેન્ટિમીટર હોય તો તે અનુકૂળ કહેવાય. નિસરણી વચ્ચે આવતા મંચને 'લેન્ડિંગ' કહેવાય જેની પહોળાઈ નિસરણીની પહોળાઈથી ઓછી ન હોવી જોઈએ. લેન્ડિંગથી લેન્ડિંગને અથવા લેન્ડિંગથી માળને જોડતાં પગથિયાં-સમૂહને 'ફ્લાઇટ' કહેવાય. એક સમજ પ્રમાણે એક ફ્લાઈટમાં ૧૪-૧૫ કરતાં વધારે પગથિયાં ન હોવાં જોઈએ. આ થઈ મૂળભૂત વાત જે નિસરણીનો આકાર નક્કી કરવામાં પણ ભૂમિકા ભજવે.

સ્થાપત્યમાં સીધા આકારની નિસરણીનો સૌથી વધુ ઉપયોગ થયો હશે. આ નિસરણી એક અથવા બે ફ્લાઈટની હોઈ શકે. અહીં એક જ દિશામાં ઉપર ચઢવાનું હોય. નિસરણીનો આ સૌથી સરળ આકાર છે. આ પ્રકારની રચનામાં વચ્ચે લેન્ડિંગ પણ હોઈ શકે. આ પ્રકારની રચનામાં દ્રશ્ય અનુભૂતિની સમૃદ્ધિ રસપ્રદ બનાવવી મુશ્કેલ હોય છે. તેની સામે આ પ્રકારની નિસરણી સૌથી ઓછી જગ્યા રોકે. સીધી નિસરણી જ્યારે આગળ જતાં કાટખૂણે વળે ત્યારે તેને કાટખૂણી નિસરણી કહેવાય. સીધી નિસરણીની જે બાબતો હોય તે બધી અહીં પણ લાગુ પડે, ફેર એટલો કે બે ફ્લાઇટ એકબીજાને કાટખૂણે ગોઠવાય અને તેથી મનોવૈજ્ઞાનિક રીતે તેમની લંબાઈ, સીધી નિસરણીની સરખામણીમાં, ઓછી પ્રતીત થાય. અહીં થોડી નાટકીયતા પણ સર્જાય.

આ પ્રકારની નિસરણી પણ ઓછી જગ્યા રોકે એમ કહેવાય, તેને ખૂણામાં ગોઠવી શકાય. જ્યારે સીધી નિસરણી ૧૮૦ અંશના ખૂણે વળે ત્યારે તે પરત નિસરણી કહેવાય. અંગ્રેજીમાં તેને 'ડોગ લેગ્ડ' નિસરણી કહેવાય છે. અહીં લેન્ડિંગ મોટું બને. જ્યારે બે માળ વચ્ચેનું અંતર વધુ હોય, ઊંચાઈ વધુ હોય, મકાનની ઊંચાઈ એક માળ કરતાં વધુ હોય ત્યારે આ પ્રકારની નિસરણી વધુ પ્રયોજાતી હોય છે. આ પ્રકારની નિસરણી એક રીતે ઠરેલપણું દર્શાવે. આ પ્રકારની નિસરણી અગાઉની બે નિસરણીની સરખામણીમાં વધુ જગ્યા રોકે.

જગ્યાના અભાવે કે અન્ય કોઈ કારણસર જ્યારે કોઈ એક સ્થાનની આસપાસ એક પછી એક કાટખૂણે ફ્લાઈટ ગોઠવી નિસરણી બનાવવામાં આવે તો તેને સ્થાન-કેન્દ્રિત નિસરણી કહેવાય. આ પ્રકારની નિસરણી એપાર્ટમેન્ટમાં લિફ્ટની આજુબાજુ તો પ્રમાણમાં મોટા મકાનમાં કોઈ ખુલ્લાં ચોરસની આજુબાજુ બનાવાય. આ પ્રકારની નિસરણી રસપ્રદ બની શકે. તેમાં દર ફ્લાઈટમાં અંતર ઓછું ચઢવું પડતું હોવાથી મનોવૈજ્ઞાનિક રીતે થાક પણ ઓછો લાગે. આમ તો આ નિસરણી ચક્રાકાર બને, પરંતુ ચક્રાકાર નિસરણી એને કહેવાય કે જે એક થાંભલાની આસપાસ ટ્રેડ ગોઠવીને બનાવાઈ હોય.

સ્થાન-કેન્દ્રિત નિસરણીની સરખામણીમાં ચક્રાકાર અથવા સર્પાકાર નિસરણી ઓછી જગ્યામાં બનાવી શકાય, પરંતુ તેની સામે તેના ઉપયોગમાં અગવડતા વધુ રહેતી હોય છે. આ પ્રકારની નિસરણી મુખ્યત્વે ચોક્કસ પ્રકારની મર્યાદિત ઉપયોગિતા માટે જ હોય છે. જો તેને વિસ્તૃત પ્રમાણમાપમાં બનાવવામાં આવે તો તેનાથી નાટકીયતા સરસ સર્જાઈ શકે. કેટલીક વાર, નિસરણીની બે ફ્લાઈટ વચ્ચેનું લેન્ડિંગ ઘણું મોટું બનાવતું હોય છે, જેનો આવનજાવન ઉપરાંત અન્ય ઉપયોગ પણ કરાતો હોય છે. આ મધ્ય-સ્થાન પ્રકારની નિસરણી કહેવાય. અહીં એમ જણાય કે બે માળની વચ્ચે એક નાનકડો માળ - કક્ષ બનાવાયો છે. આ પ્રકારની રચનામાં જગ્યા વધુ જોઈએ, પરંતુ સાથે સાથે રસ પણ વધુ જળવાય.


નિસરણી ક્યારેક ગોળાકાર કે અંડાકાર બનાવવામાં આવે. નાટકીયતા સર્જવા માટે આ પ્રકારની રચનાની પસંદગી સૌથી વધુ થતી હોય છે. અહીં જગ્યા પણ વધુ જોઈએ, કિંમત પણ વધુ થાય અને ભવ્યતા પણ વધુ સ્થપાય. આ પ્રકારની નિસરણીની ગોળાઈ જો યોગ્ય ન હોય તો નિસરણીની પહોળાઈના અમુક ભાગમાં ચઢ-ઊતર મુશ્કેલ બને. આ નિસરણીના માપની ગણતરી પણ બહુ વૈજ્ઞાનિક ઢબે થાય તે જરૂરી છે. કેટલાંક સંસ્થાકીય મકાનોમાં સામસામેથી શરૂ થતી બે નિસરણીઓને એકબીજાને જાણે છેદતી હોય તે રીતે છેદક-નિસરણી બનાવાય છે. એક રીતે જોતા અહીં એક નહીં પણ બે નિસરણી પ્રયોજાય છે. આવન-જાવન સરળ તથા વધુ અસરકારક બનાવવા આમ કરાતું હોય છે.

જે નિસરણી માત્ર ઉપયોગિતા માટે જ હોય, જેનો ઉપયોગ કારીગર વર્ગ દ્વારા જ થવાનો હોય, તેની રચના માટે દીવાલમાં માત્ર લોખંડના અનુકૂળ માપના 'સી' આકારના પાઇપ જડી દેવાય છે. આને મંકી લેડર - કપિ નિસરણી કહેવાય. બાળકો કે વૃદ્ધો દ્વારા તેનો ઉપયોગ શક્ય ન હોય. આ સિવાય પણ આકાર પ્રમાણે કેટલીક નિસરણીના પ્રકાર નિર્ધારિત થયાં છે, પણ તે બધાંની સૂચિ અહીં જરૂરી નથી.

સ્થાપત્યમાં નિસરણી એક માત્ર એવી રચના છે કે જે નથી સમતલ હોતી કે નથી હોતી લંબમાં, તે ત્રાંસમાં આવે છે, અને તેથી તેનાથી નાટકીયતા સર્જાવાની શક્યતા સૌથી વધુ વધી જાય છે. દરેક પ્રકારની નિસરણી જુદાં જુદાં પ્રકારની નાટકીયતા સર્જી શકે. ઉપયોગિતા સાથે પસંદગીમાં તેનું પણ ધ્યાન રખાય સ્વાભાવિક છે. ■










## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# તમે મસ્ત કાર્ટૂન જેવા લાગો છો...




આ લોકોને થયું છે શું? સુંદર દેખાવા ધમપછાડા કરતા લોકો માનસિક સ્વસ્થતા ગુમાવી કાર્ટૂન જેવા દેખાવા મથે છે.

Ghibli ઈમેજ બનાવવા પાછળ કંઈકના સગપણ તૂટી ગયા તો લગ્નની તારીખો આઘી પાછી થઈ ગઈ. વર્ષો જૂની કોઈકની મિત્રતા તૂટી ગઈ તો એક ઇમેજ બનાવી દેવામાં સાત જનમના પ્રેમ થઈ ગયા.

રાતના ૧૧:૦૦ વાગે ફોનની ઘંટડી રણકી..

'હાય સોનુ બેબી... મીસ મી ના?' આટલું સાંભળીને તમે એવું ન સમજતા કે કોઈ છોકરાએ છોકરીને આ વાત છે.

હા ૨૪ વર્ષના ભાડભાદર છોકરાને છોકરીએ 'સોનું બેબી' કીધું છે. અને સામેથી આ માનુની પૂછી લે છે : 'મિસ મી ના?'

છોકરાની હાલત એવી થાય કે જો ના પાડે તો નવું શોધવું પડે અને હા પાડે તો તરત જ કહેશે કે તો પછી તે 'મને મિસ યુ નો' મેસેજ કેમ ના કર્યો?'

પરંતુ આજે છોકરી ઝગડવાના મૂડમાં નથી.

તરત જ કહેશે 'જવા દે આઈ નો કે તું મને મિસ કરતો હોય છે. ચાલ મને સરસ મજાની મારા ફોટા પરથી 'જીબલી' ઈમેજ બનાવી અને મોકલ.'

(ઘણા આ Ghibli ને 'ગિબલી' પણ કહે છે)

છોકરાએ ઉતાવળમાં કહી દીધું કે 'દરેક લોકોને આજ કરવું છે મારે કેટલાકનું કામ કરવું?'

'મારી પાસે આઠ જીબ્લી ઈમેજનું કામ પેન્ડિંગ છે.'

ખલ્લાસ ગર્લફ્રેન્ડનો મિજાજ સાતમા આસમાને પહોંચી જાય 'કોણ છે બીજી સાત ચીબાવલીઓ? કમ્પ્યુટર એન્જિનિયરિંગમાં એડમિશન લીધું ત્યારે આપણી વાત થઈ હતી કે તારે ફક્ત મારા માટે જ કામ કરવાનું. (એ બાઈ, કમ્પ્યુટર એન્જિનિયરિંગમાં આ જીબલી ઈમેજ આવે? બીજો કોઈ કામ ધંધો કરવાનો કે નહીં?)

'અરે, વાત તો સાંભળ તારા સિવાય બીજી કોઈ ચિબાવલી નથી. મારા ફેમિલી મેમ્બર નાની બહેનથી માંડીને દાદા- દાદી અને નાના- નાની બધાને આ ઈમેજ બનાવી દેવાની છે.'

'આ કાર્ટૂન જેવા ફોટા બનાવવામાં ખરેખર અત્યારે કોઈ મારો ફોટો પાડે તો કાર્ટૂન જેવો જ આવે તેવી હાલત થઈ ગઈ છે.'

પરંતુ આવું કહી શકાતું નથી કારણ કે જો ગર્લફ્રેન્ડ છોડીને ચાલી જાય તો મિત્રો વચ્ચે ખરેખર જિંદગી કાર્ટૂન થઈ જાય. એટલે મસ્કા મારી અને છોકરો એટલું કહી દે 'યુ નો બેબી જિબ્લી સોફ્ટવેર છે અને એ થાકી જાય તો તારા બ્યુટીફૂલ ફોટાને યોગ્ય ન્યાય ન મળે. એટલે કલાક બે કલાક એ આરામ કરી લે પછી મસ્ત ઈમેજ બનાવી અને મોકલશે. મારે જિબલી સાથે વાત થઈ ગઈ છે. યુ આર સ્પેશિયલ ફોર મી એન્ડ જીબલી યુ નો ના, જાનુ?'

'સો સ્વીટ બાબુ, લવ યુ બાય...'

ઊંડો શ્વાસ લઈ અને બેબી રિલેક્સ થાય.

ખરેખર આ જીબલી (કે પછી ગિબલી !) ઇમેજની વાત આવ્યા પછી હિન્દુસ્તાનમાં બીજો કોઈ પ્રશ્ન રહ્યો જ ન હોય તેવું વાતાવરણ થઈ ગયું.

ટ્રમ્પના ટેરિફ ભુલાણા, શેર બજારનો ઇન્ડેક્સ ખોવાઈ ગયો, મોંઘવારી તો ક્યાંય પાછળ રહી ગઈ, વક્ફ બોર્ડનો ચુકાદો કે ચર્ચા થઈ કે નહીં તે પણ યાદ ના રહ્યું. કોની કબર સલામત છે કે સ્ટેન્ડ અપ કોમેડિયન શું બોલી ગયો હતો તે પણ ચર્ચા નથી થતી.

બસ, એક માત્ર નાદ 'મને કોઈ જીબલી ઈમેજ બનાવતા શીખવો.'

મને તો રાત્રે બે વાગે ચુનીલાલનો ફોન આવ્યો મને કહે : 'મિલનભાઈ, અત્યાર સુધી મેં કોશિશ કરી પરંતુ ના કામયાબ રહ્યો. પછી એમ થયું કે મિલનભાઈ ને પૂછી લઉં. બીજો પ્રશ્ન એ પણ થયો કે અત્યારે ૨:૦૦ વાગે પુછાય કે નહીં? પરંતુ અંદરથી જવાબ આવ્યો કે કલાકારો તો નિશાચર કહેવાય. હજુ તો જાગતા હશે એટલે તમને ફોન કરું છું.'

આટલું એ બોલ્યો ત્યાં તો હું ફરી સુઈ ગયો હતો, પરંતુ રૂબરૂ આવી અને કાનમાં રાડું પાડતો હોય તેવો ચુનિયાનો 'હલો. હલો'નો અવાજ ફરી આવ્યો.

મેં તરત જ કહ્યું : 'અર્જન્ટ ન હોય તો ચુનીલાલ જે કાંઈ કામ હોય તે સવારે કહેજો.'

મને કહે 'તમે મારી ૧૦૮ છો. અર્જન્ટ ન હોય તો તમને એવું લાગે છે કે હું તમને હેરાન કરું?'

હવે ખરેખર હું ગંભીર થઈ ગયો અને મનોમન મારી જાતને કોષવા લાગ્યો કે કોઈ રાતના ૨:૦૦ વાગે ઇમર્જન્સી સિવાય થોડું ફોન કરે એટલે ગંભીરતાથી મેં પૂછ્યું 'હા બોલો ચુનીલાલ, કોણ માંદુ છે?'

મને કહે : 'આજુબાજુમાં કો'ક હશે. આપણે તો ટનાટન છીએ.'

પણ વિષય ગંભીર છે એટલે મેં તમને ફોન કર્યો.

છેલ્લા ત્રણ કલાકથી હું મારા ફોટામાંથી જીબલી ઈમેજ બનાવવાનો પ્રયત્ન કરું છું, પરંતુ આ સોફ્ટવેરની કાંઈ ભૂલ હશે મારો ફોટો રિજેક્ટ કરે છે.'

હવે ખરેખર મને ગુસ્સો આવ્યો : 'આ કોઈ જીવન- મરણ જેવી કોઈ ગંભીર બાબત નથી આ તો સવારે પણ કહી શકાત. અત્યારે મારી ઊંઘ બગાડવાનો શું અર્થ છે, ચુનીલાલ?'

ત્યાં તો ચુનીલાલ ડબલ ઊંચા અવાજે મને ખખડાવવા માંડ્યો 'બસને મિલનભાઈ, રાત્રે ૨:૦૦ વાગે એક મિત્રને મિત્રની જરૂર પડી અને મિત્રએ મિત્રને દગો દઈ દીધો.'

'અરે સવાર સુધીમાં મારા સોશિયલ મીડિયા પર મારી જીબલી ઈમેજ અપલોડ નહીં થાય તો આ સમાજ મને શું કહેશે? મને તો મૂરખ કે અભણ કહેશે, પરંતુ મારી આજુબાજુ મારા મિત્ર વિશે વિચારશે ત્યારે તમારું નામ તેમાં મોખરે હશે.અને હું નથી ઈચ્છતો કે લોકો મારી સાથે સાથે તમને પણ મૂરખ કે અભણ ગણે...ગામ જાગે અને આવું કશું વિચારે તે પહેલા મને એમ થયું કે હું તમારી સહાયતાથી આપણી બંનેની આબરૂ બચી જાય તે માટે જીબલી ઈમેજ બનાવી સોશિયલ મીડિયામાં અપલોડ કરી દઉં.'

ચુનીલાલ સહેજ અટક્યો પછી ફરી શરૂ કર્યું :

'ખરેખર તમે મને બહુ દુઃખી કર્યો. હું જ ગાલાવેલો છું. તમને મિત્રતાની કદર નથી. મને તમારી એટલી ચિંતા છે કે રાતના ૨:૦૦ વાગે હું જાગીને પણ તમારી ચિંતા કરી શકું છું.'

ખરેખર આ ફોનની વાતો ઉપરથી હું ગોટાળે ચડી ગયો. કે 'આમાં વાંક કોનો છે? સમાજ શા માટે, કોને, અને શું કામ કશું કહેશે?'

આટલું કહી અને ચુનિયાએ તો ફોન મૂકી દીધો, પરંતુ છેલ્લી બે કલાકથી હું અમારા બંનેના જીબલી ફોટા બનાવવાનો પ્રયત્ન કરું છું.

મેં બે- ત્રણ વાર ચુનિયાને રીંગ કરી પણ નો રિપ્લાય થયો. કદાચ સૂઈ ગયો હશે. ■

**વિચારવાયુઃ**

*રીનીઃ રોનીને જોયો? કેવો લાગે છે?*

*જીનીઃ ફોટો જોઈ એને મળવા બોલાવેલો, પરંતુ રૂબરૂ તો સાવ 'જીબલી' ઈમેજ જેવો લાગે છે.*

## સ્પોર્ટ્સ મૅન

યશવંત ચાડ
feedback@bombaysamachar.com

# ટીમ ઈન્ડિયાના ઈંગ્લૅન્ડ-પ્રવાસ માટેની ટીમ જાહેર કરશો, પણ ક્યારે?

### આગરકરની કમિટી ૨૦-૨૫ નામ જાહેર કરશે તો ખેલાડીઓને માનસિક-શારીરિક તૈયારી કરવામાં સરળતા પડશેઃ રોહિતને જ સુકાન સોંપશો કે શું?

આગામી જૂનમાં ઇંગ્લૅન્ડમાં ભારતની પાંચ ટેસ્ટ-મૅચની અતિ મહત્ત્વની શ્રેણી રમાવાની છે અને એ માટે ટીમ ઇન્ડિયાની તૈયારી કેવી છે એ પ્રશ્ન સહેજે ઉદ્ભવે.

હવે આનો જવાબ તો ફક્ત બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) જ આપી શકે.

તેઓ ભારતીય ટીમની પસંદગી સમિતિના અધ્યક્ષ અજિત આગરકર તથા તેમના અન્ય સાથીઓ સાથે ચર્ચા કરીને ઇંગ્લૅન્ડ-પ્રવાસ વિશે આગોતરી તૈયારી બાબતમાં નીતિ કે રણનીતિ વહેલાસર નક્કી કરી લે તો સારું.

દરેક ક્રિકેટ રસિકના મનમાં એક સવાલ ઉદ્ભવતો જ હશે કે અજિત આગરકરના નેતૃત્વવાળી સિલેક્શન કમિટી બ્રિટિશલૅન્ડ ખાતેના પ્રવાસ માટે કયા આધારે ટીમના સુકાની અને અન્ય ખેલાડીઓની પસંદગી કરશે?

કારણ એ છે કે હાલમાં તો ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) ચાલી રહી છે એટલે (અન્ય દેશોના કરોડો ક્રિકેટપ્રેમીઓ સહિત) તમામ ક્રિકેટરસિકોનું ધ્યાન માત્ર આઇપીએલ પર જ છે એમાં કોઈ આશ્ચર્ય નથી, પરંતુ મુદ્દાની વાત છે કે રનના ઢગલા અને વિકેટોની હારમાળા તેમ જ આ ટૂર્નામેન્ટમાં રચાતા વિક્રમોને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સાથે કંઈ જ લાગતું વળગતું નથી હોતું. રેકૉર્ડસની ગણના ઇન્ટરનૅશનલ ક્રિકેટમાં સામેલ નથી હોતી. સૌથી મોટો સવાલ એ છે કે આઇપીએલની મૅચોમાં ક્રિકેટપ્રેમીઓનો આટલો બધો ઉત્સાહ ફક્ત મનોરંજન હેતુ માટે જ છે કે પછી સ્ટાર આંતરરાષ્ટ્રીય ખેલાડીઓની રમત જોવાની લાલસા કે પછી ગાંઠના પૈસા ખર્ચીને ફક્ત એન્ટરટેઇનમેન્ટ માણવાની સહજવૃત્તિ છે?

કારણ ગમે એ હોય, બે દેશ વચ્ચે રમાતી આંતરરાષ્ટ્રીય મૅચોની ટિકિટો મેળવવી સામાન્ય જનતા માટે ખાંડાના ખેલ જેવું છે અને આથી જ આંતરરાષ્ટ્રીય ક્રિકેટની ભૂખ ભાંગવા પ્રેક્ષકો આઇપીએલની મૅચોમાં ટોળાનાં ટોળાં પોતાના મનપસંદ ખેલાડીઓને રમતો જોવા ઊમટી પડતા હોય છે.





ગૌતમ ગંભીર – અજિત આગરકર

ફરી ઇંગ્લૅન્ડના પ્રવાસ માટેની ટીમ ઇન્ડિયાની તૈયારીની વાત પર આવીએ તો બીસીસીઆઇ અને પસંદગી સમિતિના અધ્યક્ષ અજિત આગરકરને પ્રશ્ન પૂછીએ કે જૂનનો ટેસ્ટ ક્રિકેટ પ્રવાસ શરૂ થવાને માંડ બે મહિનાથી પણ ઓછો સમય બાકી છે ત્યારે ભારતીય ટીમમાં સામેલ કરી શકાય એવા ૨૦-૨૫ ખેલાડીઓને શા માટે અત્યારથી જ નથી જણાવાતું કે ઇંગ્લૅન્ડના પ્રવાસ માટે માનસિક રીતે તમારે તૈયાર રહેવાનું છે? આ ખેલાડીઓએ પૂર્વતૈયારીઓ વિશે વિચારવાની સાથે શારીરિક સુસજ્જતા જાળવી રાખવી એવી જાહેરાતો પણ કેમ નથી કરવામાં આવતી?

પસંદગીકારોને (મજાકમાં) પૂછવાનું મન થાય છે કે શું તેઓ 'ધોકાબાજીની ક્રિકેટ' યા 'મારફાડની ક્રિકેટ'માં છવાઈ જાય એવા ખેલાડીઓની પસંદગી પર મહોર મારવાની રાહ જુઓ છો કે શું? આ પૂછવા પાછળનું કારણ એ છે કે આઇપીએલની મૅચોમાં ક્રિકેટરોની ટેક્નિકની ઊણપ ઢંકાઈ જાય છે.

હાલમાં ભારતમાં ટેસ્ટ ક્રિકેટ વિરામમાં છે આથી આઇપીએલમાં સારા દેખાવને મહત્ત્વ આપવાની રખે કોઈ ભૂલ કરે.

એટલે જ મિ. આગરકર ઍન્ડ કંપનીને પૂછવાનું કે ૨૦-૨૫ ટેસ્ટ ખેલાડીઓની ઘોષણા ક્યારે કરો છો?

બીજો મહત્ત્વનો સવાલ એ પૂછવાનો કે ભારતના આઉટ-ઑફ-ફૉર્મ ટેસ્ટ સુકાની રોહિત શર્માએ બે-બે આઇસીસી ટ્રોફી (ટી-૨૦નો વર્લ્ડ કપ અને વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી) જિતાડી છે, પણ તેના ભવિષ્ય વિશે તમે કંઈ વિચાર્યું છે?

કારણકે એવી ઉડતી ખબર આવી છે કે ઉપરાઉપરી બે આઇસીસી ટ્રોફી અપાવનાર રોહિત શર્માના પર્ફોર્મન્સ કરતાં તેની નેતૃત્વની આવડત તેમ જ ટીમના દરેક સભ્ય પાસેથી શ્રેષ્ઠ દેખાવ કરાવવાની કળાને કારણે રોહિત, રોહિત અને રોહિત જ ઇંગ્લૅન્ડના ટેસ્ટ પ્રવાસ માટે સુકાની તરીકે નિશ્ચિત છે. કહેવાય છે કે પસંદગીકારોએ રોહિતને તેના પર જ કળશ ઢોળાશે એવું રોહિતને જણાવી દીધું હોવાનું બિનઅધિકૃત અહેવાલોમાં જણાવાયું છે.

જોકે એવા સમાચાર પણ આવ્યા છે કે ખુદ રોહિત શર્મા ઇંગ્લૅન્ડના પ્રવાસ માટે સુકાનીપદ સંભાળવા ઉત્સુક નથી. એટલે કે તે તૈયાર નથી અને ના પાડી રહ્યો છે.

આ સંજોગોમાં પસંદગીકારો સુકાનીનું નામ અને ૨૦-૨૫ ખેલાડીઓના નામ કરી દેશે એ સૌના હિતમાં કહેવાશે. આવું થાય તો ખેલાડીઓ માનસિક અને શારીરિક રીતે પોતાને સુસજ્જ રાખવા કમર કસશે. ■

## શરદ જોશી સ્પીકિંગ

સંજય છેલ
feedback@bombaysamachar.com

# પત્તાની જોડ સત્તાનો તોડ!



સાંજના ઠંડા પવનની લહેરો ક્લબની દીવાલો સાથે પછડાઈ રહી હતી. સૂરજ ડૂબું ડૂબું કરતો હતો, પણ લગભગ તો એ ડૂબી જ ગયો હતો. તારાઓ હજી સુધી એમની કાળી ચાદરમાંથી ઊંઘીને ઉઠ્યા નહોતા.

પ્રકૃતિની આ પરિસ્થિતિઓથી બેપરવા થઈને ચારેય બાદશાહ ક્લબના ટેબલ પર એ જ પી રહ્યા હતા, જેને પીવાથી ગરીબોનું નૈતિક પતન થાય છે. ખબર નહીં એમણે કેટલો દારૂ પી નાખ્યો હશે!

ફુલ્લીનો બાદશાહ, જે આવા સમયે અડધો ફિલોસોફર અને અડધો ઈતિહાસકાર થઈ જાય છે. એણે બદામના બાદશાહને કહ્યુંઃ 'ડેમોક્રેસી (લોકશાહી), હાય ડેમોક્રેસી (લોકશાહી)! તું તો મોત છે- સાક્ષાત યમરાજ છે! '

કાળીનો બાદશાહ, જેણે રાજકારણ સિવાય કંઈ જ કર્યું નહોતું, એણે આ વિષય પર ગંભીરતાથી કહ્યું, 'ના, સમસ્યાને બીજા ખૂણાથી જુઓ તો આ લોકશાહી મોટાભાગના લોકો માટે ફાયદાકારક સાબિત થઈ છે. હા, જાહેર સમાજ થોડો અનૈતિક થઈ રહ્યો છે....'

ચરકટનો બાદશાહ જે આજકાલમાં ભટ્ઠી શરૂ કરવાનું વિચારી રહ્યો હતો. એણે કહ્યું, 'સારું થયું કે અહીંયા આંતરવિગ્રહ ના થયો, નહીં તો એક પણ બાદશાહ જીવતો રહ્યો ન હોત. બધાં મરી ગયા હોત.'

'બાદશાહ એટલે બાદશાહી. બાદશાહી ખતમ થઈ ગઈ એટલે બાદશાહ પણ ખતમ!' ફુલ્લીના બાદશાહે કહ્યું, 'અને પછી આપણે ચારેય તાશના બાદશાહ જેની પાસે કોઈ જમીન કે દેશ નહોતો, એનું પણ અપમાન થયું. આપણે વળતર વગર પોતાના સન્માનથી પણ જઈ રહ્યા છીએ. અરે ઓ, લોકશાહી!'

'સાચું કહે છે તું.' કાળીના બાદશાહે કહ્યું,

'આ એક ગંભીર પ્રશ્ન છે! આના પર આપણે ભાનમાં હોઈએ ત્યારે વાત કરવી જોઈએ.'

બદામના બાદશાહે કાળીના બાદશાહને કહ્યું, 'ભાઈ, તું જ કંઈ સૂચનો આપ. અમે તારી વાત માનીશું. તારું મગજ આ વાતોમાં બહુ ચાલે છે.'

'આ વાત તો હું પુસ્તકોની મદદ લીધા વગર કહી શકું છું કે આપણામાં અને કોઈ રાજકીય પક્ષની પરિસ્થિતિમાં કોઈ ફરક નથી. એ પણ આપણી જેમ જમીન વગરના બાદશાહ હોય છે!'

'સાચી વાત છે,' ચરકટના બાદશાહે કહ્યું.

આના પર ફિલોસોફર ફુલ્લીના બાદશાહે કહ્યું, 'એનો અર્થ એ છે કે આપણે લોકશાહીની જાગૃતિ પહેલા જ લોકશાહીના હિમાયતી છીએ. સૌથી પહેલા લોકશાહી તાશમાં આવી અને ત્યાંથી પછી લોકશાહીની વિચારધારા માણસોની દુનિયામાં ફેલાઈ.'

'તારી વાતમાં ઐતિહાસિક સચ્ચાઈ તો છે.'

'આ વાત છાપામાં છપાવી જોઈએ.'

કાળીના બાદશાહે પોતાની આદત મુજબ કૂટનીતિવાળા હાસ્ય સાથે કહ્યું, 'એટલે આપણે ચારેય બાદશાહ લોકશાહીને સંભાળી શકીએ છીએ. એ લોકોના નેતા બની શકીએ છીએ. તાશના પત્તાની મેમ્બરશિપથી આપણો રાજકીય પક્ષ બની શકે છે. આપણી એક નહીં, ચાર ચાર રાજકીય પાર્ટીઓ બની શકે છે!'

'વાહ, વાહ, આઈડિયા તો બહુ સારો છે! પણ રાજ કરવાવાળો પક્ષ કોણ હશે? આપણા ચારેયમાંથી કોનું વર્ચસ્વ રહેશે?'

'લોકશાહી છે, આ તો લોકશાહી. જેમાં હુકમનું પત્તું આવશે, એ રાજ કરશે. બાકી ત્રણ વિરોધી પક્ષના નેતા રહેશે! '

'માન્ય છે! સારું થશે કે આજે જ આપણે આ જૂના રાજાના કપડાં ઉતારી નેતા જેવા કપડાં પહેરીને નેતા બની જઈએ.'

ચારેય રાજાએ પોતપોતાના મુગટ કાઢીને ફેંકી દીધા અને નેતાનો વેશ ધારણ કરી કોફી પીવા માંડ્યા. પત્તાઓની મીટિંગની તારીખ નક્કી કરી.

'હવે જોકરનું શું થશે? એનું એ લોકશાહીમાં શું સ્થાન હશે? '

'એ મૂડીવાદ છે એટલે એ જેની સાથે હશે, એ જ જીતશે એવું નક્કી થયું!'

ચારેય જૂનાં તાશના બાદશાહ ક્લબમાંથી બહાર આવ્યા. પોતપોતાનો અલગ રાજકીય પક્ષ બનાવવાના ચક્કરમાં ચારેય બાદશાહ બહુ ખુશ હતા!

એક પત્રકારે એ ચારેય બાદશાહને પૂછ્યું, 'તમે ક્યા વિષય પર ચર્ચા કરી રહ્યા હતા?'


કાળીના બાદશાહે એની કૂટનીતિવાળું સ્મિત કરીને કહ્યું,

'અમે લોકોએ શસ્ત્રબંધીના વિષયમાં ચર્ચા કરી!'■

## વિશેષ

લોકમિત્ર ગૌતમ
feedback@bombaysamachar.com

# ડૉલર સામે આપણને કેવો રૂપિયો જોઈએ છે? નબળો કે મજબૂત...?



**વિદેશી** રોકાણકારો દ્વારા શેરબજારમાં મજબૂત ખરીદી, ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો અને ભારતીય રિઝર્વ બેંક દ્વારા ડૉલરની લિક્વીડિટીમાં વધારો થવાને કારણે ૨૪ માર્ચ, ૨૦૨૫ ના રોજ, ઇન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં રૂપિયો ડૉલર સામે ૩૧ પૈસા વધીને પ્રતિ ડૉલર ૮૫.૬૭ પર બંધ થયો. આ રીતે, ભારતીય રૂપિયો સતત સાતમા ટ્રેડિંગ સત્રમાં મજબૂત બન્યો અને એક સપ્તાહમાં છેલ્લાં બે વર્ષમાં ડૉલર સામે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું, ૨ ટકાનો વધારો નોંધ્યો. જાન્યુઆરી ૨૦૨૩ પછી હાલમાં ડૉલર સામે રૂપિયો સૌથી મજબૂત છે. રૂપિયાની આ મજબૂતીને કારણે, સોશિયલ મીડિયાથી લઈને પ્રિન્ટ મીડિયામાં નાણાકીય રાષ્ટ્રવાદ હેડલાઇન્સમાં વળાંક જોવા મળ્યો. ઉદાહરણ તરીકે, રૂપિયાના આ મજબૂતીકરણ પર એક અખબારે હેડલાઇન્સ મુકી 'ડૉલર સામે રૂપિયાની ગર્જના'. છેલ્લાં બે વર્ષમાં રૂપિયાએ ડૉલર સામે તેની સૌથી વધુ મજબૂતાઈ બતાવી છે.

આખરે આવા શીર્ષકો શું રજૂ કરે છે? જે લોકો ચલણ નિયમન અથવા આંતરરાષ્ટ્રીય વેપાર વિશે વધુ જાણતા નથી, તેમને તેમના ચલણને અન્ય ચલણ સામે મજબૂત હોવું એ વિજય જેવું લાગે છે અને આનાથી તેઓ રાષ્ટ્રવાદી સુખ અનુભવે છે. એવી જ રીતે જેમ કોઈ રમતમાં આપણી ટીમના જીતવા પર થાય છે, પરંતુ જેમને અર્થશાસ્ત્ર અને વ્યાપારની આર્થિક સમજ છે તેમના માટે પોતાના દેશના ચલણને અન્ય ચલણ સામે નબળું કે મજબૂત બનાવવું એ રાષ્ટ્રવાદની વાત નથી. હા, તેના ફાયદા અને ગેરફાયદા છે.

આવી સ્થિતિમાં સવાલ એ ઊભો થાય છે કે ડૉલર સામે રૂપિયો નબળો પડવાનો કે મજબૂત થવાનું અર્થઘટન સોશિયલ મીડિયામાં આપવામાં આવે છે કે રાજકીય પક્ષો તાત્કાલિક રાજકીય લાભ માટે રૂપિયાના નબળા પડવા પર જે હોબાળો મચાવે છે. છેવટે, આ બધાનો અર્થ શું છે? એવું પણ કહી શકાય કે આપણે ડૉલર સામે કેવો રૂપિયો જોઈએ છે, નબળો કે મજબૂત? છેલ્લાં ઘણા અઠવાડિયાથી ડૉલર સામે રૂપિયો સતત ગગડી રહ્યો હતો. રૂપિયાની નબળાઈનો સોશિયલ મીડિયા પર પોતપોતાની રીતે શોક વ્યક્ત કરવામાં આવી રહ્યો હતો એટલું જ નહીં, પરંતુ દેશના વિપક્ષી રાજકીય પક્ષો રૂપિયો ગગડવાના કારણે હોબાળો મચાવી રહ્યા હતા. આવી સ્થિતિમાં હવે જ્યારે છેલ્લાં ઘણા દિવસોથી ડૉલર સામે રૂપિયો મજબૂત થઈ રહ્યો છે ત્યારે શું આ પક્ષો સરકારને શાબાશી આપશે?

બેશક, ડૉલર સામે રૂપિયો મજબૂત થવાના પોતાના ફાયદા છે અને અમુક અંશે તેનાથી ખુશ થઈ શકાય છે, પરંતુ આ લાભ અને ખુશી બંને અન્ય સંદર્ભમાં મુશ્કેલીનું કારણ પણ છે. આ જાણતા પહેલા આપણે એ સમજવું પડશે કે ડૉલર સામે રૂપિયો નબળો પડવો કે મજબૂત થવાની આપણી સમગ્ર આર્થિક પ્રવૃત્તિ પર કેવા પ્રકારની અસર પડે છે. વાસ્તવમાં, તે આપણા અર્થતંત્રની બંને સ્થિતિઓને પ્રભાવિત કરે છે - ડૉલર સામે રૂપિયો નબળો પડવો અને મજબૂત થવો. જ્યારે રૂપિયો મજબૂત થાય છે ત્યારે આપણે આયાતી ક્રૂડ ઓઈલ માટે ઓછી કિંમત ચૂકવવી પડે છે. વિદેશમાં ભણવા ગયેલા વિદ્યાર્થીઓ અને પ્રવાસીઓને ઓછા પૈસા ખર્ચવા પડે છે, સાથે વિદેશી રોકાણકારોનો ભારતીય અર્થતંત્રમાં વિશ્વાસ પણ મજબૂત થાય છે. ભારતીય શેરબજારમાં તેનાથી સ્થિરતા આવે છે અને અર્થવ્યવસ્થા મજબૂત બને છે, પરંતુ જ્યારે રૂપિયો મજબૂત બને છે ત્યારે આપણને અનેક નુકસાન પણ થાય છે, ઉદાહરણ તરીકે આપણી નિકાસ મોંઘી થઈ જાય છે, તેમાં ઘટાડો થાય છે. જ્યારે રૂપિયો મજબૂત થાય છે, ત્યારે એનઆરઆઈ ભારતમાં રહેતા તેમના પરિવારોને ઓછા નાણાં મોકલે છે અથવા રૂપિયો નબળો પડે તેની રાહ જુએ છે. કારણ કે જ્યારે રૂપિયો મજબૂત હોવાથી તેમને ડૉલર મોકલવાનો એ લાભ નથી મળતો, જે રૂપિયો નબળો પડવા પર મળે છે.

એ જ રીતે, જ્યારે ડૉલર સામે રૂપિયો નબળો પડે છે, ત્યારે આપણી આયાત મોંઘી થાય છે, ખાસ કરીને ક્રૂડ ઓઈલ અને ઈલેક્ટ્રોનિક્સ. આપણે બધા જાણીએ છીએ કે ક્રૂડ ઓઈલ આપણા આયાત બિલનો સૌથી મોટો હિસ્સો છે.

કેટલીકવાર આ એકલું બે તૃતીયાંશ સુધી હોય છે. આવી સ્થિતિમાં, ડીઝલ પેટ્રોલના ભાવ વધે છે, જેના કારણે પરિવહન મોંઘું થાય છે અને લગભગ તમામ ક્ષેત્રોમાં મોંઘવારી વધે છે, ખાસ કરીને ખાદ્યપદાર્થો મોંઘા થાય છે.

આટલું જ નહીં, રૂપિયો જ્યારે સતત ઘટે છે, ત્યારે વિદેશી રોકાણકારોનો ભારતીય શેરબજારમાં વિશ્વાસ પણ ઘટી જાય છે અને તેઓ પોતાનું રોકાણ પાછું ખેંચવાનું શરૂ કરી દે છે, પરિણામે શેરબજાર ઘટવા લાગે છે અને અર્થવ્યવસ્થામાં એક પ્રકારની અસ્થિરતા સર્જાય છે. વિદેશમાં ભણવા જતા વિદ્યાર્થીઓનો ખર્ચો વધી જાય છે અને ફરવા જતા પ્રવાસીઓનું બજેટ પણ ઘણી વખત મર્યાદા કરતાં વધી જાય છે. આ રીતે જોવામાં આવે તો જ્યારે ડૉલર સામે રૂપિયો નબળો પડે છે ત્યારે આપણને ઘણું નુકસાન થાય છે. પરંતુ તેના ઘણા ફાયદા પણ છે, ઉદાહરણ તરીકે, નિકાસકારોને રૂપિયામાં વધુ ચુકવણી મળે છે. પૈસા કમાવવા માટે વિદેશ ગયેલા એનઆરઆઈ દ્વારા મોકલવામાં આવતા નાણાંમાં વધારો થાય છે કારણ કે ભારતમાં મોકલાવેલા નાણાંનું તેમને વધુ મૂલ્ય મળે છે.

એકંદરે, ભારતીય અર્થવ્યવસ્થાની સુધારણા માટે, ડૉલરની સામે રૂપિયો ન તો ખૂબ નબળો હોવો જોઈએ અને ન તો ખૂબ મજબૂત. બંને પરિસ્થિતિઓ આપણા માટે નુકસાનકારક છે. આપણા માટે, સંતુલિત એક્ચેંજ રેટ સૌથી વધુ ફાયદાકારક છે. પરંતુ જ્યારે રૂપિયો નબળો પડે છે ત્યારે ન તો વિપક્ષી રાજનેતાઓ સરકાર પર પ્રહારો કરવાનું અને તેની નિષ્ફળતા માટે તેને જવાબદાર ઠેરવવાનું છોડે છે કે ન તો રૂપિયો મજબૂત બને ત્યારે સરકારના મંત્રીઓ અને સમર્થકો તેને સરકારની સફળતા ગણાવવાનું ચૂકે છે. બંને બાબતો યોગ્ય નથી. પોતાના ચલણનું પતન પણ ક્યારેક વિવિધ દેશો માટે ફાયદાકારક હોય છે. તે કારણ વગર નથી કે એક સમયે ચીન અને અમુક સમયે જાપાને પણ તેમની કરન્સીનું ડૉલર સામે અવમૂલ્યન કર્યું હતું; આપણે પોતે એક કે બે વાર નહીં પણ ઘણી વખત આપણા હાથે આપણા ચલણનું અવમૂલ્યન કર્યું છે. સફળતાનો સમયગાળો વડા પ્રધાન નરસિંહા રાવ અને નાણાં પ્રધાન મનમોહન સિંહની જોડી સાથે સંકળાયેલો છે. તે સમયગાળાની શરૂઆતમાં, નાણાં પ્રધાન દ્વારા રૂપિયાનું બે હપ્તામાં અવમૂલ્યન કરવામાં આવ્યું હતું. પરંતુ તે સમયે મીડિયામાં કોઈએ સરકારના આ પગલાને આર્થિક નિષ્ફળતા તરીકે જોયું ન હતું. પરંતુ હવે રાજકીય આલોચના માટે રૂપિયો નબળો પડતાં જ વિરોધ પક્ષો સત્તાધારી પક્ષને કોસવા લાગે છે અને તેમને તેની નિષ્ફળતા ગણાવવા લાગે છે. વસ્તુઓ જાણવા, સમજવા અને રેકોર્ડ કરવાની આ ખોટી રીત છે. વાસ્તવમાં, આપણે ડૉલર સામે નબળો રૂપિયો જોઈતો નથી, તો મજબૂત રૂપિયો પણ જોઈતો નથી. કારણ કે રૂપિયો મજબૂત થવાને કારણે આપણી અર્થવ્યવસ્થા ઘણી વખત ખોરવાઈ ગઈ છે. ૧૯૯૧માં જ્યારે ડૉલર સામે રૂપિયો આજે છે તેના કરતાં ઘણો મજબૂત હતો, ત્યારે આપણા રોકાણકારો માટે તે ખૂબ જ મુશ્કેલ સમય હતો અને સરકારે બે તબક્કામાં રૂપિયાનું ૨૦ ટકા અવમૂલ્યન કરવું પડ્યું હતું. આ પહેલા ૧૯૬૬ અને ૧૯૪૯માં પણ ડૉલર સામે રૂપિયાનું અવમૂલ્યન થયું હતું. તેનું એકમાત્ર કારણ એ હતું કે રૂપિયો નબળો પડવાને કારણે આપણી નિકાસ વધી નહોતી રહી. તેથી, મજબૂત થતો રૂપિયો હંમેશા ફાયદાકારક નથી.


પરંતુ, ૨૦૨૩-૨૪ માં જ્યારે ડૉલર સામે રૂપિયો ઈતિહાસમાં સૌથી નીચા સ્તરે હતો, ત્યારે આપણું ઓઈલ ઈમ્પોર્ટ બિલ લગભગ ૪.૫ લાખ કરોડ રૂપિયાથી વધીને ૬.૫ લાખ કરોડ રૂપિયા થઈ ગયું હતું અને તેનાથી ફુગાવો ૪ ટકા વધ્યો હતો. ભારત તેની ઊર્જા જરૂરિયાતો માટે તેના કુલ તેલ વપરાશના ૮૮.૨ ટકા આયાત કરે છે, તેથી નબળા પડી રહેલા રૂપિયાનું સૌથી મોટું નુકસાન આપણા તેલના આયાત બિલમાં વધારો થાય છે. વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ ૧૧ મહિનામાં ભારતે ૨૧.૯૯ કરોડ ટન ક્રૂડ ઓઈલની આયાત કરી છે. આ સમયગાળા દરમિયાન નબળા રૂપિયાના કારણે આપણે ૧.૭૫ લાખ કરોડ રૂપિયા વધુ ચૂકવવા પડ્યા હતા.

આ રીતે જોવામાં આવે તો, ડૉલર સામે ભારતીય રૂપિયો ન તો મજબૂત થવાથી અને ન તો તેના નબળા પડવાથી આપણને બહુ ફાયદો છે. વિશ્વનું સૌથી મજબૂત વિદેશી ચલણ ડૉલર સામે સંતુલન જાળવવું વધુ સારું છે. ■

## આજની ટૂંકી વાર્તા

# વજપાત

હરીષ થાનકી
feedback@bombaysamachar.com



હર્ષસભર નયને દેવયાનીએ પહેલાં અંકિત તરફ અને પછી પ્રિયા તરફ જોયું અને પછી સજળ બનેલી આંખોને હળવેથી બીડી દીધી. ક્યાંક પોતાની જ નજર ન લાગી જાય એ ડરથી.

એ'લી પોંખ એમને, કેમ આંખો બંધ કરીને ઊભી રહી ગઈ છો? - ઘેરો વળીને પાછળ ઊભેલા સ્ત્રીવૃંદમાંથી પડોશણ મંદાનો અવાજ તેના કાને અથડાયો એટલે બીડેલી આંખો પાછળ સ્થગિત થઈ ચૂકેલી અંકિત અને પ્રિયાની તસવીરને માણી રહેલી દેવયાનીને ભાન આવ્યું. તેણે આંખો ખોલી અને ફરીથી સામે હમણાં જ પરણીને ઘેર આવેલા પુત્ર અને પુત્રવધૂ સમક્ષ મીટ માંડી. ફરીથી આંખોમાં ઝળઝળિયાં ઊભરાયાં.

આજે આખો દિવસ ચાલેલી લગ્નવિધિ દરમિયાન એણે જે કાંઈ જોયું હતું એ બધું જાણે કે તેને એક સ્વપ્ન જેવું લાગતું હતું. માન્યામાં જ નહોતું આવતું કે હજુ ગઈ કાલ સુધી તેનો પાલવ પકડીને મમ્મી મમ્મી કહી ફરતો રહેતો અંકિત એવડો મોટો થઈ ગયો કે વહુનો વર બની ગયો! હજુ હમણાં તો... હાસ્તો... કેટલાં વરસ થયાં હશે એ વાતને! એ પોતે જ્યારે આ ઘરમાં પરણીને આવી હતી!!

દેવયાની, આ અંકિત છે - તેની સાસુએ લગ્નની સાંજે જ ઓળખાણ આપતાં કહ્યું હતું. ખબર તો હતી જ. વાત તો થઈ જ ગઈ હતીને! વિકાસે પ્રથમ મુલાકાતે જ વાત કરી હતી કે તેની પહેલી પત્ની પ્રજ્ઞા બે વરસ પહેલાં તેને અને બે વરસના અંકિતને છોડીને ચાલી ગઈ હતી કોઈની સાથે.

અહીં આવ બેટા, જો આ હવે તારી મમ્મી છે - અંકિતને સંબોધીને સાસુ દ્વારા બોલાયેલા શબ્દો સાંભળી એ સહેજ થડકી ગઈ હતી એ વખતે. ચાર વરસનો માસૂમ અંકિત તેની સામે તાકી રહ્યો હતો. સ્વીકારશે એ મને એની મમ્મી તરીકે કે પછી...! તેણે આંખો બંધ કરી અને અંકિત તરફ હાથ ફેલાવ્યા અને અચાનક એક નવજાત શિશુનો ચહેરો તેના ચિત્તમાં ડોકાયો અને જતો રહ્યો. તેણે ઝડપથી આંખો ખોલી નાખી. અંકિત ધીમા પગલે તેની પાસે આવ્યો અને ખોળામાં બેસી ગયો. હાશ, એક જંગ જીતી ગયાનો આનંદ પથરાયો હતો દેવયાનીના ચહેરા પર એ વખતે.

વળી પાછા શું વિચારે ચઢી ગયાં દેવીભાભી? - પાછળથી દિયર બળદેવના અવાજે તેને ભૂતકાળની સફરમાંથી તેને વર્તમાનમાં પાછી આણી. તેણે જલદી જલદી સાડીનો પાલવ માથે ઓઢ્યો અને ભીના કંકુમાં આંગળી ઝબોળી અંકિત-પ્રિયાના કપાળે ચાંદલા કર્યા, ઓવારણાં લીધાં અને બંનેને ગૃહપ્રવેશ કરાવ્યો.

ઘરમાં પ્રવેશતાં જ એ બંને દેવયાનીને પગે લાગ્યાં એટલે દેવયાનીએ ટાચકા ફોડી દુઃખણાં લીધાં અને સાથોસાથ તેની નજર સામેની ભીંત પર સુખડનો હાર ચઢાવેલા વિકાસના ફોટા તરફ વાળી. ફરીથી આંખો ડબક.

કેટલો સરસ લાગતો હતો વિકાસ એ ફોટામાં... ત્રણ વરસ પહેલાં જ મૃત્યુ પામ્યો હતો એ. કોઈ ઉંમર થોડી હતી તેની આમ ચાલ્યા જવા માટે!

અંકિત અને પ્રિયા દેવયાનીની નજરને અનુસરી વિકાસના ફોટા પાસે ગયાં અને નમન કર્યાં. ધીમે ધીમે મહેમાનો વિદાય લેવા લાગ્યા. છેલ્લે ઘરમાં ત્રણ જ જણા હ્યાઃ દેવયાની, અંકિત અને પ્રિયા. અંકિત અને પ્રિયા માટે ઉપરના માળે રૂમ સજાવાયો હતો. અંકિત નાહાવા ગયો એટલે...

'મમ્મી, આ બધાં ભારે કપડાં અને ઘરેણાંઓનું મને બહુ વજન લાગે છે, હું પણ આ બધું કાઢી, નહાઈને નાઈટ ડ્રેસ પહેરી લઉં?' - પ્રિયાએ પૂછ્યું.

કેટલી આકર્ષક લાગતી હતી પ્રિયા નવોઢાના રૂપમાં! શા માટે કપડાં બદલવાં જોઈએ? લગ્નની પહેલી રાત્રે નવવધૂએ તો...! પોતે પણ આવાં જ કપડાં પહેરીને સુહાગરાતે રૂમમાં પ્રવેશ કર્યો હતોને? ખાસ કશો ઠઠારો નહોતો એ વખતે એ રૂમમાં. કદાચ વિકાસનાં આ બીજી વખતનાં લગ્ન હતાં એટલે, પરંતુ પોતાનાં તો...! એ રૂમમાં પ્રવેશી ત્યારે ચાર વરસનો અંકિત તેના પલંગમાં સૂતો હતો વિકાસને વળગીને.

'આવ દેવી, અહીં બેસ' - સાવ ધીમા પગલે એ અંદર આવી અને પલંગની પાંગત પાસે ઊભી રહી - ક્યાં બેસવું? પલંગ તો અંકિત અને વિકાસથી જ... પોતાના માટે તો જગ્યા જ ક્યાં હતી? વિકાસ અધૂકડો બેઠો થયો એટલે તેના પગ પાસે એ બેઠી.

'રોજ મારી સાથે સૂવાની ટેવ હોવાથી અંકિત આજે પણ અહીં જ સૂઈ ગયો -' વિકાસ દેવયાની સામે જોઈ બોલ્યો. તો શું લગ્નની પ્રથમ રાત આવડા બાળકને રૂમમાં સાથે રાખીને જ! તેણે અંકિત સામું જોયું અને પછી તેના નિર્દોષ દેખાતા ચહેરા તરફ તાકી રહી - કેમ જીવ ચાલ્યો હશે આની મમ્મીનો આને છોડીને પારકા પુરુષ સાથે ચાલી નીકળવાનો? પરાણે વહાલો લાગે એવો હતો અંકિત.

અંકિત આજે રાત્રે અહીં જ સૂએ તો તને કોઈ વાંધો તો નથીને? - પુરુષ પૂછી રહ્યો હતો પોતાની નવોઢાને. ગરમ તવા પર પાણીની છાલક પડે અને થાય તેવો છમ્મકારો દેવયાનીના દિલમાં થયો. - 'ના, ના... મને શું વાંધો હોય? ભલે સૂતો.'

એમ બોલતાંની સાથે જ એક નવજાત શિશુનો ચહેરો તેના મનસપટ પર તરવરી ગયો. એ બિચારો ક્યાં સૂતો હશે? કોણ હશે તેની સાથે? કોણ તેનું ધ્યાન રાખતું હશે? અસંખ્ય પ્રશ્નો તેના મનમાં વાવાઝોડાની માફક આવી ભરાયા. 'એ' કોણ...? શું નામ હતું તેનું? નામ જ ક્યાં પાડ્યું હતું... અનામ... એક ગોરો નવજાત નિર્દોષ બાળક જ હતો એ. બસ જન્મ આપ્યા પછી એક જ વખત જોયો હતો. અને એ ચહેરો સ્મૃતિ બની અંકિત થઈ ગયો તેના ચિત્તમાં. હવે તો એ મોટો પણ થઈ ગયો હશે. બરાબર આ અંકિત જેવડો. જો એ હશે તો... ને એક તીવ્ર ઝણઝણાટી તેના મસ્તિષ્કમાંથી પસાર થઈ ગઈ. હશે જને વળી...! પણ ક્યાં?

'મમ્મી, આવડા નાના પ્રશ્નનો જવાબ આપવામાં કેમ આટલાં ગૂંચવાઈ ગયાં? જો તમને ન ગમે તો હું આ ઘરચોળા - દાગીના સહિત જ રૂમમાં જાઉં' - પ્રિયાના અવાજથી એ ચોંકી અને તરત જ જવાબ વાળ્યો - 'ના ભઈ, એવું કશું નથી આ તો, ચાલ છોડ એ વાત, તું તારે નાહી અને જે કપડાં પહેરવાં હોય તે પહેરી રૂમમાં જજે.'

પ્રિયા ડાહી હતી - કમસે કમ પૂછ્યું તો ખરું! બાકી આજકાલની છોકરીઓ તો...! ત્રણ મહિના પહેલાં જ અંકિત તેને ઘરે તેડી લાવ્યો હતો. પહેલી જ મુલાકાતમાં પ્રિયા દેવયાનીને જાણે વરસોથી ઓળખતી હોય તેમ વરતવા લાગી. એને ગમ્યું હતું. વિકાસની અણધારી વિદાય પછી તો જાણે કે ઘરની રોનક જ ચાલી ગઈ હતી. પ્રિયાના આગમનથી કદાચ... એ પછી પ્રિયા અંકિત સાથે ઘણી વખત ઘરે આવતી. સગાઈ અને લગ્ન વચ્ચે ખૂબ જ ટૂંકો ગાળો રાખ્યો હતો દેવયાનીએ અંકિતના કહેવાથી.

બીજે દિવસે સવારે પ્રિયા વહેલી ઊઠી સ્નાન કરી તૈયાર થઈ ગઈ. તેની પાસે આવી ચરણસ્પર્શ કર્યા એટલે દેવયાનીએ વ્હાલથી ચુંબન કરી દીધું - પ્રિયાના શરીરમાંથી એક સુગંધ આવતી હતી, દરેક નવવધૂના શરીરમાંથી લગ્નના બીજા દિવસે આવે તેવી સુગંધ.

'તું અને અંકિત રણછોડરાયજીની હવેલીએ દર્શન કરી આવો' - દેવયાનીએ કુટુંબની પરંપરા જણાવી. બંને ગયાં. કશી જ આનાકાની વગર.

આરામખુરશીમાં દેવયાનીએ શરીર લંબાવ્યું અને સામે વિકાસના ફોટા સામે નજર સ્થિર કરી. - જોયુંને? કેવી નિભાવી મેં જવાબદારી! તમે તો ચાલ્યા ગયા અધ્ધવચ્ચે. મારે એકલીએ એકલા હાથે... વિચારતાં જ હૈયું આળું બનવા લાગ્યું. વિકાસ સાથે વિતાવેલ વરસોની તમામ ક્ષણોની સ્મૃતિ છાતીને ધમરોળવા લાગી. થોડુંક મૂંઝારા જેવું લાગ્યું એટલે તેણે ઊંડા શ્વાસ ભર્યા.

- દેવી, અંકિતની જવાબદારી તો તે આપણાં લગ્નના બીજા દિવસથી જ મારી પાસેથી લઈ લીધી હતીને - ફોટામાં રહેલો વિકાસ કહી રહ્યો હતો.

વાત સાચી હતી, દેવયાનીએ બીજા દિવસથી જ અંકિતનો ચાર્જ સંભાળી લીધો હતો. સવારમાં તેને વહાલથી ઉઠાડવો, તૈયાર કરી સ્કૂલે મૂકવા જવો, બપોરે તેડવા જવો, જમાડવો, બપોર પછી ખોળામાં બેસાડી હોમવર્ક કરાવવું, સાંજે રમીને આવે ત્યારે હાથપગ ધોવડાવી, જમાડવો અને રાત્રે છાતીએ વળગાડી, વાર્તા સંભળાવી સુવડાવવો. એ પ્રજ્ઞાને ભૂલી જવા લાગ્યો હતો ધીરે ધીરે દેવયાનીના સાંનિધ્યમાં. મા બનીને અનરાધાર વરસી રહી હતી એ અંકિત ઉપર.

એક દિવસ વિકાસે પૂછ્યું પણ હતું એને - 'જો દેવી, હું તારી પાસેથી તારા માતૃત્વ પામવાના હક્કને છીનવી લેવા માગતો નથી. જો તું ઈચ્છે તો આપણે...! અંકિતને એક ભાઈ કે બહેન પણ મળી જશે એ બહાને.'

તેણે આંખો બંધ કરી અને અંકિત તરફ હાથ ફેલાવ્યા અને અચાનક એક નવજાત શિશુનો ચહેરો તેના ચિત્તમાં ડોકાયો અને જતો રહ્યો. તેણે ઝડપથી આંખો ખોલી નાખી

'ના વિકાસ, જો આપણું સંતાન જન્મશે તો પછી અંકિત પ્રત્યે મારા અવિરત વહેતા પ્રેમના ભાગ પડી જશે અને એ બાબત અંકિત તો ઠીક, પણ કદાચ હું જ સહન નહીં કરી શકું. માટે એ વાત ભૂલી જાઓ. અંકિતને મારા સુવાંગ પ્રેમનો હક્કદાર રહેવા દો.'

'જેવી તારી ઈચ્છા, પરંતુ જિંદગીના સંધ્યા સમયે પોતાની કૂખેથી બાળકને જન્મ ન આપ્યાનો વસવસો...'

'નહીં સતાવે વસવસો.' મા તો એ બની જ ચૂકી હતીને!

મનોહર સાથેના પ્રણયસંબંધને કારણે યુવાનીના તોરમાં રહી ગયેલ ઓધાનનો નિકાલ કરવામાં તેનાં મા-બાપથી મોડું થઈ ગયું એટલે ઠેઠ નવસારી જઈ એને જન્મ આપવો પડ્યો હતો. જન્મ આપ્યો ત્યારે નર્સે તેના ખોળામાં તેને મૂક્યો હતો બસ. પછી તો તેને કોણ લઈ ગયું, ક્યાં લઈ ગયું એ વિશે કોઈએ કશું જ જણાવ્યું નહીં. લગભગ એક વરસ સુધી રોજ રડી રડી અને તેણે ઉત્તરો માગ્યા હતા એ પ્રશ્નોના, પરંતુ જવાબમાં ઘરના બધા જ જાણે કે પથ્થરવત્.

માસી માગું લાવ્યાં હતાં વિકાસનું. વિકાસ સાથે જ્યારે વાત થઈ અંકિત વિશે, ત્યારે એ જ વખતે તેણે મનોમન નક્કી કરી લીધું હતું એ નમાયા અંકિતની મા બનવાનું. વિકાસ સાથેનાં લગ્ન પછી અંકિતમાં એણે પોતાના પેટે જન્મેલા સંતાનને શોધવાનો પ્રયત્ન કર્યો હતો. ધીરે ધીરે એ ચહેરો અંકિતમાં ઓગળી ગયો હતો. એ તદ્દન જ ભૂલી ગઈ હતી એને આટલાં વરસોમાં. જોકે સાત વરસ પહેલાં માએ મૃત્યુ પામતાં પહેલાં એને જણાવ્યું હતું કે એ માધવપુરના શ્રી હરિનામ આશ્રમમાં ઊછરી રહ્યો હતો સ્વામી ધર્મપ્રકાશાનંદજી પાસે.

- ના, નથી જવું એને શોધવા, મળવા. હવે શું? આટલા વખતમાં જેની માયા સાવ જ વિસારે પાડી દીધી તેને હવે મળીને શું કરવું? હવે તો મારો અંકિત જ...

અને તેને માટે અંકિત જ સર્વસ્વ બની ગયો હતો. વિકાસને હૃદયરોગનો હુમલો આવ્યો અને તેણે અણધારી વિદાય લીધી ત્યારે એ તદ્દન ભાંગી પડી હતી, પરંતુ અંકિત સામું જોઈને મન કઠણ કરી લીધું હતું. એને માટે તો જીવવાનું હતું દેવયાનીએ.

'આ મકાન વેચી નાખીએ તો લગભગ પંદર લાખ તો આવી જશે મમ્મી, મારે તો એજન્સી લેવા માટે ફક્ત તેર લાખની જ જરૂર છે - ' સામે સોફા પર બેસી અંકિત સ્વસ્થતાથી કહી રહ્યો હતો. તેની અડોઅડ પ્રિયા બેઠી હતી. દેવયાની સ્તબ્ધ થઈ ગઈ. અંકિત એ મકાન વેચવાની વાતો કરતો હતો જે... ના, ના... આ કાંઈ ખાલી મકાન થોડું હતું? એ તો ઘર હતું જેમાં તેણે અને વિકાસે સાથે મળી જિંદગી જીવવાની શરૂ કરી હતી. એ ઘર જેમાં અંકિતને એણે પોતાની નજર સામે યુવાન થતો જોયો હતો અને હા, વિકાસની અંતિમ વિદાય પણ આ ઘરમાંથી જ...

બહુ મહેનતે તેણે જાતને સંભાળી અને પછી ધીમા પરંતુ મક્કમ અવાજે ના કહી દીધી દેવયાનીએ એ મકાન વેંચવાની. એજન્સી ન મળે તો કોઈ બીજું કામ શોધી લેવું, પરંતુ આ મકાન તો!

'એજન્સીના કામમાં નફો થશે એટલે આવાં તો દસ મકાન ખરીદી લઈશું પરંતુ એ માટે અત્યારે તો આ મકાન વેચવું પડેને?' - અંકિત સાથે તેના રૂમમાં ધીમા સ્વરે વાત કરી રહેલી પ્રિયાના શબ્દો અનાયાસે દેવયાનીના કાને પડી રહ્યા હતા - 'પણ ના, મને ખાતરી જ હતી કે આ મકાન વેચવાની મંજૂરી તમારી મમ્મી નહીં જ આપે. આજે મમ્મીની જગ્યાએ તમારી સગી મા હોત તો એ કાંઈ અત્યારે થોડી ના પાડત! સગા દીકરાના ઉજ્જવળ ભવિષ્ય માટે એ મકાન તો શું ગમે તે વેચવા તૈયાર થઈ જાત! મમ્મી ગમે તેમ તોયે તમારી સાવકી મા જને...! અને વળી આમ જુઓ તો આ બધું તો પપ્પાની કમાણીમાંથી થયું છેને? મમ્મી શું કામ ખોટો હક્ક જમાવે છે?

દેવયાનીને થયું કે હમણાં જ તેનો અંકિત કહી દેશે કે ખબરદાર જો મમ્મી વિશે તું કશું આડુંઅવળું બોલી તો...

પણ અંકિત ચૂપ રહ્યો...! તદ્દન ચૂપ!!! અને...

વજપાત થયો! દેવયાનીનું આખુંયે અસ્તિત્વ એક જ પળમાં કડડડભૂસ થઈ ગયું. ચાર મહિનાથી, ફક્ત ચાર મહિનાથી પરણીને ઘરમાં આવેલ આ વેંત જેવડી છોકરીએ તેને એ જ ક્ષણે અંકિતની મામાંથી સાવકી મા બનાવી દીધી હતી. તેણે બન્ને હથેળી વડે કાન ઢાંકી દોડીને પોતાના ખંડમાં જઈ પલંગ પર જાતને ફંગોળી. અને એ જ વખતે તેની આંખોમાંથી શરૂ થયેલો અશ્રુપ્રવાહ જ્યારે અટક્યો ત્યારે લગભગ બીજા દિવસની સવાર થવા આવી હતી.

× × × × ×

બસસ્ટેન્ડમાં ઊભેલી બસના કંડક્ટરે દરવાજો બંધ કરી ઘંટડી મારવા હાથ લંબાવ્યો ત્યાં તો બસ ઊભી રાખવાનો સાદ સાંભળી તેણે ફરીથી દરવાજો ખોલ્યો. દેવયાની ઉતાવળે તેમાં ચઢી અને સામેની સીટ પર હાંફતા શ્વાસે બેસી પડતાં બોલીઃ 'એક ટિકિટ માધવપુરની આપોને! રસ્તામાં શ્રી હરિનામ આશ્રમ પાસે ઊભી રાખજો.'

કંડક્ટરે ઘંટડી મારી અને પછી શ્વાસોશ્વાસથી હાંફતી દેવયાની તરફ જોઈ ટિકિટ આપતાં કહ્યું - 'બહેન, ઘરેથી થોડાં વહેલાં નીકળ્યાં હોત તો!'

દેવયાનીને થયું - 'હા, મોડું તો થયું જ હતું. ઘણું મોડું...? (સમાપ્ત)■

---



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| વહેમ | લત |
| વ્યસન | વગરનું |
| વ્યાકુળ | સંદેહ |
| વ્યોમ | ગભરાયેલું |
| વંચિત | આકાશ |

## ઓળખાણ પડી?



વિશ્વના પ્રખ્યાત ફુવારા - ફાઉન્ટન પૈકી એક 'ટ્રેવી ફાઉન્ટન' યુરોપના કયા દેશમાં સ્થિત છે એ વિકલ્પોમાંથી શોધી કાઢો.

અ) જર્મની બ) પોલેન્ડ ક) ઈટલી ડ) સ્પેન

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ દ | શ | ૨ ૨ | થ | | ૩ ભ | ૪ ગી | ૫ ૨ | થ | |
| શા | | ઘુ | | ૬ અ | રે | રા | ટ | | ૭ દિ |
| ન | | વં | | જ | | | ણ | | લી |
| ૮ ન | ૯ ખ | શી | ૧૦ ખ | | ૧૧ કા | ૧૨ ચા | | ૧૩ મા | પ |
| | મી | | ૧૪ ત | ૧૫ સુ | | ૧૬ લ | ક્ષ્મ | ણ | |
| ૧૭ કૌ | શ | લ્ય | | ૧૮ મા | રી | ચ | | ૧૯ સો | ૨૦ ઈ |
| શ | | | ૨૧ જા | ત્રા | | ૨૨ લ | ત | | ક્ષ્વા |
| ૨૩ લ્યા | ૨૪ ન | ૨૫ ત | | | ૨૬ ભા | ગ | | ૨૭ વાં | કુ |
| | ૨૮ હે | ર | ફે | ૨૯ ર | | ૩૦ ત | ૩૧ વ | | |
| ૩૨ ભ | ર | ત | | ૩૩ સી | મા | | ૩૪ શ | ત્રુ | ઘ્ન |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | | ૩ | | ૪ | | ૫ |
| ૬ | | | | ૭ | | | | | |
| ૮ | | ૯ | | ૧૦ | | | ૧૧ | ૧૨ | |
| | | ૧૩ | | | | ૧૪ | | | |
| ૧૫ | | | | | | | | | ૧૬ |
| | | ૧૭ | | | ૧૮ | ૧૯ | | ૨૦ | |
| ૨૧ | ૨૨ | | | ૨૩ | | | | ૨૪ | |
| | | | ૨૫ | | | ૨૬ | ૨૭ | | |
| ૨૮ | | ૨૯ | | | | | ૩૦ | | ૩૧ |
| ૩૨ | | | | | ૩૩ | | | | |

**આડી ચાવી**

૧. 'રામાયણ' મહાકાવ્યના નાયક (૪)
૩. જનક રાજાની પુત્રી (૩)
૬. નાશવંત (૨)
૭. સાંભળવું તે, વેદ, ધ્વનિ (૨)
૮. --- મારવા એટલે વેદના થવી (૩)
૧૦. નક્કી (૨)
૧૧. રામ જેવો ત્યાગ --- જ કરી શકે (૩)
૧૩. એક મહામારી --- મોટો રોગ (૩)
૧૪. જ્ઞાન ના હોવું તે (૩)
૧૫. રામનો મિત્ર વાનરરાજ (૩)
૧૭. ---માં પવન ભરાય ને વહાણ ચાલે (૨)
૧૮. વાનરરાજ વાલીની પત્ની (૨)
૨૦. હવે નહીં જાઉં--- વાઢવા રે લોલ (૨)
૨૧. હેરાનગતિ, કમકમાટી, ચીડ (૨)
૨૩. સફેદ કમળ, કુમુદ (૩)
૨૪. શિયાળુ પાક (૨)
૨૫. --- ઘડે કાંઠા ના ચડે (૨)
૨૬. જિંદગી (૩)
૩૦. --- માટે પાણીમાં કૂદવું પડે (૩)
૩૨. પહેલાં --- પર લખી દાન આપતાં (૪)
૩૩. હનુમાનજીની માતા (૩)

**ઊભી ચાવી**

૧. રાવણનો જન્મ --- કુળમાં થયો (૩)
૨. મૃત્યુ (૩)
૩. સ્ત્રી-પુરુષના સંબંધને લગતું (જો.છૂ.) (૩)
૪. જંતુ વિદ્યા, કીડાઓ વિશેનું વિજ્ઞાન (૫)
૫. લક્ષ્મણની પત્ની (૩)
૭. શત્રુઘ્નની પત્ની (૪)
૯. કામાતુર (૪)
૧૨. ક્રિકેટમાં --- નો વરસાદ વરસે (૨)
૧૫. લક્ષ્મણ-શત્રુઘ્નની માતા (૩)
૧૬. ભરતની પત્ની (૩)
૧૮. તંતુ, દોરો, રેસો (૨)
૧૯. --- પટેલ નાની ઉંમરે મૃત્યુ પામેલ મોટો કવિ (૩)
૨૦. બહાદુર પુરુષ (૪)
૨૨. એક વત્તા પા (૨)
૨૩. દશરથ રાજાની યુવાન રાણી (૩)
૨૭. મૂળ રહીશ (૩)
૨૮. રામની બહેન (૨)
૨૯. નલકુબેરે રાવણને --- આપ્યો (૨)
૩૧. રાવણને હરાવનાર વાનરરાજ (૨)

## ગુજરાત મોરી મોરી રે

ગુજરાતમાં ખેતીવાડી સારી થાય છે. રાજ્ય કયા પાકના ઉત્પાદનમાં અગ્રેસર છે એ વિકલ્પોમાંથી શોધીને જણાવો.

અ) ઘઉં બ) કપાસ ક) મરચાં ડ) બાજરો

## જાણવા જેવું

ફૂલમાં મુખ્ય ચાર વિભાગ કે અંગ હોય છેઃ બાહ્યાચ્છાદન, અંતરાચ્છાદન, પુંકેસર અને સ્ત્રીકેસર. મોટાં ફૂલના પાંચ ભાગ હોય છેઃ કટોરી, લીલી પાંદડી (વજ), પાંખડી, પુંકેસર અથવા પરાગકેસર અને સ્ત્રીકેસર અથવા ગર્ભકેસર.

સુકુમારતા, કોમળતા અને સૌંદર્ય માટે ફૂલ બધા દેશના કવિઓમાં પ્રસિદ્ધ છે.

## સુડોકુ-૮૦૫૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૯ | | | ૧ | | | ૬ | |
| | ૬ | | ૪ | | ૫ | | ૩ | |
| ૩ | | | ૯ | | | | | |
| ૭ | | | | | | | ૮ | |
| ૬ | ૧ | | | | | | ૨ | ૪ |
| | ૪ | | | | | | | ૧ |
| | | | | | ૩ | | | ૨ |
| | ૨ | | ૫ | | ૯ | | ૪ | |
| | ૩ | | | ૮ | | | ૭ | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૫૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૪ | ૩ | ૮ | ૯ | ૨ | ૭ | ૧ | ૬ |
| ૯ | ૭ | ૬ | ૫ | ૩ | ૧ | ૨ | ૮ | ૪ |
| ૮ | ૨ | ૧ | ૪ | ૭ | ૬ | ૯ | ૩ | ૫ |
| ૩ | ૬ | ૯ | ૧ | ૮ | ૫ | ૪ | ૨ | ૭ |
| ૪ | ૫ | ૮ | ૭ | ૨ | ૩ | ૧ | ૬ | ૯ |
| ૨ | ૧ | ૭ | ૬ | ૪ | ૯ | ૮ | ૫ | ૩ |
| ૬ | ૯ | ૪ | ૨ | ૫ | ૮ | ૩ | ૭ | ૧ |
| ૧ | ૩ | ૨ | ૯ | ૬ | ૭ | ૫ | ૪ | ૮ |
| ૭ | ૮ | ૫ | ૩ | ૧ | ૪ | ૬ | ૯ | ૨ |

## ચતુર આપો જવાબ

વિશ્વમાં અનેક ઠેકાણે રેલવે લાઈન છે. તેમાંથી સૌથી લાંબી રેલવે લાઈન કયા નામથી ઓળખાય છે એ કહી શકશો?

**માથું ખંજવાળો**

અ) ઈન્ડિયન પેસિફિક
બ) બીજિંગ - મોસ્કો
ક) ઓરિએન્ટલ એક્સપ્રેસ
ડ) ટ્રાન્સ સાઈબેરિયન

## નોંધી રાખો

જીવનમાં અપાર સુખ હોય, પણ જીવને શાંતિ ન હોય તો ચેતી જજો, તમે ભૂલથી સગવડને સુખ સમજી બેઠા છો.

## માઈન્ડ ગેમ

૧૮૦૦ના 30% રકમને પાંચ વડે ગુણાકાર કરી જે જવાબ આવે એના અડધા કરવાથી કઈ રકમ મળે એ જણાવો.

અ) ૧૩૫૦ બ) ૧૪૪૦
ક) ૧૭૯૦ ડ) ૧૮૩૦

## ગયા શનિવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| અનિલ | પવન |
| આત્મજ | સંતાન |
| એષણા | ઇચ્છા |
| આખેટ | શિકાર |
| અવસર | સમય |

**ગુજરાત મોરી મોરી રે**
ઉચ્છંગરાય ઢેબર

**ઓળખાણ પડી**
બેલ્જિયમ

**માઈન્ડ ગેમ**
૫૪૦

**ચતુર આપો જવાબ**
માથું ખંજવાળો
સિક્કિમ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ભારતી બુચ (૩) સુભાષ મોમાયા (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) ધીરેન ઉદેશી (૬) ગીતા ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) ડૉ. પ્રકાશ કટકિયા (૯) ભારતી પ્રકાશ કટકિયા (૧૦) નીતા દેસાઈ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) હર્ષા મહેતા (૧૩) નુતન વિપીન (૧૪) વિભા મહેશ્વરી (૧૫) તાહેર ઔરંગાબાદવાલા (૧૬) શીરીન ઔરંગાબાદાલા (૧૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૮) લજિતા ખોના (૧૯) શ્રદ્ધા આશર (૨૦) પુષ્પા પટેલ (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) મહેશ દોશી (૨૩) મીનળ કાપડિયા (૨૪) નિખિલ બંગાળી (૨૫) અમીશી બંગાળી (૨૬) પ્રવીણ વોરા (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) જ્યોતિ ખાંડવાલા (૨૯) શ્રદ્ધા આશર (૩૦) ભાવના કર્વે (૩૧) મનીષા શેઠ (૩૨) ફાલ્ગુની શેઠ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) વિણા સંપટ (૩૫) અંજુ ટોલિયા (૩૬) અરવિંદ કામદાર (૩૭) શિલ્પા શ્રોફ (૩૮) નિતિન બજરિયા (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) જયવંત પદમશી ચિખલ (૪૧) ડૉ. પ્રકાશ કટકિયા (૪૨) જગદીશ ઠક્કર (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) જ્યોત્સના ગાંધી (૪૫) ઈનાક્ષી દલાલ (૪૬) રમેશ દલાલ (૪૭) હિના દલાલ (૪૮) દિપીકા દોશી (૪૯) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા

# હૉસ્પિટલના ઈનકારે સગર્ભાનો જીવ લેતા ધમાલ






## પુણેની દીનાનાથ મંગેશકર હૉસ્પિટલની ઘટનાઃ સગર્ભા પાસે એડમિશન માટે દસ લાખ રૂપિયા માગ્યાઃ મહિલા બીજી હૉસ્પિટલમાં ગઈ જયાં જોડિયાં બાળકોને જન્મ આપ્યાં પછીતેનું મૃત્યુ થતા તપાસના આદેશો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દસ લાખ રૂપિયા એડ્વાન્સ ભર્યા વગર સગર્ભાને પુણેની હૉસ્પિટલે દાખલ કરવાનો ઇનકાર કર્યા બાદ બીજી જગ્યા ખસેડાયેલી મહિલાનો જોડિયાં બાળકોને જન્મ આપ્યા બાદ જીવ જતા જબરજસ્ત બબાલ થઈ હતી. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે પુણે સ્થિત જોઈન્ટ ચેરિટી કમિશનરના વડપણ હેઠળ એક સમિતિની રચના કરવાનો આદેશ આપ્યો છે જે મહિલાના મૃત્યુની તપાસ કરશે. પુણેની દીનાનાથ મંગેશકર હોસ્પિટલમાં ૧૦ લાખ રૂપિયાની એડવાન્સ ડિપોઝિટ ન ચૂકવવા બદલ મહિલાને દાખલ કરવાનો ઇનકાર કરતા તેનું નિધન થયું હતું.

એક દિવસ પહેલા ભાજપના વિધાન પરિષદના સભ્ય અમિત ગોરખે દ્વારા આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. એક વીડિયો સંદેશમાં તેમણે કહ્યું હતું કે તેમના અંગત સચિવની પત્ની તનિષા ભીસેને દીનાનાથ મંગેશકર હોસ્પિટલ દ્વારા દાખલ કરવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો, ત્યારબાદ તેને બીજી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી જ્યાં જોડિયા બાળકોને જન્મ આપ્યા પછી તેનું મૃત્યુ થયું હતું. ■

### શું છે આખો વિવાદ?

પુણેની જાણીતી દીનાનાથ મંગેશકર હોસ્પિટલમાં પ્રશાસનની બેદરકારી અને પૈસા કમાવવાની ઘેલછાને કારણે એક ગર્ભવતી મહિલાનું મૃત્યુ થયું હતું. પ્રસૂતિ પીડાથી પીડાઇ રહેલી તનિષા ભિસેને દીનાનાથ મંગેશકર હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી, પણ હૉસ્પિટલ સત્તાવાળાઓએ તેને એડમિટ કરવા માટે દસ લાખ રૂપિયાની માગણી કરી હતી. પૈસાની લાલચને કારણે તનિષા ભિસેનો જીવ ગયો પણ તેની જોડિયા દીકરીઓનો જીવ બચી ગયો. તનિષા ભિસે એ ભાજપના વિધાન પરિષદના સભ્ય અમિત ગોરખેના પર્સનલ આસિસ્ટન્ટ સુશાંત ભિસેનાં પત્ની છે. પૈસાના અભાવે સારવાર ન કરી હોવાના આક્ષેપ દીનાનાથ મંગેશકર હૉસ્પિટલ પર કરવામાં આવી રહ્યો છે.

આખરે પિંપરી-ચિંચવડની સૂર્યા હૉસ્પિટલમાં તનિષાએ જોડિયા દીકરીઓને સાતમા મહિને જન્મ આપ્યો હતો, પણ તનિષાએ પોતાનો જીવ ગુમાવ્યો. તેની બન્ને દીકરી હાલમાં સ્વસ્થ છે.

સુશાંત ભિસે અને તનિષા ભિસેનો આઠ વર્ષ પહેલા પ્રેમલગ્ન થયા હતા. તેમનો સંસાર સુખે ચાલી રહ્યો હતો, પરંતુ તનિષાના મોતથી તેમના પરિવારમાં શોક ફેલાયો છે. ■

### હૉસ્પિટલની તપાસનું તારતમ્ય શું?

દરમિયાન, દીનાનાથ મંગેશકર હોસ્પિટલે તેના આંતરિક તપાસ અહેવાલમાં જણાવ્યું છે કે ૧૦ લાખ રૂપિયાની એડવાન્સ રકમ ન ચૂકવવા બદલ ગર્ભવતી મહિલાને પ્રવેશ ન આપવાના આરોપો 'ભ્રામક' હતા અને તેના પરિવાર દ્વારા 'નિરાશાથી' કરવામાં આવ્યા હતા.

મહિલાની ગર્ભાવસ્થા ઉચ્ચ જોખમી શ્રેણીમાં હતી અને તેના સાત મહિનાના બે ઓછા વજનવાળા ગર્ભ અને જૂની બીમારીના ઇતિહાસને કારણે ઓછામાં ઓછા બે મહિના સુધી એનઆઈસીયુ સારવારની જરૂર હતી. સારવાર માટે ૧૦થી ૨૦ લાખ રૂપિયાની જરૂર હતી અને સલાહ અપાઈ હતી કે ભંડોળના અભાવે, તેઓ દર્દીને જટિલ સર્જરી માટે રકારી સંચાલિત સાસૂન હોસ્પિટલમાં દાખલ કરી શકે છે, એમ તેમાં ઉમેર્યું હતું.■

### જોઈન્ટ ચેરિટી કમિશનર તપાસ કરશે

'પુણેની દીનાનાથ મંગેશકર હોસ્પિટલમાં દાખલ કરવાનો ઇનકાર કરવામાં આવ્યા બાદ એક મહિલાના મૃત્યુની ઘટનાની મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગંભીર નોંધ લીધી છે. તેમણે ઘટનાની તપાસ માટે પુણેના જોઈન્ટ ચેરિટી કમિશનરની અધ્યક્ષતામાં એક તપાસ સમિતિની રચના કરવાનો આદેશ આપ્યો છે,' એમ મુખ્ય પ્રધાનની કચેરી તરફથી બહાર પાડવામાં આવેલા એક નિવેદનમાં જણાવાયું છે.

'તપાસ સમિતિનું નેતૃત્વ પુણેના જોઈન્ટ કમિશનર ઓફ ચેરિટી કરશે અને તેમાં ડેપ્યુટી સેક્રેટરી યમુના જાધવ, ડેપ્યુટી હેડ ઓફ સેલના પ્રતિનિધિ અને ચેરિટી હોસ્પિટલ હેલ્પ સેલ, મુખ્ય પ્રધાન સચિવાલયના સેલ ઓફિસર, સર જે. જે. હોસ્પિટલ ગ્રુપ, મુંબઈના સુપરિન્ટેન્ડેન્ટ, જો તેઓ સભ્ય હોય તો તેનો સમાવેશ થશે. કાયદા અને ન્યાય વિભાગના નાયબ સચિવ/અંડર સેક્રેટરી આ તપાસ સમિતિના સભ્ય સચિવ રહેશે, એમ તેમાં જણાવવામાં આવ્યું હતું. ■

### હૉસ્પિટલની અસંવેદનશીલતાઃ ફડણવીસ

પત્રકારોને સંબોધતાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે ગર્ભવતી મહિલાને એડમિશન ન આપવું એ હૉસ્પિટલની અસંવેદનશીલતા દર્શાવે છે, જેને કારણે તેનું મૃત્યુ થયું હતું.

આ બનાવને કારણે લોકોમાં ભારે આક્રોશ છે અને આ પ્રકરણે ઊચ્ચ સ્તરીય તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. તબીબી મૂલ્યો આવશ્યક છે. મુખ્ય પ્રધાનની તબીબી સહાય એકમ પણ આમાં મધ્યસ્થી કરી રહ્યો હતો, છતાં હોસ્પિટલે મચક આપી નહોતી, એમ મુખ્ય પ્રધાને કહ્યું હતું. ■

### આક્રોશ અને તોડફોડ

પુણેની દીનાનાથ મંગેશકર હોસ્પિટલ પ્રશાસનની બેદરકારીના કારણે એક ગર્ભવતી મહિલાએ જીવ ગુમાવ્યો છે. આ ઘટનાથી સમાજ હચમચી ઉઠ્યો છે અને આજે વિવિધ પક્ષો અને સંગઠનો દ્વારા હોસ્પિટલની બહાર રોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો. ભાજપના મહિલા હોદ્દેદારોએ ડો.ઘૈસાસના અશ્વિની નર્સિંગ હોમમાં તોડફોડ કરી હતી.


### આરોગ્ય વિભાગ પણ તપાસ કરશે

મહારાષ્ટ્રના પ્રધાન પ્રકાશ અબિતકરે શુક્રવારે જણાવ્યું હતું કે ૧૦ લાખ રૂપિયાની એડવાન્સ ડિપોઝિટ ન ચૂકવી હોવાના કારણસર એક સગર્ભા મહિલાને દાખલ કરવાનો પુણેની એક હોસ્પિટલે કથિત રીતે ઇનકાર કર્યો હોવાની ઘટનાની તપાસ આરોગ્ય વિભાગના એક વરિષ્ઠ અધિકારી કરશે..

અબિતકરે જણાવ્યું હતું કે 'અમે આરોગ્ય વિભાગના ડેપ્યુટી ડિરેક્ટરને હોસ્પિટલમાં શું થયું તેની તપાસ કરવા જણાવ્યું છે.'(પીટીઆઈ)

હૉસ્પિટલને એક રૂપિયામાં જમીન અપાઈ ૪

# ગરમી, ઉકળાટ, ઝાપટાં અને ધૂળનું સામ્રાજ્ય



**ધૂળ જ ધૂળઃ** મુંબઈ અને થાણેમાં ભારે જોરથી પવન ફૂંકાતાં આવાં દૃશ્યો જોવા મળ્યાં હતાં. થાણેમાં ધૂળની ડમરીઓને કારણે રીતસરનો સૂરજ ઢંકાઈ ગયો હતો. (જયપ્રકાશ કેળકર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરા માટે શુક્રવારનો દિવસ ભારે ગરમી અને ઉકળાટભર્યો રહ્યો હતો. બપોર સુધી ગરમી અને સાંજ બાદ તેજ પવનો ફૂંકાવાની સાથે જ ધૂળનું વાવાઝોડું પણ અમુક જગ્યાએ સર્જાયું હતું. થાણે સહિત કલ્યાણ, ઉલ્હાસનગર અને ભિવંડીમાં ભારે પવન ફૂંકાવાની સાથે જ હળવા વરસાદના ઝાપટાં પડ્યા હતા. આજે અને આવતી કાલ માટે મુંબઈ, થાણે અને પાલઘર માટે યલો એલર્ટ આપવામાં આવ્યું હોઈ વરસાદના ઝાપટાં પડવાની શક્યતા છે. શુક્રવારે મુંબઈમાં બપોર સુધી વાદળિયું વાતાવરણ રહ્યું હતું. બાદમાં સાંજે દક્ષિણ મુંબઈના અમુક વિસ્તારોમાં ધૂળનું વાવાઝોડું સર્જાયું હતું, જેમાં આઝાદ મેદાન સહિત અનેક જગ્યાએ ધૂળની ડમરીઓ ઊડીને વિઝિબિલીટી ઘટી ગઈ હતી.

શુક્રવારે બપોરે શહાપુર તાલુકામાં જોરદાર પવનો સાથે વરસાદ પડ્યો હતો. તેને કારણે જનજીવન ખોરવાયું હોઇ મુંબઈ-નાશિક હાઇવે પર બન્ને બાજુ વાહનવ્યવહાર બંધ થઇ ગયો હતો. આ સિવાય મુંબઈ-કસારા રેલવે ટ્રેક પર પતરાનો શેડ પડવાને કારણે ટ્રેનસેવા પણ ઠપ થઇ હતી. જોરદાર હવાને કારણે મુંબઈ-કસારા રેલવે ટ્રેક પર પતરાનો શેડ પડવાને કારણે ટ્રેનસેવા ખોરવાઇ હતી. તાનશેત સ્ટેશન પાસે જ ટ્રેન રોકાઇ ગઇ હતી. આ સિવાય મુંબઈ-નાશિક હાઇવે પર પણ જોરદાર વરસાદને વીજળીના વાયર તૂટીને રસ્તા પર પડ્યો હોવાથી બન્ને દિશાનો વાહનવ્યવહાર અટકી પડ્યો હતો. શહાપુર તાલુકાના ખર્ડી નજીક રાતાંધળે ગામ નજીક આ વાયરો હાઇવે પર પડ્યા હતા.■

# સૈફ અલી ખાન પર હુમલોઃ ચાકુના ત્રણેય ટુકડા મેળ ખાય છેઃ પોલીસે કોર્ટને કહ્યું

મુંબઈઃ ફિલ્મ અભિનેતા સૈફ અલી ખાન પર બાંદ્રામાંના તેના ઘરમાં થયેલા હુમલા દરમિયાન તેની પીઠમાં ખૂંપી ગયેલો ચાકુનો ટુકડો અને ઘટનાસ્થળેથી મળેલો એક ભાગ આરોપી મોહંમદ શરીફુલ ઇસ્લામ પાસેથી જપ્ત કરાયેલા ચાકુ સાથે મેળ ખાય છે, એવું પોલીસે કોર્ટને જણાવ્યું હતું. ત્રણેય ટુકડા એ જ ચાકુનો ભાગ છે, જેનો ઉપયોગ સૈફ પર હુમલો કરવા માટે કરાયો હતો, એવું આરોપીની જામીન અરજીનો વિરોધ કરતી વખતે પોલીસે કોર્ટને જણાવ્યું હતું. બાંદ્રામાં અપાર્ટમેન્ટના ૧૨મા માળે ૧૬ જાન્યુઆરીએ સૈફ અલી ખાન પર હુમલો કરવામાં આવ્યો હતો. હુમલામાં ઘવાયેલા સૈફ પર લીલાવતી હોસ્પિટલમાં સર્જરી કરીને તેની પીઠમાં ખૂંપેલો ચાકુનો ટુકડો

(જુઓ પાનું ૪) ▶▶

# નાગપુરમાં જાહેરમાં શસ્ત્રના ઘા ઝીંકી યુવકની હત્યા

નાગપુરઃ નાગપુરમાં લોકોની નજર સામે શસ્ત્રના ઘા ઝીંકી યુવકની હત્યા કરવામાં આવી હોવાની ઘટના ગુરુવારે રાતના આ ઘટના બની હતી, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયર થયો હતો. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર આ પ્રકરણે ત્રણ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે અન્ય બે ફરાર હોઇ તેમની શોધ ચલાવાઇ રહી છે. ઝિંગાબાઇ તાકલી માર્કેટ વિસ્તારમાં ગુરુવારે રાતે ૧૦.૧૫ વાગ્યે પાંચ આરોપીઓએ સોહેલ ખાન નામના યુવક પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો. (પીટીઆઇ)■

# પૂર્વના પરાંમાં કૉંક્રીટાઈઝેશનની ધીમી ગતિઃ કૉન્ટ્રેક્ટરોને ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના રસ્તાના કૉંક્રીટાઈઝેશનના કામ કૉન્ટ્રેક્ટરોએ ચોમાસા પહેલા એટલે કે ૩૧ મેની મુદત સુધીમાં પતાવાના છે. જોકે પૂર્વ ઉપનગરમાં કામ અત્યંત ધીમી ગતિએ ચાલી રહ્યું હોવાથી પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ કૉન્ટ્રેક્ટરોને તેમની કામની પધ્ધતિમાં સુધારો નહીં કર્યો તો તેમનો કૉન્ટ્રેક્ટ રદ કરવાની સાથે જ તેમની સામે આકરાં પગલાં લેવાની ચેતવણી આપી છે.

રસ્તાઓ પર ખાડા પડવાની સમસ્યા દૂર કરવા માટે તમામ રસ્તાઓનું કૉંક્રીટાઈઝેશનનું કામ હાથ મુંબઈ મહાનગરપાલિકાએ હાથ ધર્યું છે. હાલ મોટા પ્રમાણમાં ઠેર-ઠેર રસ્તાઓ ખોદી

(જુઓ પાનું ૪) ▶▶

# અંબરનાથમાં પિતાએ મોબાઈલ લઇ લેતાં સગીર પુત્રએ કરી આત્મહત્યા

થાણેઃ થાણે જિલ્લાના અંબરનાથમાં મોબાઇલ પર ગેમ રમવાની ના પાડ્યા બાદ પિતાએ મોબાઇલ લઇ લેતાં નારાજ થયેલા ૧૬ વર્ષના પુત્રએ ગળાફાંસો ખાધો હતો. પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ અંબરનાથના નેવાલી ગામમાં ગુરુવારે આ ઘટના બની હતી. આત્મહત્યા કરનારા સગીરની ઓળખ અમન સાહુ તરીકે થઇ હતી. અમન સાહુ દસમા ધોરણમાં અભ્યાસ કરતો હતો. ગુરુવારે પરિવારજનોની ગેરહાજરીમાં તેણે ઘરમાં ગળાફાંસો ખાધો હતો. અમનનાં માતા-પિતા ઇચ્છતા હતા કે તે અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરે. તેમણે અમનને ટ્યૂશન ક્લાસીસમાં પણ રાખ્યો હતો. અમન વારંવાર મોબાઇલ પર ગેમ રમ્યા કરતો હતો. આથી અમનને મોબાઇલથી દૂર રાખવાનું તેનાં માતા-પિતાએ નક્કી કર્યું હતું. દરમિયાન પિતાએ મોબાઇલ લઇ લેતાં અમન નારાજ થઇ ગયો હતો અને તેણે ગુરુવારે ઘરમાં અંતિમ પગલું ભર્યું હતું. (પીટીઆઇ)■

# મુંબઈ-પુણે એક્સપ્રેસવે પરથી ૫૭ ટન ગૌમાંસ જપ્ત

પુણેઃ મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર લોનાવલા ગ્રામીણ પોલીસે બે કન્ટેઇનરને આંતરીને ૫૭ ટન ગૌમાંસ જપ્ત કર્યું હતું. આ પ્રકરણે ગુનો દાખલ કરીને બંને કન્ટેઇનરના ડ્રાઇવરોને તાબામાં લેવાયા હતા, એમ સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.

પુણેના ગૌરક્ષકે લોનાવલા ગ્રામીણ પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને મુંબઈ-પુણે એક્સપ્રેસવે પરથી પસાર થનારા બે એસી કન્ટેઇનર વિશે જણાવ્યું હતું. બંને કન્ટેઇનરમાં ગૌમાંસ લવાઇ રહ્યું હોવાની તેણે શંકા વ્યક્ત કરી હતી.

દરમિયાન પોલીસની ટીમે એક્સપ્રેસવે પર બંને કન્ટેઇનરને આંતર્યા હતા. કન્ટેઇનરમાં ભેંસનું માંસ હોવાનું જણાવીને ડ્રાઇવરે જરૂરી દસ્તાવેજો પોલીસને દેખાડ્યા હતા. જોકે ગૌરક્ષકે માંસ અંગે શંકા વ્યક્ત કરતાં તેના નમૂના લઇને તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા. તપાસમાં તે ગૌમાંસ હોવાનું સામે આવ્યું હતું.

આથી પોલીસે કન્ટેઇનરના ડ્રાઇવર નદીમ કલીમ અહમદ તથા નાસીર અહમદને તાબામાં લીધા હતા. આ ગૌમાંસ હૈદરાબાદથી આવ્યું હોવાનું તપાસમાં જણાયા બાદ ત્યાંની કંપનીના માલિક તથા અન્ય લોકો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ■

# નાંદેડમાં ટ્રેક્ટર-ટ્રોલી કૂવામાં પડીઃ સાત મહિલાનાં જીવ ગયા



છત્રપતિ સંભાજી નગરઃ મહારાષ્ટ્રના નાંદેડ જિલ્લામાં શુક્રવારે સવારે ખેતરે જઈ રહેલી એક ટ્રેક્ટર-ટ્રોલી કૂવામાં પડી જતાં સાત મહિલા ખેતમજૂરો મૃત્યુ પામી હતી, જ્યારે અન્ય ત્રણને બચાવી લેવામાં આવ્યા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. મૃત્યુ પામેલી મહિલા પૈકી બે માત્ર ૧૮ વર્ષની હતી. જિલ્લા માહિતી અધિકારી (ડીઆઈઓ) પ્રવીણ ટાકેએ જણાવ્યું હતું કે લિંબગાંવ પોલીસ સ્ટેશનના અધિકાર ક્ષેત્રમાં આવતા અસેગાંવ ગામમાં સવારે લગભગ ૭.૩૦ વાગ્યે આ અકસ્માત થયો હતો. વાહન રસ્તા પરથી સરકી ગયું હતું અને છલોછલ ભરાયેલા કૂવામાં પડી ગયું હતું. પોલીસ અને સ્થાનિક વહીવટી તંત્રના અધિકારીઓએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી અને કૂવામાંથી મોટા પ્રમાણમાં પાણી બહાર કાઢ્યું હોવાની જાણકારી આપી અધિકારીએ ઉમેર્યું હતું કે બચાવકાર્યના અંતે સાત મહિલાઓના મૃતદેહોને કૂવામાંથી બહાર કાઢવામાં આવ્યા હતા અને અન્ય ત્રણને બચાવી લેવામાં આવ્યા હતા. મૃતકની ઓળખ તારાબાઈ સતવાજી જાધવ (૩૫), ધ્રૂપતા સતવાજી જાધવ (૧૮), સરસ્વતી લખન બુરાડ (૨૫), સિમરન સંતોષ કાંબળે (૧૮), ચૈત્રબાઈ માધવ પારધે (૪૫), જ્યોતિ ઇરાબાજી સરોદે (૩૫), સપના તુકારામ રાઉત (૨૫) તરીકે થઈ હતી. અન્ય ત્રણ મહિલા ખેતમજૂરો - પાર્વતીબાઈ બુરાડ (૩૫), પુરભાબાઈ કાંબળે (૪૦), સતવાજી જાધવ (૫૫)ને જળાશયમાંથી બચાવી લેવામાં આવી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત કોષ માંથી દરેક મૃતકોના પરિવારજનોને બે લાખ રૂપિયાના સહાય ચૂકવવાની જાહેરાત કરી હતી અને ઇજાગ્રસ્તોને પ્રત્યેકને ૫૦,૦૦૦ રૂપિયા આપવામાં આવશે એમ પણ કહ્યું હતું. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પ્રત્યેક મૃતકના પરિવારને પાંચ લાખ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી હતી. (પીટીઆઈ)■

# નશેડી ડ્રાઈવરો ચેતજોઃ હવે સીધો ગુનો નોંધાશે

## સંબંધિત પોલીસ સ્ટેશનોમાં ગુનો નોંધી લાઈસન્સ અને વાહન જપ્ત કરવાનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દારૂના નશામાં વાહન ચલાવનારાઓએ હવે ખાસ ચેતવા જેવું છે. નશામાં વાહન ચલાવતાં પકડાયા તો માત્ર મોટર વેહિકલ ઍક્ટ હેઠળ કાર્યવાહી કરવાને બદલે હવે સીધો ગુનો નોંધવાનો આદેશ વરિષ્ઠ અધિકારીએ આપ્યો છે. સંબંધિત પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધીને લાઈસન્સ અને વાહન જપ્ત કરવાનું પણ કહેવામાં આવ્યું છે.

ગોરેગામ પૂર્વમાં સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યોરિટી ફોર્સ (સીઆઈએસએફ)ના જવાને દારૂના નશામાં કાર ચલાવી રિક્ષાને અડફેટે લેતાં એક મહિલાનું મૃત્યુ થયું હતું, જ્યારે મહિલાની બે દીકરી સહિત ત્રણ ગંભીર રીતે ઘવાયા હોવાની ઘટના ગુરુવારની વહેલી સવારે બની હતી. આ રીતે દારૂના નશામાં વાહન ચલાવીને પોતાના અને અન્યોના જીવ જોખમમાં મૂકનારાઓ પર લગામ તાણવા માટે ટ્રાફિક પોલીસ દ્વારા કડક પગલાં લેવાનું નક્કી કરાયું છે.

ટ્રાફિક વિભાગના વરિષ્ઠ અધિકારી દ્વારા અપાયેલા આદેશ અનુસાર નશામાં વાહન ચલાવતા પકડાયેલા ડ્રાઈવરો વિરુદ્ધ સંબંધિત પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૨૫ હેઠળ ગુનો નોંધવામાં આવશે. એ સિવાય મોટર વેહિકલ ઍક્ટની ૧૮૫ તેમ જ ગુનાના સ્વરૂપ અનુસાર અન્ય કલમો પણ લાગુ કરાશે. આવા ડ્રાઈવરોનાં લાઈસન્સ અને વાહનો જપ્ત કરવાની ભલામણ પણ આદેશમાં કરાઈ છે. આ આદેશ દરેક પોલીસ સ્ટેશનને આપવામાં આવ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારા વાહનચાલકો વિરુદ્ધ ટ્રાફિક પોલીસ દ્વારા સમયાંતરે કાર્યવાહી કરવામાં આવે છે. નાકાબંધી અને વિશેષ ઝુંબેશ હાથ ધરી નશામાં વાહન ચલાવનારાઓ સામે કાર્યવાહી કરાય છે. ૨૦૨૩માં દારૂ પીને વાહન ચલાવનારા ૨,૫૬૨ ડ્રાઈવર ઝડપાયા હતા, જ્યારે ગયા વર્ષે ૨૦૨૪માં તો આવા ડ્રાઈવરો પકડાવાનું પ્રમાણ ૨૬૯ ટકા જેટલું વધી ગયું હતું. ૨૦૨૪માં કુલ ૯,૪૬૨ ડ્રાઈવરો નશામાં વાહન ચલાવતાં પકડાયા હતા.

અધિકારીના કહેવા મુજબ ગયા વર્ષે જાન્યુઆરીથી માર્ચના ત્રણ મહિનામાં ૧,૩૫૬ ડ્રાઈવર વિરુદ્ધ કાર્યવાહી કરાઈ હતી, જ્યારે આ વર્ષના શરૂઆતના ત્રણ મહિનામાં ખાસ્સા

(જુઓ પાનું ૪) ▶▶

# મરાઠીના નામે કાયદો હાથમાં લેવાનું સાંખી નહીં લેવાયઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે ચેતવણી આપી હતી કે કેટલાક લોકો મરાઠી ભાષાના ઉપયોગની માગણી કરતી વખતે કાયદો હાથમાં લેવાના પ્રયાસો કરી રહ્યા છે જેને સહન કરવામાં આવશે નહીં. એમએનએસ દ્વારા રાજ્યની સત્તાવાર ભાષાના આક્રમક આગ્રહ રાખવામાં આવે છે ત્યારે તેમણે કરેલા નિવેદનને ગંભીર માનવામાં આવે છે.

'મરાઠી ભાષાના ઉપયોગનો આગ્રહ રાખવો ખોટું નથી, પરંતુ જો આમ કરતી વખતે (કોઈ દ્વારા) કાયદો હાથમાં લેવામાં આવે, તો તે સહન કરવામાં આવશે નહીં અને સંબંધિત વ્યક્તિઓ સાથે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે,' એમ ફડણવીસે અહીં પત્રકારોને જણાવ્યું હતું.

મનસે દ્વારા રાજ્યમાં પાલિકાની ચૂંટણીઓ પહેલાં મરાઠીના મુદ્દાને જોરશોરથી આગળ ધપાવવામાં આવે છે. છેલ્લા કેટલાક અઠવાડિયામાં રાજ ઠાકરેની પાર્ટીના કાર્યકર્તાઓ મરાઠીનો બેંકો અને અન્ય સંસ્થાનોમાં ઉપયોગ કરાવવા માટે દબાણ કરતા જોવા મળી રહ્યા છે. અહીં ઉલ્લેખનીય છે કે મનસેએ બે અલગ અલગ બનાવમાં થાણે અને પુણેમાં બેંકના મેનેજરોને ગ્રાહકો સાથે મરાઠીમાં વાત ન કરવા બદલ ધાકધમકી આપી હતી. એક બનાવ અંબરનાથમાં અને બીજો લોનાવલામાં બન્યો હતો અને તેના વીડિયો સોશ્યલ મીડિયા પર વાઈરલ થયા હતા. ■

# અનધિકૃત બાંધકામ પ્રત્યે આંખ આડા કાન ન કરી શકાયઃ હાઇ કૉર્ટે

મુંબઈઃ થાણે જિલ્લાના ઉલ્હાસનગર ખાતેના ગેરકાયદે બાંધકામને તોડી પાડવાનો આદેશ આપતા બોમ્બે હાઇ કોર્ટે જણાવ્યું હતું કે અનધિકૃત બાંધકામને નજરઅંદાજ ન કરી શકાય, કારણ કે કાયદાનું પાલન ન થવાથી અરાજકતા ફેલાઇ શકે છે. કોર્ટે ગુરુવારે આપેલા પોતાના નિર્ણયમાં કહ્યું હતું કે જે લોકો નાગરિક તરીકેની પોતાની ફરજ બજાવતા નથી તેઓને બંધારણ હેઠળ અધિકારોનો લાભ લેવાની મંજૂરી આપી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે નક્કી કરેલા ગેરકાયદે અસાધ્યથી આપણે જોડાયેલા છીએ. ગેરકાયદે બાંધકામથી સંબંધિત દરેક વ્યક્તિને જવાબદાર ઠેરવીને તેની સામે કડક કાર્યવાહી કરવી જોઇએ, એમ કોર્ટે કહ્યું હતું. અમે રાજ્ય સરકારને આ અંગે પણ કાયદો બનાવવાની ભલામણ કરીએ છીએ. જો ગેરકાયદે બાંધકામ સામે સમયસર પગલાં લેવામાં નહી આવે તો જે આયોજિત વિકાસનો હેતુ છે તે ફક્ત એક સપનું બનીને રહી જશે, એમ કોર્ટે વધુમાં જણાવ્યું હતું. નીતુ મખીજા દ્વારા કરાયેલી અરજીમાં મહાગૌરી બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સના ગેરકાયદે બાંધકામને દૂર કરવાનો ઉલ્હાસનગર પાલિકાને નિર્દેશ કરવાની માગણી કરાઇ હતી. (પીટીઆઈ)■




# હાર્દિકનું પાંચ વિકેટનું પરાક્રમ પાણીમાં, મુંબઈ હાર્યું

## લખનઊનો થ્રિલરમાં વિજયઃ હાર્દિક બૅટિંગથી ન જિતાડી શક્યો

લખનઊઃ લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)એ અહીં હોમ ગ્રાઉન્ડ પર મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) સામેના થ્રિલરમાં ૧૨ રનથી વિજય મેળવ્યો હતો. હાર્દિક પંડ્યાના સુકાનમાં એમઆઇની ટીમ ૨૦૪ રનના પડકારરૂપ લક્ષ્યાંક સામે પાંચ વિકેટે ૧૯૧ રન બનાવી શકી હતી. એમઆઇએ મેળવી શકાય એવો લક્ષ્યાંક મુશ્કેલ બનાવી દીધો હતો. મૂળ મુંબઈના અને લખનઊના બોલર શાર્દુલની ૧૯મી ઓવર એમઆઇને નડી હતી. એ ઓવરમાં ફક્ત સાત રન થયા હતા અને આવેશ ખાનની ૨૦મી ઓવરમાં એમઆઇએ બાવીસ રન બનાવવાના હતા જે નહોતા બની શક્યા. હાર્દિક (૨૮ અણનમ, ૧૬ બૉલ, એક સિક્સર, બે ફોર) સૅન્ટનર (બે રન) સાથે અણનમ રહ્યો હતો. હાર્દિક આવેશના ત્રીજા બૉલમાં રન દોડવાનો ઇનકાર કરીને વિચિત્ર નિર્ણય લીધો હતો.

આકાશ દીપની ઓવરમાં સૂર્યકુમાર યાદવ (૬૭ રન, ૪૩ બૉલ, એક સિક્સર, નવ ફોર) પિચમાં વચ્ચે તિલક સાથે ભેગા થઈ ગયા બાદ રનઆઉટ થતાં બચી ગયો, પણ પછીથી આવેશ ખાનના બૉલમાં વિચિત્ર સ્ટાઇલમાં સિક્સર મારવાના પ્રયાસમાં અબ્દુલ સામદને કૅચ આપી બેઠો હતો. તિલક વર્મા સાથે તેની ૬૬ રનની ભાગીદારી થઈ હતી. તિલકને તેના પચીસમા રને 'રિટાયર્ડ આઉટ' કરવામાં આવ્યો હતો અને સૅન્ટનરને બૅટિંગની તક અપાઈ હતી. રોહિત શર્મા ઘૂંટણની ઈજાને લીધે આ મૅચમાં નહોતો રમ્યો. વિલ જૅક્સ (પાંચ રન) અને રાયન રિકલ્ટન (૧૦ રન)ની ઓપનિંગ જોડી સારું રમવામાં નિષ્ફળ રહ્યા બાદ નમન ધીરે (૪૬ રન, ૨૪ બૉલ, ત્રણ સિક્સર, ચાર ફોર) ત્રીજી વિકેટ માટે સૂર્યકુમાર યાદવ સાથે ૬૯ રનની ભાગીદારી કરી હતી. લખનઊ માટે બન્ને ઓપનર મિચલ માર્શ (૬૦ રન, ૩૧ બૉલ, બે સિક્સર, નવ ફોર) અને એઇડન માર્કરમ (૫૩ રન, ૩૮ બૉલ, ચાર સિક્સર, બે ફોર) ૭૬ રનની ભાગીદારી સાથે આધારસ્તંભ બની ગયા ત્યાં બીજી બાજુ એમઆઇ વતી કૅપ્ટન હાર્દિક પંડ્યા (૪-૦-૩૬-૫)એ તરખાટ મચાવ્યો હતો. ■



એમઆઈના કૅપ્ટન હાર્દિક પંડ્યાએ ૩૬ રનમાં પાંચ વિકેટ લીધી હતી. તેણે હરીફ સુકાની રિષભ પંતની પણ વિકેટ લીધી હતી. જોકે તેનો એ પર્ફોર્મન્સ એળે ગયો હતો. (બીસીસીઆઈ)

# રિષભ પંત ચોથી વાર ફ્લૉપ, કૅપ્ટને જ કૅપ્ટનની વિકેટ લીધી

લખનઊઃ અહીં ભારતરત્ન શ્રી અટલ બિહારી વાજપેયી ઇકાના ક્રિકેટ સ્ટેડિયમમાં ગઈ કાલે લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)નો સુકાની રિષભ પંત સતત ચોથી વાર બૅટિંગમાં સારું પર્ફોર્મ કરવામાં નિષ્ફળ ગયો હતો. તે માત્ર બે રનના પોતાના સ્કોર પર મુંબઈ ઇન્ડિયન્સના કૅપ્ટન હાર્દિક પંડ્યાના બૉલમાં કૅચઆઉટ થયો હતો.

રિષભ પંતના ચાર મૅચના સ્કોર આ મુજબ રહ્યાઃ દિલ્હી સામે શૂન્ય, હૈદરાબાદ સામે ૧૫, પંજાબ સામે બે અને મુંબઈ સામે બે રન.

રિષભ પંત આઉટ થયો ત્યારે લખનઊનો સ્કોર ત્રણ વિકેટે ૧૦૭ રન હતો. ઓપનર મિચલ માર્શ (૬૦ રન, ૩૧ બૉલ, બે સિક્સર, નવ ફોર) અને એઇડન માર્કરમ વચ્ચે ૭૬ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી.

માર્શની મહત્ત્વની વિકેટ યુવાન સ્પિનર વિઘ્નેશ પુથુરે લીધી હતી. પુથુરે પોતે જ તેનો કૅચ ઝીલી લીધો હતો.

સૌથી ડેન્જરસ બૅટ્સમૅન નિકોલસ પૂરન ૧૨ રન બનાવીને હાર્દિકના બૉલમાં શૉર્ટ ફાઇન લેગ પર દીપક ચાહરના હાથમાં કૅચ આપી બેઠો હતો.

રોહિત શર્મા ઘૂંટણની ઈજાને કારણે આ મૅચમાં નથી રમ્યો. ■

# શું વાત છે! ધોની પાછો કૅપ્ટન બની રહ્યો છે? ક્યારે? શા માટે?

ચેન્નઈઃ ૨૦૨૩માં ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ને આઇપીએલનું પાંચમું ટાઇટલ અપાવનાર મહેન્દ્રસિંહ ધોની આજે (શનિવારે) ફરી એક વાર સીએસકેની કૅપ્ટન્સી સંભાળતો જોવા મળે તો નવાઈ નહીં પામતા, કારણકે એવો અહેવાલ છે કે સુકાની ઋતુરાજ ગાયકવાડને હાથ પર બૉલ વાગ્યો હોવાથી તે શનિવારે દિલ્હી કૅપિટલ્સ (ડીસી) સામેની મૅચમાં મોટા ભાગે નહીં રમે એટલે તેની ગેરહાજરીમાં સુકાનની જવાબદાર ફરીથી કદાચ માહીને સોંપવામાં આવશે.



આ વાતને પુષ્ટિ મળી શકે એવું કારણ એ છે કે સીએસકેના બૅટિંગ-કોચ માઇક હસીએ સંકેત આપ્યો છે કે શનિવારે ડીસી સામેની મૅચમાં સીએસકેની ટીમના નેતૃત્વમાં ફેરફાર જોવા મળી શકે.

માઇક હસીના આ નિવેદન પરથી એવી અટકળ થઈ રહી છે કે આ એક મૅચ માટે ધોની ફરી કૅપ્ટન્સીના સૂત્રો સંભાળશે.

વધુ ખુશીની વાત એ છે કે ધોનીને ચેન્નઈમાં હોમ-ક્રાઉડ સામે ફરી નેતૃત્વ સંભાળવાની તક મળશે.

ગાયકવાડને રવિવારે ગુવાહાટીમાં રાજસ્થાન રૉયલ્સ સામેની મૅચ દરમ્યાન રાજસ્થાનના પેસ બોલર તુષાર દેશપાંડેનો બૉલ વાગતાં હાથ પર ઈજા થઈ હતી. તેની કોણી પર સોજો છે.

હસીએ એવું પણ જણાવ્યું હતું કે 'એક યુવાન વિકેટકીપરને દિલ્હી સામે રમવાનો કદાચ મોકો મળશે.'

ઉલ્લેખનીય છે કે શનિવારે સીએસકેની ટીમમાં ન્યૂ ઝીલૅન્ડનો વિકેટકીપિંગ બૅટર ડેવૉન કૉન્વે કદાચ ઋતુરાજ ગાયકવાડનું સ્થાન લેશે. કૉન્વે ઓપનિંગમાં રાહુલ ત્રિપાઠી સાથે રમશે અને રચિન રવીન્દ્રને કદાચ ત્રીજા નંબરે મોકલવામાં આવશે.

દિલ્હી સામે શનિવારે સીએસકે જૅમી ઑવર્ટનના સ્થાને કદાચ અંશુલ કમ્બોજને ઇલેવનમાં સમાવશે. ■

# મુંબઈના ખેલાડીઓ લખનઊ સામેના મુકાબલા પહેલાં અયોધ્યાના રામ મંદિરે આશીર્વાદ લેવા ગયા હતા

લખનઊઃ અહીં ગઈ કાલે લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી) સામેની આઈપીએલની મૅચ માટે મુંબઈ ઈન્ડિયન્સ (એમઆઇ)ના ખેલાડીઓએ ગુરુવારે પ્રેક્ટિસ વચ્ચે થોડો સમય કાઢીને અયોધ્યામાં રામ મંદિરની મુલાકાત લીધી હતી.

સૂર્યકુમાર યાદવ અને તેની પત્ની દેવિશા શેટ્ટી તેમ જ એમઆઈના અન્ય કેટલાક ખેલાડીઓ રામ મંદિરે ગયા હતા.

અન્ય ખેલાડીઓમાં દીપક ચાહર, તિલક વર્મા અને કર્ણ શર્માનો સમાવેશ હતો.

સૂર્યકુમાર યાદવ ભારતની ટી-૨૦ ટીમનો કેપ્ટન છે અને વર્તમાન ટી-૨૦ ક્રિકેટના શ્રેષ્ઠ બેટ્સમેનોમાં ગણાય છે.

૩૪ વર્ષનો સૂર્યા વર્તમાન આઈપીએલની પહેલી ત્રણ મૅચમાં કુલ ફક્ત ૧૦૪ રન કરી શક્યો હતો જેમાં ૪૮ રન હાઈએસ્ટ સ્કોર હતો.



એમઆઈની ટીમ પહેલી બંને મૅચ હારી ગઈ હતી. સોમવારે વાનખેડેમાં કેકેઆર સામે વિજય મેળવીને હાર્દિક પંડ્યાના સુકાનમાં એમઆઇની ટીમે જીતવાનું શરૂ કર્યું હતું. ■

# યશસ્વીએ ડ્રેસિંગ રૂમમાં રહાણેની કિટબૅગને લાત મારી હતીઃ અહેવાલ

## આઈપીએલમાં કરોડો રૂપિયા કમાતો જયસ્વાલ મુંબઈ છોડીને ગોવાની ટીમ સાથે જોડાઈ ગયો

મુંબઈઃ ડોમેસ્ટિક ક્રિકેટમાં છ વર્ષ સુધી મુંબઈની ટીમ સાથે જોડાયેલો યશસ્વી જયસ્વાલ અચાનક મુંબઈની ટીમ છોડીને ગોવાની ટીમ સાથે જોડાઈ ગયો એટલે અસંખ્ય ક્રિકેટ પ્રેમીઓને આંચકો તો લાગ્યો જ છે, એ પાછળનું કારણ અત્યાર સુધી બહાર નહોતું આવ્યું. કેટલાક અહેવાલોમાં જણાવવામાં આવ્યું છે કે યશસ્વી મુંબઈની ટીમના કેટલાક સિનિયર ખેલાડીઓથી નારાજ હતો. એક અહેવાલમાં તો ત્યાં સુધી જણાવવામાં આવ્યું છે કે યશસ્વીએ ટીમના કેપ્ટન અજિંક્ય રહાણેની ક્રિકેટ કિટબૅગને લાત મારી હતી.



ઉલ્લેખનીય છે કે યશસ્વીને રાજસ્થાન રોયલ્સનું ફ્રેન્ચાઇઝી એક સીઝન રમવાના ૧૮ કરોડ રૂપિયા આપે છે. યશસ્વી બીસીસીઆઈના 'બી' કેટેગરીના કૉન્ટ્રૅક્ટમાં હોવાથી તેને લાખો રૂપિયાનો વાર્ષિક પગાર પણ મળે છે તેમ જ દરેક મૅચ રમવાના અલગથી પૈસા પણ મળે છે.

એક રિપોર્ટમાં એવું કહેવામાં આવ્યું છે કે યશસ્વીને ગોવાની ટીમની કેપ્ટન્સી ઓફર થઈ છે એટલે તે મુંબઈની ટીમ છોડીને ગોવાની ટીમ સાથે જોડાઈ રહ્યો છે. કહેવાય છે કે યશસ્વી અને રહાણે વચ્ચે ૨૦૨૨ની સાલની દુલીપ ટ્રોફી ફાઇનલના સમયથી ખટરાગ હતો. યશસ્વીએ એ મૅચમાં ૨૬૫ રન કર્યા હતા, પરંતુ હરીફ ખેલાડીઓ સામે તે વધુ પડતું સ્લેજિંગ કરી રહ્યો હોવાથી તેને રહાણેએ મેદાન છોડી જવાનો આદેશ આપ્યો હતો.

એ સમયે એ ઘટનાને હળવી રીતે લેવામાં આવી હતી, પરંતુ એવું મનાય છે કે બંને વચ્ચે ત્યારથી કડવાશ શરૂ થઈ હતી.

કેટલાંક સૂત્રોના જણાવ્યા મુજબ યશસ્વીને મુંબઈના ટીમ મૅનેજમેન્ટનો પોતાના પ્રત્યેનો અભિગમ પણ પસંદ નહોતો. યશસ્વીને પોતાના શૉટ સિલેક્શનની બાબતમાં મુંબઈનું મૅનેજમેન્ટ સતતપણે અવલોકન કરતું હતું એ પણ યશસ્વીને ગમતું નહોતું.

યશસ્વી અને રહાણે વચ્ચેનું અંતર આ વર્ષે રણજી ટ્રોફીમાં જમ્મુ-કાશ્મીરની મૅચ વખતે વધી ગયેલું જોવા મળ્યું હતું. એ મૅચમાં મુંબઈનો પરાજય થયો હતો. યશસ્વી એ મૅચમાં માત્ર ચાર અને ૨૬ રનનું યોગદાન આપી શક્યો હતો. પરિણામે કેપ્ટન રહાણે અને કોચ ઓમકાર સાળવીએ યશસ્વીની સમર્પિતતાના અભાવ બદલ તેની ટીકા કરી હતી.

કહેવાય છે કે જમ્મુ-કાશ્મીર સામેના એ પરાજય બાદ ડ્રેસિંગ રૂમમાં ખૂબ ગરમાગરમી થઈ હતી. એ ઉગ્ર ચર્ચા વચ્ચે કહેવાય છે કે યશસ્વીએ રહાણેની ક્રિકેટ કિટબૅગને લાત મારી હતી.

મુંબઈના સિલેક્ટર સંજય પાટીલે એ સમયે જણાવ્યું હતું કે મુંબઈને એવા જ ખેલાડીઓની જરૂર છે જેઓ સારું પર્ફોર્મ કરે અને મુંબઈને મૅચો જિતાડી આપે. દરેક ખેલાડીએ મેદાન પર ૧૦૦ ટકા ક્ષમતાથી રમવું એવું વર્ષોથી મુંબઈ ક્રિકેટનું કલ્ચર રહ્યું છે.

કહેવાય છે કે યશસ્વીને એ ટિપ્પણીઓ માત્ર પોતાના માટે કરવામાં આવી હોય એવું લાગ્યું હતું. ■

# નવેમ્બરમાં દિલ્હીમાં 'પ્રદૂષણની પરાકાષ્ઠા' છતાં સાઉથ આફ્રિકા સામે રમાશે ટેસ્ટ!

નવી દિલ્હીઃ આગામી નવેમ્બરમાં ૧૪-૧૮ તારીખ દરમ્યાન પાટનગર દિલ્હીમાં ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચેની ટેસ્ટ મૅચનું આયોજન કરવામાં આવ્યું છે, પરંતુ એ અરસામાં દિલ્હીમાં હવામાં પ્રદૂષણનું પ્રમાણ સામાન્ય રીતે પરાકાષ્ઠાએ રહેતું હોવા છતાં આ મૅચ એ જ સમયે યોજવામાં આવે એના પર ચર્ચા થઈ રહી છે.

જોકે બીસીસીઆઇના સેક્રેટરી દેવાજિત સૈકિયાએ ક્રિકેટ બોર્ડના આ નિર્ણયની તરફેણ કરતા કહ્યું છે કે 'અમે આ ટેસ્ટ માટે દિલ્હીનું નામ નક્કી કરવામાં તમામ પરિબળોને ધ્યાનમાં લીધા છે તેમ જ ટેસ્ટ યોજવા સંબંધિત રૉટેશન પૉલિસીને પણ લક્ષમાં રાખી છે. અમે સંબંધિત વ્યક્તિઓ સાથે ચર્ચા કરી છે અને પ્રદૂષણની સમસ્યા કંઈ દર વર્ષે નથી હોતી.'

જે સ્થળે ઍર ક્વૉલિટી ઇન્ડેક્સ (એક્યૂઆઇ)નું રીડિંગ ૩૦૦થી ઉપર હોય એ સ્થળ વાતાવરણની દૃષ્ટિએ 'ખૂબ જ નબળું' કહેવાય છે. એક્યૂઆઇનું રીડિંગ ૪૦૦ ઉપર પહોંચી જાય તો એ સ્થળનું હવામાન 'અત્યંત ખરાબ' કહેવાય છે. ગયા વર્ષે ૧૮મી નવેમ્બરે દિલ્હીમાં એક્યૂઆઇ ૯૯૯ હતું.



૨૦૧૭ના ડિસેમ્બરમાં દિલ્હીના મેદાન પર ભારત સામેની ટેસ્ટ દરમ્યાન શ્રીલંકાના ખેલાડીઓ હવાના પ્રદૂષણથી બચવા માસ્ક પહેરીને રમ્યા હતા.

આઇક્યૂઍર નામની સ્વિસ કંપની હવાની ગુણવત્તા માપવાનું કામ કરે છે. અમેરિકાના એક જાણીતા દૈનિકના અહેવાલ મુજબ આ સ્વિસ કંપનીએ એ દિવસે દિલ્હીમાં એક્યૂઆઇ ૧,૬૦૦ હોવાનું જણાવ્યું હતું. એ સ્થિતિમાં દિલ્હી શહેરમાં લૉકડાઉન જેવી સ્થિતિ સર્જાઈ હતી. લોકોને ઇમરજન્સી હોય તો જ ઘરની બહાર નીકળવાની સલાહ અપાઈ હતી. સ્કૂલો બંધ રખાઈ હતી અને માર્ગો પર કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ નહોતી જોવા મળી.

૨૦૧૬માં બે રણજી મૅચ દિલ્હીમાં હવામાંના હદ બહારના પ્રદૂષણને કારણે રદ કરાઈ હતી, કારણકે ત્યારે કેટલાક ખેલાડીઓને માથામાં દુખાવો થયો હતો અને પેટમાં બળતરા પણ થઈ હતી. ડિસેમ્બર, ૨૦૧૭માં દિલ્હીની ટેસ્ટ દરમ્યાન શ્રીલંકાના અમુક ખેલાડીઓ માસ્ક પહેરીને રમ્યા હતા. ૨૦૧૯ના નવેમ્બરમાં બે બાંગ્લાદેશી ખેલાડીઓને વન-ડે દરમ્યાન મેદાન પર ઊલટી થઈ હતી. ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપ વખતે બાંગ્લાદેશ-શ્રીલંકાની મૅચ પહેલાં બાંગ્લાદેશની ટીમે હવાના પ્રદૂષણને કારણે પ્રૅક્ટિસ સત્ર રદ કર્યું હતું.

દરમ્યાન દિલ્હી ક્રિકેટ ઍસોસિયેશનના સેક્રેટરી અશોક શર્માનું કહેવું છે કે 'નવેમ્બરમાં ખેલાડીઓ ટેસ્ટ મૅચ રમવા આવશે ત્યારે અમે તેમની સાવચેતી માટેના તમામ જરૂરી પગલાં લઈશું.'

ઉલ્લેખનીય છે કે ભારતમાં આંતરરાષ્ટ્રીય સિરીઝની શરૂઆત ઑક્ટોબરમાં વેસ્ટ ઇન્ડિઝ સામેની શ્રેણીથી થશે જેમાં પહેલાં અમદાવાદમાં અને પછી કોલકાતામાં ટેસ્ટ મૅચ રમાશે. ■

# પાકિસ્તાની ક્રિકેટરોને દાઝ્યા પર ડામ, હારની હારમાળા વચ્ચે દંડના પ્રહારો

કરાચીઃ વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં યજમાન હોવા છતાં ભારત સામેના દુબઈના પરાજયની સાથે ટૂર્નામેન્ટની બહાર ફેંકાતાં પાકિસ્તાનનું નાક કપાઈ ગયું ત્યાર બાદ હવે ન્યૂ ઝીલૅન્ડ સામે એની હારમાળા શરૂ થઈ છે અને અધૂરામાં પૂરું, મૅચ-રેફરી જેફ ક્રોએ પાકિસ્તાની ટીમના દરેક ખેલાડીને સ્લો ઓવર-રેટના ક્રિકેટલક્ષી ગુના બદલ કુલ ૧૫ ટકા મૅચ ફીનો દંડ ફટકાર્યો છે.

બુધવારે મોહમ્મદ રિઝવાનના સુકાનમાં પાકિસ્તાનની ટીમ ન્યૂ ઝીલૅન્ડ સામે સિરીઝની બીજી વન-ડે હારી ગઈ હતી એ સાથે કિવીઓએ ટી-૨૦ પછી વન-ડે શ્રેણી પણ જીતી લીધી છે. ૨૯મી માર્ચની વન-ડેમાં રિઝવાન પોતાના બોલર્સ પાસે નિર્ધારિત સમયમાં ઓવર પૂરી નહોતો કરાવી શક્યો જેને પગલે ટીમના દરેક ખેલાડીની ૧૦ ટકા મૅચ ફી કાપી લેવાઈ હતી. બુધવારની મૅચમાં પણ એનું પુનરાવર્તન થયું જેને લીધે પ્રત્યેક ખેલાડીની પાંચ ટકા મૅચ ફી કપાઈ ગઈ હતી. ફૉર્મેટ બદલાયું, કૅપ્ટન બદલાયો, સ્થળ બદલાયા અને હવામાન સહિતની સ્થિતિ પણ બદલાઈ એમ છતાં પાકિસ્તાની ક્રિકેટરોના પર્ફોર્મન્સમાં કોઈ જ ફેરફાર ન થયો અને તેઓ પરાજિત જ થતા રહ્યા છે.

ચૅમ્પિયન્સ ટ્રોફીમાં મોહમ્મદ રિઝવાનના સુકાનમાં પાકિસ્તાનની ટીમ બેહાલ થઈ ત્યાર બાદ ન્યૂ ઝીલૅન્ડના પ્રવાસમાં સલમાન આગાની કૅપ્ટન્સીમાં પાકિસ્તાની ટીમ ટી-૨૦ શ્રેણીમાં ૧-૪થી હારી ગઈ હતી. હવે ફરી રિઝવાન કૅપ્ટન છે અને ત્રણ મૅચની વન-ડે સિરીઝમાં પાકિસ્તાનીઓ ૦-૨થી પાછળ છે અને શનિવારની છેલ્લી મૅચ પણ હારશે એટલે તેમનો આ શ્રેણીમાં સફાયો થઈ જશે. એકંદરે પાકિસ્તાન છેલ્લી કુલ ૧૦ મૅચ (પાંચ વન-ડે, પાંચ ટી-૨૦)માંથી આઠ મૅચ હાર્યું છે, એક મૅચ જીત્યું છે અને એક મૅચ અનિર્ણીત રહી છે. ■



પાકિસ્તાન મોહમ્મદ રિઝવાનના સુકાનમાં ઑસ્ટ્રેલિયા તથા સાઉથ આફ્રિકા સામે ટી-૨૦ સિરીઝ અને ટ્રાયેન્ગ્યુલર ટૂર્નામેન્ટ હાર્યું. ચૅમ્પિયન્સ ટ્રોફીની નાલેશી બાદ હવે રિઝવાનના સુકાનમાં પાકિસ્તાને કિવીઓ સામે વન-ડે સિરીઝમાં પરાજય જોયો.

### બૉલ્ટ, સૅન્ટનર જેવા મુખ્ય ખેલાડીઓ આઇપીએલમાં

પાકિસ્તાનીઓને કિવીઓએ એવું દર્દ આપ્યું છે જે તેઓ દાયકાઓ સુધી નહીં ભૂલે. ન્યૂ ઝીલૅન્ડના ઘણા મુખ્ય ખેલાડીઓ જેમ કે ટ્રેન્ટ બૉલ્ટ, મિચલ સૅન્ટનર, રચિન રવીન્દ્ર, ગ્લેન ફિલિપ્સ વગેરે હાલમાં ભારતની આઇપીએલમાં રમી રહ્યા છે ત્યારે કિવીઓની 'બી' ગ્રેડની ટીમ સામે પણ પાકિસ્તાને કુલ સાતમાંથી છ મૅચમાં પરાજય જોયો છે.

### વર્તમાન વન-ડે શ્રેણીમાં શું બન્યું?

બ્રેસવેલની કૅપ્ટન્સીમાં ન્યૂ ઝીલૅન્ડે વન-ડે સિરીઝમાં ૨-૦થી વિજયી સરસાઈ મેળવી લીધી છે. ૨૯મી માર્ચે નૅપિયરમાં કિવીઓએ પાકિસ્તાનને પ્રથમ વન-ડેમાં માર્ક ચૅપમૅનના ૧૩૨ રન તથા નૅથન સ્મિથની ચાર વિકેટની મદદથી ૭૩ રનથી હરાવ્યું હતું. બુધવારે હૅમિલ્ટનની બીજી વન-ડેમાં ન્યૂ ઝીલૅન્ડનો મિચલ હેયના અણનમ ૯૯ રનની મદદથી તેમ જ બેન સીયર્સની પાંચ અને જૅકબ ડફીની ત્રણ વિકેટ સાથે પાકિસ્તાનનો ૮૪ રનથી પરાભવ થયો હતો. હવે શનિવારે અંતિમ વન-ડે રમાશે. આ વન-ડે સિરીઝમાં કિવી બૅટ્સમેન અને બોલર મોખરે છે. માર્ક ચૅપમૅન ૧૩૨ રન સાથે નંબર-વન છે, જ્યારે બેન સીયર્સ અને ડફી પાંચ-પાંચ વિકેટ સાથે અવ્વલ છે.

### ટી-૨૦ સિરીઝમાં એકમાત્ર જીત મેળવી

પાકિસ્તાને ન્યૂ ઝીલૅન્ડની ધરતી પર ટી-૨૦ સિરીઝથી શરૂઆત કરી હતી જેમાં સલમાન આગાના સુકાનમાં પાકિસ્તાનીઓ ફક્ત એક મૅચ જીત્યા હતા. જોકે એ મૅચની પહેલાંની બે અને પછીની બે મૅચ જીતીને ન્યૂ ઝીલૅન્ડે ૪-૧થી શ્રેણી જીતી લીધી હતી. જેમાં ઓપનર ટિમ સીફર્ટ મૅન ઑફ ધ સિરીઝ બન્યો હતો. તેણે આખી શ્રેણીમાં હાઇએસ્ટ ૨૪૯ રન કર્યા હતા. ડફી ૧૩ વિકેટ સાથે મોખરે હતો.

# દિલ્હી હૅટ-ટ્રિક જીતની તલાશમાં, ચેન્નઈ ત્રીજી હારથી બચશે?

## બપોરે 3.30 વાગ્યાથી મુકાબલોઃ ત્રણ સૌથી મોટી ઉંમરના ખેલાડીઓ આજે મેદાન પર

ચેન્નઈઃ અહીં ચેપૉક ખાતે એમ. એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં આજે એક તરફ અક્ષર પટેલના સુકાનમાં દિલ્હી કૅપિટલ્સ (ડીસી)ની ટીમ સતત ત્રીજા વિજય માટે કમર કસશે, જ્યારે બીજી બાજુ ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ની ટીમ કૅપ્ટન્સીના મામલે ગૂંચવણભરી સ્થિતિ વચ્ચે સતત ત્રીજી મૅચ પણ હારી ન જવાય એની ખાસ તકેદારી રાખશે. દિલ્હીએ લખનઊને ૨૪મી માર્ચે એક વિકેટથી અને ૩૦મી માર્ચે હૈદરાબાદને સાત વિકેટે હરાવ્યું હતું. દિલ્હીની ટીમ પૉઇન્ટ્સ ટેબલમાં બીજા નંબરે છે. ચેન્નઈએ ૨૩મી માર્ચે મુંબઈ સામેના ચાર વિકેટવાળા માર્જિનના વિજય બાદ બેંગલૂરુ સામે ૫૦ રનથી અને રાજસ્થાન સામે છ રનથી હાર જોવી પડી હતી. સીએસકેનો સુકાની ઋતુરાજ ગાયકવાડ ઈજાગ્રસ્ત હોવાથી ડીસી સામેની મૅચમાં નહીં રમે તો ધોની ફરી એકવાર સુકાન સંભાળતો જોવા મળશે, પરંતુ ટીમની લાઇન-અપમાં ફેરફાર જરૂર જોવા મળશે.

**આજે બીજી મૅચ કોની વચ્ચે?**
પંજાબ વિરુદ્ધ રાજસ્થાન
મુલ્લાંપુર, સાંજે ૭.૩૦

આજે ત્રણ સૌથી મોટી ઉંમરના ખેલાડીઓ રમતા જોવા મળશેઃ ધોની (૪૩ વર્ષ, ચેન્નઈ), ફાફ ડુ પ્લેસી (૪૦ વર્ષ, દિલ્હી) અને આર. અશ્વિન (૩૮ વર્ષ, ચેન્નઈ). ■

### ટ્રમ્પની ટેરિફ અને ટ્રેડ વૉરની ભીતિ હેઠળ વૈશ્વિક બજારો ગબડ્યાં

# સેન્સેક્સે ૯૩૦ પૉઈન્ટના કડાકા સાથે ૭૬,૦૦૦ની સપાટી અને નિફ્ટીએ ૩૪૫નાં ઘટાડે ૨૩,૦૦૦ની સપાટી ગુમાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જાહેર કરેલી રેસિપ્રોકલ ટેરિફને પગલે ટ્રેડ વૉર સર્જાવાની ભીતિ હેઠળ આજે વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં વેચવાલીનું દબાણ વધતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં પણ ઓલ રાઉન્ડ વેચવાલીનું દબાણ રહેતાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સે ૯૩૦.૬૭ પૉઈન્ટના ઘટાડા સાથે ૭૬,૦૦૦ની સપાટી ગુમાવી હતી, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીએ ૩૪૫.૬૫ પૉઈન્ટના ઘટાડા સાથે ૨૩,૦૦૦ની સપાટી ગુમાવી હતી.

આજે ખાસ કરીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, લાર્સન ઍન્ડ ટૂબ્રો અને ઈન્ફોસિસ જેવાં હેવી વેઈટ શૅરોમાં વ્યાપક વેચવાલી ઉપરાંત વિદેશી સંસ્થાકીય રોકાણકારો અને સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અનુક્રમે રૂ. ૩૪૮૩.૯૮ કરોડની અને રૂ. ૧૭૨૦.૩૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહેતાં બૅન્ચમાર્ક વધુ દબાણ હેઠળ આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વધુમાં આજે ચીનના નાણાં મંત્રાલયે અમેરિકી ટેરિફના વળતાં પગલાંના ભાગરૂપે અમેરિકાથી આયાત થતી ચીજો પર આગામી ૧૦મી એપ્રિલથી ૩૪ ટકા ટેરિફ લાદવાની તેમ જ અમુક ચીજો પર નિકાસ નિયંત્રણો મૂકવાની જાહેરાત કરતાં ટ્રેડ વૉરની ચિંતા સપાટી પર આવી હતી.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૬,૨૯૫.૩૬ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૭૬,૧૬૦.૦૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૫,૨૪૦.૫૫ અને ઉપરમાં ૭૬,૨૫૮.૧૨ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૧.૨૨ ટકા અથવા તો ૯૩૦.૬૭ પૉઈન્ટ ઘટીને ૭૫,૩૬૪.૬૯ના મથાળે બંધ રહ્યો હતો. આજે બીએસઈ ખાતે કુલ ૪૦૭૬ શૅરોમાં કામકાજ થયા હતા, જેમાં ૧૦૨૯ શૅરના ભાવ વધીને, ૨૦૨૩ શૅરના ભાવ ઘટીને અને ૧૨૪ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. જેમાં ૬૬ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૮૯ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે રહ્યા હતા અને સાત શૅરમાં નીચલી સર્કિટ લાગી હતી. વધુમાં આજે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૩,૨૫૦.૧૦ના બંધ સામે ૨૩,૧૯૦.૪૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૨૨,૮૫૭.૪૫થી ૨૩,૨૧૪.૭૦ની રેન્જમાં રહીને અંતે ૧.૪૯ ટકા અથવા તો ૩૪૫.૬૫ પૉઈન્ટ ઘટીને ૨૨,૯૦૪.૪૫ની સપાટીએ બંધ રહ્યો હતો. આજના કડાકામાં બીએસઈ ખાતે લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૯,૯૮,૩૭૯.૪૬ કરોડ ઘટીને રૂ. ૪,,૦૩,૩૪,૮૮૬.૪૬ કરોડની સપાટીએ રહ્યું હતું.

વધુમાં આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી માત્ર સાત શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતાં જેમાં સૌથી વધુ ૧.૪૩ ટકાનો સુધારો બજાજ ફાઈનાન્સમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે એચડીએફસી બૅન્કમાં ૧.૩૦ ટકાનો, નેસ્લેમાં ૦.૬૪ ટકાનો, આઈસીઆઈસીઆઈ બૅન્કમાં ૦.૪૫ ટકાનો, એશિયન પેઈન્ટ્સમાં ૦.૨૭ ટકાનો, આઈટીસીમાં ૦.૦૬ ટકાનો અને કોટક મહિન્દ્ર બૅન્કમાં ૦.૦૫ ટકાનો સુધારો નોંધાયો હતો. આ સિવાયના શેષ ૨૩ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા, જેમાં મુખ્યત્વે ટાટા સ્ટીલમાં સૌથી વધુ ૮.૫૯ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ટાટા મોટર્સમાં ૬.૧૫ ટકાનો, લાર્સન ઍન્ડ ટૂબ્રોમાં ૪.૬૭ ટકાનો, અદાણી પોર્ટસમાં ૪.૩૮ ટકાનો, ઈન્ડ્સઈન્ડ બૅન્કમાં ૩.૮૩ ટકાનો અને રિલાયન્સમાં ૩.૫૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

તાજેતરમાં અમેરિકાએ લાદેલી ઊંચી ટેરિફની વૈશ્વિક બજારો પર અસર થવાની શક્યતાને ધ્યાનમાં લેતા વેચવાલીનું દબાણ જોવા મળ્યું હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ્સના રિસર્ચ વિભાગના હેડ વિનોદ નાયરે જણાવતાં ઉમેર્યું હતું કે અમેરિકાની રેસિપ્રોકલ ટેરિફ સામે ઘણાં દેશો વળતા પગલાં લે તેવી શક્યતા ઉપરાંત અમેરિકી બૉન્ડની યિલ્ડમાં તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ઘટાડો થવાથી તથા વૈશ્વિક અર્થતંત્રો મંદીની ગર્તામાં સરી જવાની ભીતિને કારણે બજારમાં પીછેહઠ જોવા મળી છે.

આજે બીએસઈ ખાતેના મિકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં પણ અનુક્રમે ૩.૦૮ ટકાનો અને ૩.૪૩ ટકાનો કડાકો બોલાઈ ગયો હતો. તેમ જ તમામ સેક્ટોરિયલ ઈન્ડેક્સ નકારાત્મક ઝોનમાં બંધ રહ્યા હતા. જેમાં મુખ્યત્વે મેટલ ઈન્ડેક્સમાં ૬.૩૪ ટકાનો, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૩.૯૯ ટકાનો, ઑઈલ ઍન્ડ ગૅસ ઈન્ડેક્સ, કૉમોડિટી અને ઈન્ડસ્ટ્રીયલ ઈન્ડેક્સમાં ૩.૮૯ ટકાનો, એનર્જી ઈન્ડેક્સમાં ૩.૬૫ ટકાનો, રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૩.૬૧ ટકાનો અને આઈટી ઈન્ડેક્સમાં ૩.૫૫ ટકાનો ઘટાડો આવ્યો હતો.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે એશિયામાં ટોકિયો અને સિઉલની બજાર નરમાઈના ટોને બંધ રહી હતી, જ્યારે હૉંગકૉંગ અને શાંઘાઈની બજારો બંધ રહી હહતી. તેમ જ મધ્યસત્ર દરમિયાન યુરોપના બજારોમાં પણ નરમાઈનું વલણ જોવા મળ્યું હતું. વધુમાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ખાસ કરીને ટેરિફ ઉપરાંત ઑપેકે ઉત્પાદન ઝડપી ગતિથી વધારવાનો નિર્ણય લેતા ભાવ ૩.૨૬ ટકાના કડાડા સાથે બેરલદીઠ ૬૭.૮૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા. ■

## ડૉલર સામે રૂપિયો ૮૫ની સપાટીની અંદર ઉતર્યા બાદ પટકાઈને છ પૈસા નરમ

મુંબઈ: આંતરરાષ્ટ્રીય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં જોવા મળેલા ઘટાડાને કારણે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો એક તબક્કે ગઈકાલના બંધ સામે ૩૪ પૈસા મજબૂત થઈને ૮૫ની સપાટીની અંદર ઊતરી ગયો હતો. જોકે, ત્યાર બાદ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી અને ગત માર્ચ મહિનાનો જાહેર થયેલો સર્વિસીસ પીએમઆઈ ઈન્ડેક્સ આગલા ફેબ્રુઆરી મહિનાના ૫૯ પૉઈન્ટ સામે ઘટીને ૫૮.૫ની સપાટીએ રહ્યો હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા રૂપિયામાં જોવા મળેલો સુધારો ધોવાઈ ગયો હતો અને અંતે ગઈકાલના બંધ સામે છ પૈસાના ઘટાડા સાથે ૮૫.૩૬ની સપાટીએ બંધ રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૩૦ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૫.૦૭ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૩૬ અને ઉપરમાં ૮૪.૯૬ની રેન્જમાં અથડાઈને અંતે છ પૈસાના ઘટાડા સાથે સત્રની નીચી ૮૫.૩૬ની સપાટીએ જ બંધ રહ્યો હતો.

તાજેતરમાં વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉરની ચિંતા સપાટી પર આવી હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી જળવાઈ રહી હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ રહેતાં ૮૪.૯૫થી ૮૫.૫૫ની રેન્જમાં અથડાતો રહે તેવી શક્યતા મિરે એસેટ્સ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી.

દરમિયાન આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૯૩૦.૬૭ પૉઈન્ટનો અને ૩૪૫.૬૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૮૦૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. જોકે, વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૪૨ ટકા ઘટીને ૧૦૧.૬૪ આસપાસ તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ખાસ કરીને ટ્રમ્પના ટેરિફના નિર્ણય અને ઓપેક દ્વારા ઉત્પાદનમાં ઝડપી ગતિથી વધારો કરવામાં નિર્ણય લેવામાં આવતા ભાવ ૦.૮૪ ટકા ઘટીને બેરલદીઠ ૬૯.૫૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ચીને અમેરિકી ઉત્પાદનો પર ૩૪ ટકા ટેરિફ લાદતા ટ્રેડ વૉરના મંડાણે સોનામાં તેજીનો કરંટ

### વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૬૬૯નો ઉછાળો ચાંદી વધુ ₹ ૩૦૪૭ તૂટીને ₹ ૯૩,૦૦૦ની અંદર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિની અમેરિકા સહિત વૈશ્વિક અર્થતંત્રો પર કેવી અસર પડશે અને ફેડરલ રિઝર્વ કેવી નાણાં નીતિ અપનાવે તેની રોકાણકારોમાં અવઢવ વચ્ચે આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના ભાવમાં ધીમો ઘટાડો આગળ ધપ્યો હતો. જોકે, ત્યાર બાદ ચીને રેસિપ્રોકલ ટેરિફ સામે વળતા પગલાંના ભાગરૂપે અમેરિકી ઉત્પાદનો પર આગામી ૧૦મી એપ્રિલથી ૩૪ ટકા ડ્યૂટી લાદવાની જાહેર કરતાં ટ્રેડ વૉરનાં મંડાણ શરૂ થયાના નિર્દેશો સાથે સોનામાં રોકાણકારોની સલામતી માટેની વ્યાપક લેવાલી નીકળતાં ભાવમાં ઘટ્યા મથાળેથી ઉછાળો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં ભાવ વધુ ૧.૫૦ ટકા ઘટીને ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા. આમ વૈશ્વિક બજારને અનુસરતા આજે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૬૭થી ૬૬૯ની તેજીનો પવન ફૂંકાઈ ગયો હતો, જેમાં શુદ્ધ સોનાએ પુનઃ રૂ. ૯૧,૦૦૦ની સપાટી અંકે કરી હતી. તેમ જ ચાંદીના ભાવ વધુ કિલોદીઠ રૂ. ૩૦૪૭ના ગાબડાં સાથે રૂ. ૯૩,૦૦૦ની અંદર ઊતરી ગયા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની આક્રમક સટ્ટાકીય વેચવાલી અને જ્વેલરી ઉત્પાદકો તથા ઔદ્યોગિક વપરાશકારોની માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૩૦૪૭ તૂટીને રૂ. ૯૨,૯૧૦ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૬૭ વધીને રૂ. ૯૦,૬૫૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૬૯ વધીને રૂ. ૯૧,૦૧૪ના મથાળે રહ્યા હતા. જોકે, સ્ટોકિસ્ટો અને રોકાણકારોનો નવી લેવાલીનો અભાવ અને જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ ખપપૂરતી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ટ્રમ્પની ટેરિફની જાહેરાત પશ્ચાત તેની અસરોની અવઢવ વચ્ચે આજે લંડન ખાતે સત્રના આરંભે બન્ને કિંમતી ધાતુઓમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હતું, પરંતુ ચીનના નાણાં મંત્રાલયે અમેરિકાથી થતી આયાત સામે આગામી ૧૦મી એપ્રિલથી ૩૪ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરતાં ટ્રેડ વૉરનો આરંભ થયો હોવાનું જણાતા રહેતાં હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે વધુ ૦.૫ ટકા વધીને ઔંસદીઠ ૩૧૨૮.૭૬ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ૦.૯ ટકા વધીને ૩૧૫૧.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હોવાથી ભાવ વધુ ૧.૫૦ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૩૧.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ટ્રમ્પની ટેરિફની જાહેરાત પશ્ચાત્ ટ્રેડ વૉર શરૂ થવાની શક્યતા સાથે વૈશ્વિક સ્તરે ભાવના જોખમો તોળાઈ રહ્યા હોવાનું ટેસ્ટીલાઈવનાં ગ્લોબલ મેક્રો વિભાગના હેડ ઈલ્યા સ્પિવિકે જણાવતાં ઉમેર્યું હતું કે ટ્રમ્પે અપનાવેલા ટેરિફનાં માર્ગમાં સ્પષ્ટતાનો અભાવ હોવાથી સત્રના આરંભે રોકાણકારો અવઢવમાં મુકાઈ ગયા હતા, પરંતુ ત્યાર બાદ ચીનનાં ટેરિફના અહેવાલોને ધ્યાનમાં લેતાં પુનઃ સલામતી માટેની માગને ટેકે ભાવમાં કરંટ જોવા મળ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું. વિશ્લેષકોના મતાનુસાર ફેડરલ રિઝર્વના અધિકારીઓ પણ ટ્રમ્પની વેપાર યોજનાઓ અંગેની વિગતોની રાહ જોઈ રહ્યા છે કેમ કે ટેરિફને કારણે ભવિષ્યમાં અમેરિકાના અર્થતંત્રમાં નાટ્યાત્મક પરિવર્તનો આવી શકે છે. જોકે, હાલમાં રોકાણકારોની નજર આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના નોન ફાર્મ પે રૉલ ડેટા પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

## વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ખાદ્યતેલમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકાની રેસિપ્રોકલ ટેરિફની જાહેરાત પશ્ચાત્ આજે ચીને વળતા પગલાંના ભાગરૂપે અમેરિકાથી થતી આયાત સામે ૩૪ ટકા ટેરિફ લાદવાની સાથે અમુક નિકાસ નિયંત્રણો પણ મૂક્યાના અહેવાલ સાથે ટ્રેડ વૉરના મંડાણ થતાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૬૦ રિંગિટનો ઘટાડો આવ્યો હતો, જ્યારે ગઈકાલે શિકાગો ખાતેના સોયાતેલના વાયદામાં પણ ૧૪૪ સેન્ટ ઘટી આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા.

આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ દેશી-આયાતી તેલમાં પીછેહઠ જળવાઈ રહી હતી, જેમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડમાં રૂ. ૩૦, કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૨૫, સરસવમાં રૂ. ૨૦ અને આરબીડી પામોલિન તથા સિંગતેલમાં રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. જોકે, ઘટતી બજારના માહોલમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપાર નિરસ રહ્યા હતા અને માત્ર છૂટાછવાયા રવાનગીના કામકાજ થયા હતા.

આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૦, અદાણીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૩૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૦, રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૦ અને સન રિફાઈન્ડમાં રૂ. ૧૪૨૦ તથા એએનએના આરબીડી પામોલિનના રૂ. ૧૩૪૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે સ્થાનિકમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૧૫, સિંગતેલના રૂ. ૧૩૮૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૫ અને સરસવના રૂ. ૧૩૩૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે તેલિયા ટીનમાં વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૭૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫૦માં ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે ગુજરાતમાં રાજકોટ ખાતે મગફળીની ૨૮,૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૦૮૦માં અને ગોંડલ મથકે ૧૩,૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૦૦માં થયાના અહેવાલ હતા, જ્યારે આજે રાજસ્થાનના મથકો પર સરસવના વેપાર ક્વિન્ટલે રૂ. ૬૩૦૦થી ૬૩૨૫માં થયા હતા.

તેમ જ આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૮૦,૦૦૦ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૩૦૦થી ૪૪૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૫૫૦થી ૪૬૫૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

## અમેરિકી ટેરિફ: નિકાસકારોએ ખરીદદારો સાથે વાતચીત શરૂ કરી

નવી દિલ્હી: આગામી નવમી એપ્રિલથી અમેરિકાએ ભારતથી થતી આયાત થતાં માલ પર ૨૬ ટકાની અતિરિક્ત આયાત જકાતની જાહેરાત કરતાં સ્થાનિક નિકાસકારોએ અમેરિકન ખરીદદારો સાથે ડ્યૂટીમાં થયેલા વધારાની અસર ખાળવા માટેનાં રસ્તાઓ અંગે વાતચીત કરવાનું શરૂ કર્યું છે.

ડ્યૂટી વધારાને કારણે ભારતની નિકાસ તેમ જ રોજગાર સર્જન પર માઠી અસર પડે તેમ હોવાથી ભારતીય પુરવઠાકાર અને ખરીદદારો સાથે વાતચીત થઈ રહી છે. ફેડરેશન ઑફ ઈન્ડિયન એક્સપોર્ટર્સ એસોસિયેશનના પ્રમુખ એસ સી રલ્હને જણાવ્યું હતું કે આપણે આ અભૂતપૂર્વ પરિસ્થિતિનો કઈ રીતે સામનો કરવો તે અંગે તેઓ સાથે વાત કરવી પડશે.

વધુમાં લુધિયાણા સ્થિત હેન્ડ ટૂલ (એન્જિનિયરિંગ ક્ષેત્રની એક આઈટમ)ના નિકાસકારે જણાવ્યું હતું કે સ્થાનિક બજારમાં સ્ટીલનાં ઊંચા ભાવ હોવાથી આ ક્ષેત્ર ઊંચી આયાતજકાત પચાવી નહીં શકે. આ મુદ્દે સરકાર સેફગાર્ડ ડ્યૂટી લાદવાની વિચારણા કરી રહી છે. જેના પર તેણે પુનર્વિચાર કરવો જોઈએ. અમેરિકાની ડ્યૂટીની માગ પર માઠી અસર થશે, એમ જણાવતા રલ્હને ઉમેર્યું હતું કે સ્થાનિકમાં છેલ્લાં પાંચ જ દિવસમાં અમુક સ્ટીલના ભાવ ટનદીઠ ૫૦,૦૦૦ ડૉલર હતા તે વધીને ૫૫,૦૦૦ ડૉલર સુધી પહોંચ્યા છે.

લેધર ક્ષેત્રનાં એક નિકાસકારે જણાવ્યું હતું કે આ મુદ્દે અમે અમેરિકન ખરીદદારો સાથે વાતચીત કરી હોવાનું જણાવતાં ઉમેર્યું હતું કે અમેરિકન ખરીદદારો આ ડ્યૂટી વધારાનો ભાર તમે ભોગવો એમ જણાવી રહ્યા છે તેમ જ થોડો સમય ઉત્પાદન સ્થગિત રાખવાનું જણાવે છે. હાલમાં અમેરિકા ખાતે ૧૦ ટકા ડ્યૂટી અમલી છે. ભારત ફૂટવેઅરની નિકાસમાં અગ્રણી સ્થાન ધરાવે છે, એમ ફરિદા જૂથના ચેરમેન રફીક અહમદે જણાવતા ઉમેર્યું હતું કે માગમાં થતાં ઘટાડાને કારણે લાંબાગાળે આ ક્ષેત્ર માટે અમેરિકી બજારનું કદ સંકડાઈ જશે. વધુમાં ફિઓનાં વૂલન ક્ષેત્રનાં ઉપપ્રમુખ રવી કપૂરે જણાવ્યું હતું કે હવે ભારતે અમેરિકાથી આયાત થતી ચીજો પરની ડ્યૂટીમાં ઘટાડો કરવાની દિશામાં વિચારણા કરવી જોઈએ. જો અમેરિકાથી થતી આયાત પરની જકાતમાં ઘટાડો કરવામાં આવશે તો ભારતના સારા વેપારી ભાગીદાર દેશ તરીકે અમેરિકા લાંબા સમયગાળા સુધી જળવાયેલું રહેશે. નોંધનીય બાબત એ છે કે ભારતીય હોમ ફર્નિશિંગ અને કાર્પેટ માટે અમેરિકા સૌથી મોટું બજાર છે અને હાલમાં તેના પર છ ટકા ડ્યૂટી છે. અમે ખરીદદારો સાથે વધુ સ્પષ્ટતા માટે વાતચીતો કરી રહ્યા છીએ, એમ કપૂરે ઉમેર્યું હતું. ■

## ખાંડમાં ખપપૂરતી માગે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૮૦૦થી ૩૮૪૦માં થયા હોવાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં હાજરમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ છૂટીછવાઈ ખપપૂરતી રહી હોવાથી ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૬૨થી ૪૦૧૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૨૬થી ૪૧૨૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની એકંદરે માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૦થી ૩૯૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૨૦થી ૩૯૮૦માં ટકેલા ધોરણે થયા હોવાનું બજારનાં સાધનોએ ઉમેર્યું હતું. ■

## ટેરિફની ટેક્સ્ટાઈલ પર ટૂંકા સમયગાળા માટે અસર જોવા મળશે: નિષ્ણાતો

નવી દિલ્હી: અમેરિકા દ્વારા લાદવામાં આવવેલા રેસિપ્રોકલ ટેરિફની ભારતીય ટેક્સ્ટાઈલ ક્ષેત્ર પર આગામી ટૂંકા સમયગાળા સુધી અસર જોવા મળશે. તેમ છતાં અન્ય સ્પર્ધક દેશો પર લાદવામાં આવેલી ટેરિફને ધ્યાનમાં લેતાં હજુ ભારત અમુક અંશે લાભમાં હોવાનું નિષ્ણાતોનું મંતવ્ય છે.

નોંધનીય બાબત એ છે કે અમેકિએ ભારત પર ૨૭ ટકા રેસિપ્રોકલ ટેરિફ લાદવાની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે ભારત અમેરિકી ઉત્પાદન પર ઊંચી જકાત લાદે છે. આથી અમેરિકી વહીવટીતંત્રનો ઉદ્દેશ વેપાર ખાધ ઘટાડવાનો અને સ્થાનિકમાં ઉત્પાદનને વેગ આપવાનો છે.

અમેરિકામાં ભારતીય ફૂટવેર અને ગાર્મેન્ટ્સની નિકાસ પર ૨૭ ટકા ટેરિફ ખાસ કરીને પાતળા માર્જિન પર કાર્યરત વ્યવસાયો માટે એક મહત્વપૂર્ણ પડકાર છે. જેની આગામી ટૂંકા ગાળામાં માગ અને ભાવ પર અસર થશે, એમ એપોલો ફેશન ઇન્ટરનેશનલના પ્રમુખ શિરાઝ અસ્કરીએ જણાવ્યું હતું. જોકે, તેમણે એમ પણ કહ્યું કે વિયેતનામ અને બાંગ્લાદેશ જેવા સ્પર્ધાત્મક દેશો હવે વધુ ઊંચા ટેરિફનો સામનો કરી રહ્યા હોવાથી થોડો લાભ ભારતને મળી રહ્યો છે.

તે જ પ્રમાણે પ્રતિસાદ આપતા અર્નેસ્ટ ઍન્ડ યંગનાં પાર્ટનર અને રિટેઈલ ટેક્સ લીડર પરેશ પારેખે જણાવ્યું હતું કે હાલના તબક્કે તો ભારતીય ટેક્સ્ટાઈલ ક્ષેત્રને લાભ મળી રહ્યો હોવાનું જણાય છે.

નોંધનીય બાબત એ છે કે ટેક્સ્ટાઈલ ક્ષેત્રે નિકાસમાં ભારત બાંગ્લાદેશ, વિયેતનામ, કંબોડિયા, શ્રીલંકા, ચીન, પાકિસ્તાન વગેરે દેશો સાથે સ્પર્ધા કરે છે.

અત્રે રસપ્રદ બાબત એ છે કે ભારતીય આયાત સામે લાદવામાં આવેલી ૨૭ ટકા ટેરિફની તુલનામાં બાંગ્લાદેશ પર ૩૭ ટકા, વિયેતનામ પર ૪૬ ટકા, કંબોડિયા પર ૪૯ ટકા, પાકિસ્તાન પર ૨૯ ટકા, ચીન પર ૫૪ ટકા અને શ્રીલંકા પર ૪૪ ટકા ટેરિફ લાદવામાં આવી છે. તેમ જ છતાં અમેરિકા સાથેના વેપાર કરારમાં જો ઝીરો ફોર ઝીરો ડીલ કરવામાં આવે તો ભારતને વધુ વ્યૂહાત્મક લાભ મળી શકે છે, એમ અસ્કરીએ ઉમેર્યું હતું. ■

## વિશ્વ બજાર પાછળ વિવિધ ધાતુમાં કડાકા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકાએ જાહેર કરેલા રેસિપ્રોકલ ટેરિફમાં કોપરને તાત્પૂરતુ બાકાત રાખ્યું હોવા છતા તેના પર ટેરિફ લાદવાની વિચારણા હેઠળ હોવાના નિર્દેશો મળતા આજે લંડન ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ટીન, નિકલ અને કોપરની આગેવાની હેઠળ તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી અને ઘટતી બજારે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ મર્યાદિત રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી રૂ. ૪૦ સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે વધુ ૧.૧ ટકા ઘટીને ટનદીઠ ૯૨૫૬.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ અન્ય ધાતુઓમાં પણ નરમાઈતરફી વલણ જોવા મળ્યું હતું.

આમ વિશ્વ બજાર પાછળ સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ છૂટીછવાઈ રહેતાં ભાવમાં ઑલ ફોલ ડાઉનનું વલણ જોવા મળ્યું હતું. જેમાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૪૦ ઘટીને રૂ. ૮૪૧, ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૩૪ ઘટીને રૂ. ૩૨૨૮, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૨૯ ઘટીને રૂ. ૧૩૭૬, કોપર સ્કેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૨૦ ઘટીને રૂ. ૮૧૮, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧૯ ઘટીને રૂ. ૮૦૮, કોપર કેબલ સ્કેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૭ ઘટીને રૂ. ૮૩૧, કોપર યુટેન્સિલ્સ સ્કેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ ઘટીને રૂ. ૭૫૦, બ્રાસ યુટેન્સિલ્સ સ્કેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૫૪૦, બ્રાસ શીટ કટિંગ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૫૮૮ અને રૂ. ૨૫૮, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્કેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૧૯૮ અને રૂ. ૨૪૧ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૧૮૧ના મથાળે રહ્યા હતા. ■

## મઝગાંવ ડૉક શિપબિલ્ડર્સના શેરમાં સાત ટકાનો કડાકો

નવી દિલ્હી: મુંબઈ સ્થિત જાહેર ક્ષેત્રની મઝગાંવ ડૉક શિપબિલ્ડર્સમાં સરકાર તેનાં ૪.૮૩ ટકા હિસ્સાનું ઓફર ફોર સેલ મારફતે વેચાણ કરશે, એવી જાહેરાતને ધ્યાનમાં લેતા આજે કંપનીના શૅરના ભાવમાં એક તબક્કે સાત ટકાનો કડાકો બોલાઈ ગયો હતો.

સરકારની ઓફર ફોર સેલની જાહેરાત પછી આજે બીએસઈ ખાતે એક તબક્કે શૅરના ભાવ ૬.૭૮ ટકા તૂટીને શૅરદીઠ રૂ. ૨૫૫૦ અને એનએસઈ ખાતે ભાવ ૬.૯ ટકા ઘટીને રૂ. ૨૫૪૮.૭૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સત્રના અંતે બીએસઈ અને એનએસઈ ખાતે ભાવ ઘટીને અનુક્રમે ૭.૧ ટકા ઘટીને શૅરદીઠ રૂ. ૨૫૪૧.૨૦ અને ૭.૧૪ ટકા ઘટીને રૂ. ૨૫૪૨.૨૦ના મથાળે બંધ રહ્યા હતા.

ડીઆઈપીએએમએના સચિવ અરૂણીશ ચાવલાએ એક્સ પ્લેટફોર્મ પર ગઈકાલે જણાવ્યું હતું કે આવતીકાલે મઝગાંવ ડૉક શિપબિલ્ડર્સ લિ.નું ઓફર ફોર સેલ અંતર્ગત નોન રિટેલ રોકાણકારો માટે ખુલશે, જ્યારે રિટેલ રોકાણકારો સોમવારે બિડ કરી શકશે. સરકાર તેનો ૨.૮૩ ટકા ઈક્વિટી હિસ્સો ડાઈવેસ્ટ કરશે અને અતિરિક્ત બે ટકા હિસ્સો ગ્રીન શૂ ઓપ્શન હેઠળ ડાઈવેસ્ટ કરશે.

આમ સંસ્થાકીય રોકાણકારો માટે ઓએફએસ શુક્રવારે ખુલશે અને રિટેલ ખરીદદારો સાતમી એપ્રિલે બિડ મૂકી શકશે. નોંધનીય બાબત એ છે કે ૪.૮૩ ટકા હિસ્સાના વેચાણ માટે શૅરની ફ્લોર પ્રાઈસ શૅરદીઠ રૂ. ૨૫૨૫ નિર્ધારિત કરવામાં આવી હોવાથી સરકાર અંદાજે રૂ. ૫૦૦૦ કરોડ એકત્રિત કરશે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# પીયુસી કે વીમો નહીં હોય તો ગુજરાતમાં ટોલ પ્લાઝા પરથી જ ઈ-મેમો જનરેટ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ સહિત રાજ્યના ટોલ પ્લાઝા પરથી રોજ મોટી સંખ્યામાં વાહનો પસાર થાય છે. જોકે હવે જે વાહનોમાં વીમો, પીયુસી, ફિટનેસ સર્ટિ નહીં હોય તો ટોલ પ્લાઝા પર ઈ મેમો જનરેટ થશે. વાહનવ્યવહાર વિભાગ દ્વારા ઈ-ડિટેકશન નામનું પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. થોડા દિવસોમાં તેમાં ખાનગી વાહનોને પણ આવરી લેવામાં આવશે.

વાહન અકસ્માતની ઘટનામાં વીમો અને પરમિટ મહત્ત્વના હોય છે. ઈ-મેમોમાં વર્ષોથી બાકી રહેલા કોમર્શિયલ વાહનોના ટેક્સની રકમ દર્શાવેલી નહીં હોય પરંતુ ટેક્સ પેન્ડિંગ છે તેવું લખેલું હશે. બાકી રહેલા ટેક્સની ગણતરી માટે દરેક આરટીઓ કચેરી ખાતે એક ઈન્સ્પેક્ટરની નિમણૂક કરવામાં આવી છે, જે ફક્ત ઈ-મેમોમાં દર્શાવેલી પેન્ડિંગ ટેક્સની ગણતરી કરી વાહન માલિકને મેસેજ મોકલશે.

અમદાવાદ આરટીઓ સૂત્રોના જણાવ્યા પ્રમાણે, નવી સિસ્ટમના કારણે ફિટનેસ, વીમો, પીયુસી અને પરમિટ પૂર્ણ થયેલા વાહનોની સરળતાથી ઓળખ કરી શકાશે. તેમ જ રોડ પર દોડતા અનફિટ વાહનોને પણ દૂર કરાશે.

ટોલ પ્લાઝા પરથી વાહન પસાર થયા બાદ વાહનની વિગત એખ ફાઈલમાં સ્ટોર થશે. આ માહિતી એક સોફ્ટવેરમાં અપલોડ થશે. જે બાદ સરકારના પોર્ટલ ઈ-ચલણ સાથે સંકળાઈને વાહન માલિકના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર ઈ-મેમો જનરેટ થઈને આવશે. ■

# જામનગરમાં કુખ્યાત સાયચા બંધુઓનાં ૧૧ બંગલા પર બુલડોઝર ફરી વળ્યું

## ૨.૩૬ કરોડની જમીન ખુલ્લી કરવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : જામનગરના બેડી વિસ્તારમાં અસામાજિક તત્ત્વોની શાન ઠેકાણે લાવવા તંત્ર દ્વારા મોટા પાયે ફરીથી ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અનેક ગુનાઓમાં સંડોવાયેલા સાયચા બંધુઓના ગેરકાયદેસર રીતે ખડકાયેલા બંગલા જેવા ૧૧ મકાન પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું હતું. બેડીમાં ફરી એકવાર સાયચા બંધુઓના મકાનો સહિતના દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

જામનગર જિલ્લાના વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા તાબડતોબ ડિમોલિશન કરીને આ વિસ્તારના માથાભારે તત્ત્વોના દબાણને ઉખેડી ફેંકવામાં આવ્યા હતા. આ ડિમોલિશનની કાર્યવાહી દરમિયાન જામનગરના જિલ્લા કલેક્ટર ખુદ ઉપસ્થિત રહ્યા હતા, ઉપરાંત જિલ્લા પોલીસ અધિક્ષક સહિત પોલીસ અધિકારીઓનો કાફલો પણ હાજર રહ્યો હતો.

બેડીમાં સાયચા બંધુઓ દ્વારા ગેરકાયદેસર રીતે ઊભા કરવામાં આવેલા રહેણાકના બાંધકામોને તોડી પાડીને કુલ ૧૬૮૮૮ ચોરસ મીટર જેટલું ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યું હતું. આશરે ૨,૩૬,૧૫,૨૦૦ રૂપિયાની જમીન ખુલ્લી કરવામાં આવી હતી. ■

# આગ ઓકતા હિટવેવથી કચ્છ બેહાલ

## ગરમ તવો બનેલાં ભુજમાં ૪૩ ડિગ્રી તાપમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: વહેલી શરૂ થઇ ચુકેલી પ્રિ-મોન્સૂન એક્ટિવિટી વચ્ચે હવામાન વિભાગે ગુજરાતના કેટલાક વિસ્તારો માટે યલો એલર્ટ આપી છે તે વચ્ચે રણપ્રદેશ કચ્છમાં પણ ગરમીનો પારો સતત વધી રહ્યો છે. સવારના નવ વાગ્યા બાદ તો જાણે ગરમી જનજીવનને બાનમાં લેવાનું શરૂ કરી દે છે. જિલ્લાના મુખ્ય મથક ભુજમાં મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી જતાં શહેર જાણે ગરમ તવામાં ફેરવાયું હતું, જ્યારે કંડલા એરપોર્ટ મથકે મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીએ પહોંચતાં ગાંધીધામ, આદિપુર, અંજાર, મેઘપર બોરીચી સહિતના વિસ્તારો જાણે સગડીમાં ફેરવાયા હતા.

સવારથી જ સૂર્ય નારાયણનો આકરો મિજાજ જોવા મળી રહ્યો છે અને મધ્યાહ્નને આભમાંથી અગન ગોળા વરસતા હોય તેવી અસહ્ય ગરમીથી જાણે કુદરતી સંચારબંધી હોય તેમ માર્ગો સૂમસામ બની જાય છે. ૪૩ ડિગ્રીએ તપેલા ભુજમાં દિવસભર પ્રતિ કલાક ૮ કિલોમીટરની ગતિએ ફૂંકાતા ઉના પવનોએ ગરમીનો ડંખ વધારતાં શહેરીજનો અકળાયા હતા. કાળઝાળ ગરમીના કારણે મધ્યાહ્ને બજારો અને જાહેર માર્ગો પર નહિવત્ ચહલ પહલ જોવા મળી હતી.

કચ્છના અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં પણ તાપમાન ૩૯ ડિગ્રી અને રાપરમાં ઉષ્ણતામાનનો પારો ૪૧ ડિગ્રીએ પહોંચતાં વાગડ વિસ્તાર લૂથી લાલચોળ બન્યો હતો. સરહદી ખાવડામાં પારો ૪૨ ડિગ્રીએ પહોંચતા રણકાંધી પણ ધગધગી ઊઠી હતી.

# સોનાના ભાવોમાં તેજીનો લાભ ઈમિટેશન જવેલરી બજારને

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: વૈશ્વિક બજારોની સાથે ભારતમાં પણ સોનાના ભાવોમાં તોતિંગ વધારો થઇ રહ્યો છે અને સોનુ હવે મધ્યમ વર્ગીય પરિવારો માટે ખરીદવું લગભગ અશક્ય બન્યું છે ત્યારે એક ગ્રામ કે બે ગ્રામ સોનાના આભૂષણોની માંગમાં સ્વાભાવિક રીતે મોટો ઉછાળો આવ્યો છે અને સોનાની સાથે સાથે આવા સોનાની છાંટ ધરાવતા નકલી આભૂષણોની કિંમતમાં મોટો ઉછાળો આવ્યો હોવાનું, આભૂષણોના વેપારીએ હરેશભાઇ ઠક્કરે જણાવ્યું હતું.

એક ગ્રામ અને બે ગ્રામ સોનાના 'મેળવણ' વાળા દાગીનાની રેન્જ આંખો આંજી નાખે તેવી છે. વીંટીથી શરૂ કરીને કાનના એરિંગ, બંગડી, પાટલા, કલાત્મક રીતે બનાવેલા સ્ક્રૂવાળા પાટલા, ચેન, મગમાળા, હાર, મંગળસૂત્ર, કડા, રુદ્રાક્ષ ચેન, બ્લેઝરના બટ્ટન, ઝુડા, કંદોરા સહિતના તમામ પ્રકારના દાગીના અલગ-અલગ પ્રકારના મળી રહે છે. આ દાગીનાઓમાં પણ જુદા-જુદા રાજઘરાના જેવાં કે રાજપુતાના, હૈદરાબાદના નિઝામી, બેંગ્લુરુના મૈસુરી, મરાઠા શૈલીના દાગીના તેમજ એન્ટિક પ્રકારના દાગીનાઓનો પણ સમાવેશ થાય છે. ■

(તસ્વીર- ઉત્સવ વૈદ્ય)



# વિશ્વમાં સૌથી ઠીંગણા તબીબ તળાજાના ડો.ગણેશ બારૈયા અને અનંત અંબાણી વચ્ચે મુલાકાત થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ડોકટરની ડિગ્રી મેળવી તબીબી સેવામાં કાર્યરત એવા તળાજાના ડો.ગણેશ બારૈયા જે વિશ્વમાં તબીબ તરીકે સૌથી ઓછું વજન અને સૌથી ઠીંગણા તબીબ તરીકે તેઓ દુનિયાના એક માત્ર ડોક્ટર હોવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. તેઓની દ્વારકા રોડ પર અનંત અંબાણી સાથે મુલાકાત થઈ હતી. અનંત અંબાણીએ ડો.ગણેશ બારૈયા સાથે સંવાદ કરી તેમની સંઘર્ષ ગાથા સાંભળી હતી.

દ્વારકાધીશના દર્શને પગપાળા જતા અનંત અંબાણીનો રસાલો પસાર થતો હતો એ જ સમયે વહેલી સવારે ડો.ગણેશ બારૈયા પોતાના શિક્ષક અને ડો.દલપત કાતરિયા સાથે પસાર થતા હતા તે સમયે મુલાકાત થઈ હતી. ડો.ગણેશ બારૈયા સાથે અનંત અંબાણીએ દસ મિનિટ વાત કરી હતી અને પ્રાથમિક ધોરણથી લઈ ડોક્ટર સુધીની સફર, સુપ્રીમ કોર્ટમાંથી મેળવેલ ન્યાયની સંઘર્ષ ગાથા સાંભળીને પ્રભાવિત થયા હતા. બંને વચ્ચેના વાર્તાલાપનું યાદગીરી માટે વીડિયો રેકોર્ડિંગ પણ અનંત અંબાણીએ કરાવ્યું હતું. તેની સાથે માતા નીતા અંબાણી સાથે વીડિયો કોલથી ડો.ગણેશ બારૈયાને વાત કરાવી હતી. ■



# જૂનાગઢ જિલ્લાના ધંધુસરની દીકરીની અદ્ભુત સિદ્ધિ

## ૫૩ સેકન્ડમાં વિશ્વના દેશોના નામ બોલી ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં નામ નોંધાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકાના ધંધુસર ગામની ચાર વર્ષની બાળકી સમીરા મુળીયાસિયાએ અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. તેણે માત્ર ૫૩ સેકન્ડમાં એ-ટુ-ઝેડ ક્રમમાં વિશ્વના દેશોના નામ બોલીને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે.

મિલનભાઈ અને મનીષાબેન મુળીયાસિયાની પુત્રી સમીરા આંગણવાડીમાં નિયમિત જાય છે. તેની માતા મનીષાબેને તેની પ્રતિભાને ઓળખી અને તેને સામાન્ય જ્ઞાન આપવાનું શરૂ કર્યું. સમીરા બે વર્ષની ઉંમરથી જ દાદીમા પાસેથી હનુમાન ચાલીસા અને ગાયત્રી મંત્ર શીખી ગઈ હતી.

સમીરા ગુજરાતી ઉપરાંત હિન્દી, અંગ્રેજી અને પોર્ટુગીઝ ભાષા પણ બોલી શકે છે. તેને સૌરમંડળ, બ્લેક હોલ અને ડાયનોસોર જેવી વૈજ્ઞાનિક માહિતીનું પણ જ્ઞાન છે. તેના દાદા-દાદી અને પિતાએ સંસ્કારનું સિંચન કર્યું છે, જ્યારે માતાએ જ્ઞાનનું સિંચન કર્યું છે.

સમીરાના પિતા મિલનભાઈએ જણાવ્યું હતું કે, તેમની દીકરીએ નાની ઉંમરે મેળવેલી આ સિદ્ધિથી પરિવાર, ગામ અને જ્ઞાતિને ગર્વ છે.

સમીરા નાનપણથી જ જિજ્ઞાસુ સ્વભાવની છે. તે રોજ સવારે યોગા કરે છે અને સંસ્કૃત શ્લોકો પણ સરળતાથી બોલી શકે છે.

સમીરાની આ સિદ્ધિ માટે તેના માતા-પિતાએ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં વીડિયો મોકલ્યો હતો. ખરાઈની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તેને આ માન્યતા મળી છે. ■

# રાજકોટમાં એક વર્ષમાં ૧૬૫ બાળમજૂરોનું રેસ્ક્યૂ

## બાળકોને છોડાવી સ્પેશિયલ હોમ ફોર બોયઝ-ગર્લ્સમાં મોકલાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં બાળમજૂરી અટકાવવા માટે લેબર વિભાગ સતત કાર્યશીલ છે ત્યારે વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૬૫ બાળકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું, જેમાં ૨૯ ચાઈલ્ડ લેબર તો બાકીના ૧૩૬ તરુણ શ્રમયોગીઓ છે. આ બાળકોનું રેસ્ક્યૂ કરી તેને સ્પેશિયલ હોમ ફોર બોયઝ અને ગર્લ્સમાં મોકલવામાં આવ્યા છે. આ વર્ષે પણ કલેકટરની અધ્યક્ષતામાં બનેલી ટાસ્ક ફોર્સ દ્વારા અલગ-અલગ જગ્યાએ રેડ પાડી બાળમજૂરી અટકાવવા માટેના પ્રયાસો કરવામાં આવશે.

રાજકોટના સરકારી લેબર ઓફિસરે જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લામાંથી વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૬૫ બાળકોને રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. જેમાં ૨૯ ચાઈલ્ડ લેબર છે કે જેઓ ૧૪ વર્ષથી નીચેની ઉંમરના છે. આ સિવાયના ૧૩૬ તરુણ શ્રમયોગીઓ છે, તેમના કામના કલાકો ફિક્સ હોય છે, જેનું પાલન કરવામાં આવતું ન હોવાથી બાળકોને રેસ્ક્યૂ કરવામાં આવ્યા હતા.

હવે આગામી સમયમાં બાળ મજુરી અટકાવી શકાય તે માટે લેબર ઓફિસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે. રાજકોટ જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં એક ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. જેમના સભ્યોને સાથે રાખી આગામી સમયમાં સંભવતઃ બાળમજૂરી કરાવવામાં આવતી હોય તેવા વિસ્તારોમાં રેડ કરવામાં આવશે એટલે કે શહેરમાં સોની બજાર તેમ જ અલગ-અલગ રેસ્ટોરન્ટની સાથે જેતપુરમાં સાડી ઉદ્યોગ સહિતની જગ્યાએ રેડ પાડી બાળમજૂરી અટકાવવામાં આવશે. ■

# ટાંગલિયા વણાટકળાના માસ્ટર વઢવાણના લવજી પરમારને ૭૦૦ વર્ષ જૂની કળાના જતન બદલ પદ્મશ્રી એવોર્ડ, આજે સન્માન સ્વીકારશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણના લવજીભાઈ પરમારને ટાંગલિયા વણાટકળાના સંરક્ષણ માટે પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે, આવતીકાલે પદ્મશ્રી સ્વીકારશે. છેલ્લા ૪૦ વર્ષથી આ કળાને જીવંત રાખવા માટે તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા છે.

ટાંગલિયાએ ૭૦૦ વર્ષ જૂની પરંપરાગત વણાટકળા છે. આ કળા ગુજરાતના ડાંગસિયા સમુદાય દ્વારા વિકસાવવામાં આવી છે. ઘેટાંના ઊનમાંથી બનતા આ વસ્ત્રો મુખ્યત્વે ભરવાડ, રબારી અને આહીર સમાજના લોકો પહેરે છે. ૨૮ જુલાઈ ૧૯૫૯ના રોજ અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકાના અણીયારી ગામમાં જન્મેલા લવજીભાઈએ વઢવાણમાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યું. પિતાની નાદુરસ્ત તબિયતના કારણે તેમણે અભ્યાસ છોડી વારસાગત વ્યવસાયમાં ઝંપલાવ્યું હતું. તેમના પિતા નાગજીભાઈને પણ ૨૦૦૧માં રાજ્ય સરકાર દ્વારા આ કળા માટે સન્માનિત કરવામાં આવ્યા હતા.

લવજીભાઈને ધોરણ ૭માં અમદાવાદના એક પ્રદર્શનની મુલાકાત દરમિયાન ટાંગલિયા કળાને વિશ્વ સ્તરે પહોંચાડવાની પ્રેરણા મળી. આજે તેમના પ્રયાસોથી આ કળાએ આંતરરાષ્ટ્રીય ઓળખ મેળવી છે. હાલમાં ગુજરાતમાં માત્ર મોજણી કરી શકાય તેટલા જ કલાકારો આ કળાને જીવંત રાખી રહ્યા છે.

લવજીભાઈના પદ્મશ્રી સન્માનથી ઝાલાવાડ સહિત સમગ્ર રાજ્ય અને કલા જગતનું ગૌરવ વધ્યું છે. આધુનિક સમયની માગ પ્રમાણે ઉત્પાદનો તૈયાર કરવામાં સરકારી તાલીમો પણ મદદરૂપ બની રહી છે. ■

# સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડમાં કેરીની આવક

## જૂનાગઢમાં મણનો ભાવ રૂ. ૩૦૫૨ બોલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સૌરાષ્ટ્રના વિવિધ માર્કેટિંગ યાર્ડમાં કેરીના આવક શરૂ થઈ ગઈ છે. કેસર કરી માટે હબ ગણાતા જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં એક મણ(૨૦ કિલો)નો ભાવ ૧૫૫૦ થી ૩૦૫૦ રૂપિયા બોલાયો હતો. ૪૪ ક્વિન્ટલ કેરીનું વેચાણ થયું હતું. હાલમાં કેરીની આવક ધીમે ધીમે શરૂ થઈ છે અને આગામી દિવસોમાં આવકમાં વધારો થવાની શક્યતા છે. જૂનાગઢ જિલ્લો કેસર કેરીનો મુખ્ય કેન્દ્ર તરીકે ઓળખાય છે. આ વર્ષે કેસર કેરીનું ફ્લાવરિંગ શરૂઆતમાં ખૂબ જ સારું હતું અને ખેડૂતોને બમણી આવક અને બમણું ઉત્પાદન થવાની આશા હતી, પરંતુ અચાનક વાતાવરણમાં ફેરફારને કારણે આંબામાં આવેલું ફ્લાવરિંગ બળી જતાં, આંબાઓમાં રહેલી ખાખડી ખરવા લાગી છે. આ પરિસ્થિતિથી ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. અમરેલી માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરી અને હાફૂસ કેરીની આવક શરૂ થઈ છે. માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીનો ભાવ ૩૦૦૦ થી ૫૫૦૦ રૂપિયા સુધી બોલાયો હતો. ■

# રાજકોટ-અમદાવાદ હાઈવેના વિસ્તરણ અને વિકાસ માટે દરગાહનું ડિમોલેશન હાથ ધરવામાં આવ્યું હતું..



(તસ્વીર-પ્રવીણ સેદાણી, રાજકોટ)

# ભુજના મેઘપરની ગૃહિણીને ભોળવીને અજાણી મહિલા તાંત્રિક ૧.૪૧ લાખના દાગીના મેળવી ફરાર

ભુજ: કચ્છના ભુજ તાલુકાના મેઘપર ગામ મધ્યે ઘરે એકલી રહેલી ગૃહિણીને ધાર્મિક વિધિના બહાને જાળમાં ફસાવીને અજાણી મહિલા તાંત્રિક ૧.૪૧ લાખના સોનાના ઘરેણાં લઈને ફરાર થઈ ગઈ હતી. માનકૂવા પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં ૩૭ વર્ષના હસ્મિતાબેન યોગેશભાઈ ભંડેરીએ જણાવ્યું હતું કે, ગત ૨૦મી માર્ચે તેઓ ઘરે હતા ત્યારે સવારે ૧૧ વાગ્યાના અરસામાં ૫૦ વર્ષની અજાણી મહિલા તેમના ઘરના આંગણે આવી હતી. આ અજ્ઞાત મહિલાએ હસ્મિતાબેનના સંતાનો અને પતિના દુઃખ દર્દ દૂર કરી દેવાની વાતોમાં ભોળવી 'હું ડોણ ગામની આઈ મા તારું દુઃખ લેવા આવી છું' કહીને તાંત્રિક વિધિ કરવાના બહાને કાળા તલ, ઝાડનાં લીલાં પાન અને સીવવાનો દોરો માંગી, તેની સાત ગાંઠ મારીને ફરિયાદીને મુઠ્ઠીમાં આપી હતી.

મહિલાએ વાળેલી મુઠ્ઠીમાં 'ચમત્કારિક' રીતે આ સાત ગાંઠ છૂટી ગઈ હતી. બાદમાં ફરિયાદી પાસે અઢી તોલા સોનાના દાગીના તથા સવા કિલો ઘી અને કાપડ પેટે ૯૦૦ રૂપિયા માંગીને રૂમાલમાં તેની પોટલી વાળી, અમાવસની રાતના ૧૨ વાગ્યા બાદ સ્મશાનમાં મૂકી આવવા અને થોડાંક દિવસ બાદ તેમાંથી સોનુ પાછું લઈ આવવા જણાવતાં ગૃહિણીએ પોતે સ્મશાને જઈ આવી વિધિ કરવાનો ઈન્કાર કરતાં અજાણી મહિલા પોતે આ વિધિ કરીને દસેક દિવસમાં દાગીના પરત આપી જશે તેમ કહી પોટલી લઈને જતી રહેલી. દસ દિવસ વીત્યાં બાદ મહિલા પરત ના આવતાં વિધિ કરવાના બહાને મહિલા પોતાના મંગળસૂત્ર અને સોનાના પાટલા મળી ૧.૪૧ લાખના ઘરેણાં લઈ જઈને છેતરપિંડી કરી ગઈ હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. ■

# વાગડ પંથકના રામવાવમાં ચામુંડા માતાજીનાં મંદિરમાંથી ૭૦ હજારની તસ્કરી: ભાવિકોમાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ચૈત્રી નવરાત્રીના ચાલી રહેલાં મહાપર્વ વચ્ચે રણપ્રદેશ કચ્છના રાપર તાલુકાના રામવાવ ખાતે આવેલા માતાજીનાં મંદિરમાંથી રૂ.૭૦,૦૦૦ના મૂલ્યના આભૂષણોની ચોરીનો બનાવ બહાર આવતાં માઇ ભક્તોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. રામવાવના વરચંદ પરિવારના ચામુંડા માતાનાં મંદિરમાં સેવા-પૂજા કરતા ભગવાનગર કેશવગર ગોસ્વામીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત ૧લી એપ્રિલના રોજ મોડી સાંજે મંદિરને તાળાં મારી પોતાના ઘરે ગયા હતા. બાદમાં વહેલી પરોઢે પરત આવતાં મંદિરના દરવાજાના નકૂચા તૂટેલી હાલતમાં જોવા મળ્યા હતા. અંદર તપાસ કરતા નિજ મંદિરમાં પ્રવેશેલા અજ્ઞાત તસ્કરોએ શ્રદ્ધાળુઓએ અર્પણ કરેલા ચાંદીનું તોરણ નંગ-૧, માતાજીની ચાંદીની નાની મૂર્તિ નંગ-૧, ચાંદીનો નાગ, ચાંદીનું મોટું છત્તર, ચાંદીના ૩૫ નાના છત્તર, ચાંદીના પાંદડાવાળો હાર, ચાંદીનો નાનો હાર, ચાંદીની રામરામી, ચાંદીનું બે મુખવાળું મુકુટ, ચાંદીનું નાનું ત્રિશૂલ, ચાંદીનો નાનો રથ, ચાંદીનું નાનું ઘોડિયું વગેરે મળીને કુલ રૂ. ૭૦,૦૦૦નાં માતાજીનાં આભૂષણોની ચોરી કરી હોવાનું વૃદ્ધ પુજારીના ધ્યાને આવ્યું હતું. પોલીસે માતાજીના મંદિર આસપાસના સીસીટીવી કેમેરા તપાસવા, શકમંદોની પૂછપરછ સહિતની તપાસ હાથ ધરી છે. ■

# દારૂબંધીના દાવાની પોલંપોલ

## અમદાવાદમાં દરરોજ નવ લોકો ડ્રિંક એન્ડ ડ્રાઈવમાં ઝડપાય છે

અમદાવાદ: ગુજરાતની ઓળખ ડ્રાય સ્ટેટ તરીકેની છે. પરંતુ અમદાવાદમાં દારૂ પીધેલા વાહન ચાલકોની સંખ્યાએ કડક દારૂબંધીના દાવાની પોલ ઉઘાડી નાખી છે. તાજેતરમાં નશાની હાલતમાં વાહનચાલકોએ અકસ્માત સર્જ્યો હોવાના અનેક કિસ્સા સામે આવ્યા હતા. ૨૦૨૫ ના પ્રથમ ૫૯ દિવસમાં અમદાવાદ પોલીસે ડ્રિન્ક એન્ડ ડ્રાઈવ કેસમાં ૫૮૦ લોકોની ધરપકડ કરી હતી. અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસે રોજના સરેરાશ નવ વાહનચાલકોને પીધેલી હાલતમાં ઝડપ્યા હતા. ૨૦૨૪માં ૨૦૮૧ લોકો ડ્રિન્ક એન્ડ ડ્રાઈવમાં પકડાયા હતા.

દારૂ પીધેલા વાહન ચલાવનારા કોઈપણ વ્યક્તિની ઓળખ પોલીસ પોર્ટલ પર જાહેર કરવામાં આવશે અને તેમનું ડ્રાઇવિંગ લાઇસન્સ કાયમી ધોરણે રદ કરવામાં આવશે તેમ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. ૨૦૨૪ના ટ્રાફિક વિભાગના આંકડા પ્રમાણે, મોટર વાહન અધિનિયમની કલમ ૧૮૫ હેઠળ ૨,૦૮૧ દારૂ પીધેલા વાહન ચાલકો સામે ગુનો નોંધાયો હતો, દરરોજ સરેરાશ પાંચ કેસ નોંધાયો હતો.

દારૂ પીને વાહન ચલાવવા બદલ છ મહિનાની જેલ અને રૂ. ૨૦૦૦ દંડની સજા છે. ૨૦૨૫ના પહેલા બે મહિનામાં, દારૂ પીને વાહન ચલાવનારાઓની સંખ્યા ૫૮૦ સુધી પહોંચી ગઈ હતી. શહેરમાંથી રોજના સરેરાશ ૯ લોક દારૂ પીને વાહન ચલાવતા ઝડપાયા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે, અમે આવા વાહન ચલાવનારાઓના વાહનો માત્ર જપ્ત કરતા નથી, પરંતુ તેમની ધરપકડ પણ કરીએ છીએ. તેઓ ફક્ત કોર્ટમાંથી જ જામીન મેળવી શકે છે. વાહન પાછું મેળવવા માટે આરટીઓને દંડ ભરવો પડે છે. અમે આવા આરોપીઓના ડ્રાઇવિંગ લાઇસન્સનો અહેવાલ આરટીઓને પણ આપીએ છીએ અને જ્યારે તેમની સામે કેસ સાબિત થાય છે ત્યારે તેમના લાઇસન્સ રદ કરવામાં આવે છે. ■

# ભાવનગરના મહુવામાંથી નવજાત શિશુ મળી આવ્યું

ભાવનગર: જિલ્લાના મહુવામાં બંદર રોડ પર આવેલા સ્પર્ષણ પાછળના ભાગે જાહેર માર્ગ પરથી બાળકને પ્લાસ્ટિકની કોથળીમાં વીંટાળીને ફેંકી દેવાતા મૂર્ત હાલતમાં નવજાત શિશુ મળી આવ્યું હતું. રાહદારીઓની નજર પડતાં આ અંગે તરત જ પોલીસને જાણ કરવામાં આવી હતી. બનાવની જાણ થતાં પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી મૃત બાળકનો કબજો લઈ મહુવા સરકારી હોસ્પિટલે પી.એમ માટે ખસેડવામાં આવેલ અને આ મામલે તપાસ હાથ ધરી બાળકના ત્યજી દેનાર જનેતાની શોધખોળ હાથ ધરવામાં આવી છે. ■